Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આત્માનંદ પ્રકાશ

: પ્રકાશક :

શ્રી જૈન આત્માનંદ સભા

ભાવનગર.

પુસ્તક : ૬૨ પર્યુષણ ખાસ અંક શ્રાવણ-ભાદરવો

અંક : ૧૦-૧૧ વીર સં. ૨૪૯૧, આત્મ સં. ૬૯ વિ. સં. ૨૦૨૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આપણું ભાગ્ય આપણા વિચારોની સાથે બદલાય છે. આપણે જે બનવા ઇચ્છીશું તે જ બનીશું. આપણી ઇચ્છા સાથે આપણા વિચારોનો મેળ ખાય તો આપણે જે ઇચ્છતા હોઈએ, તે જ કરીએ.

—સ્વીટ માર્ડન

ગ્રામ : "Jahangir"

ફોન નં. મીલ : ૨૯૦
બંગલો : ૩૨૮

ધી ન્યુ જહાંગીર વકીલ મીલ્સ કું. લી.

મેનેજીંગ એજન્ટસ
મંગળદાસ જેસીંગભાઈ સન્સ પ્રા. લી.

પોસ્ટ બોકસ નં. ૨
ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ સભાના માનવંતા નવા પેટ્રન

# શેઠશ્રી અમૃતલાલ ડાયાભાઇ

### (અમદાવાદવાળા)

શેઠશ્રી અમૃતલાલભાઈનો જન્મ સં. ૧૯૬૭ ના ભાદરવા વદિ ત્રીજના રોજ આણુશેડમાં જૈન કુટુંબમાં થયો હતો. પિતાશ્રી ડાહ્યાભાઇ મહોકમચંદની સ્થિતિ તે વખતે સામાન્ય પ્રકારની હતી. માતુશ્રી મંગુબેન ધાર્મિકવૃત્તિના હતા તેમણે વીશ સ્થાનકની ઓળી વર્ષીતપ વગેરે કર્યાં હતાં. નાની ઉંમરમાં જ પિતાશ્રીનો સ્વર્ગવાસ થતાં શ્રી અમૃતલાલભાઇ દાદાશ્રીની છત્રછાયા નીચે મોટા થયા હતા અને તેમની તરફથી સારો એવો ધાર્મિક સંસ્કારોનો વારસો મેળવવા ભાગ્યશાળી થયા હતા. તેમણે પંચપ્રતિક્રમણ તથા પ્રકરણો સુધીનો ધાર્મિક અભ્યાસ કર્યો હતો.

સ્થિતિ સામાન્ય હોવાથી પાંચ અંગ્રેજી સુધીનો અભ્યાસ કરીને નાની ઉંમરમાં જ તેમણે ધંધામાં ઝંપલાવ્યું અને પુરુષાર્થથી આપબળે આગળ વધી વ્યાપારી ક્ષેત્રમાં પ્રગતિ સાધી. આજે તેઓ નોબેલ ટ્રેડીંગ કંપનીના ભાગીદાર છે.

સામાજિક ક્ષેત્રે પણ તેઓ પોતાનો ફાળો આપી રહ્યા છે. ગીફ્ટ ગર્લ્સ એસોસીએશનના પ્રમુખ તથા પ્રિન્સેસ સ્ટ્રીટ-લુહારચાલ જૈન સંઘના પ્રમુખ તરીકે પોતાની સેવાઓ આપી રહ્યા છે. તેઓ તથા તેમનાં ધર્મપત્ની શ્રીમતી મહાલક્ષ્મીબેન બંને ધાર્મિક વૃત્તિના અને સરળ સ્વભાવી છે. તેમણે દાનવૃત્તિ પણ કેળવી છે; યથાશક્તિ શુભ કાર્યોમાં ધનનો સદ્વ્યય કરતા રહ્યા છે. તેમજ પૂ. સ્વ. શ્રી સિદ્ધિસૂરીશ્વરજીદાદાનું અમદાવાદમાં પોતાને ત્યાં ચાતુર્માસ બદલાવ્યું હતું અને ઉત્તમ પ્રકારનો લાભ લીધો હતો. તેમણે કેસરીઆજી, સમેતશિખર, ગિરનાર આબુ, રાણકપર, સિદ્ધાગિરિ વગેરે તીર્થોની યાત્રાઓ કરી છે.

નવા યુગને અનુકુળ દૃષ્ટિ પણ તેમણે કેળવી છે. મોટા પુત્ર ભરતભાઈ બી. કોમ એલએલ. બી. છે. બીજા પુત્રોને પણ સારી રીતે કેળવણી આપેલી છે.

આવા એક કાર્યકુશળ અને ધર્મપ્રેમી ગૃહસ્થનો આ સભા પેટ્રન તરીકે સાથ મેળવી શકી છે તે બદલ પોતાનો આનંદ વ્યક્ત કરે છે તથા સાથ આપવા બદલ તેઓશ્રીનો આભાર માને છે. તેઓશ્રી દીર્ઘાયુષી રહે અને સભાએ ઉપાડેલ જૈન સાહિત્ય તથા સંસ્કારના પ્રચારના કાર્યમાં તેઓશ્રીનો સાથ વધુ અને વધુ મળતો રહે તેમ આ સભા ઇચ્છે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર

## ખાસ અગત્યની વિનંતી

આ સભા તરફથી આજસુધીમાં માગધી, સંસ્કૃત, ગુજરાતી, ઈંગ્લીશ તથા હિન્દી ભાષામાં લગભગ બસો પુસ્તકો પ્રગટ કરવામાં આવ્યાં છે. તેમાંથી મોટા ભાગના ગ્રંથો આજે સ્ટોકમાં નથી, માત્ર સાઠથી પણ ઓછા ગ્રંથો સ્ટોકમાં છે અને તેમાં પણ કેટલાક ગ્રંથોની તો બહુ જ થોડી નકલો સ્ટોકમાં છે. હાલ જે ગ્રંથો સ્ટોકમાં છે તેમાંના સંસ્કૃત વિભાગની અગત્યની યાદી નીચે આપવામાં આવેલ છે. આ પ્રકાશનો ખૂબ જ ઉપયોગી અને તરત વસાવી લેવાં જેવાં છે. તો જેઓએ તે વસાવેલ ન હોય, તે પોતાના જ્ઞાન–ભંડારમાં તરત વસાવી લ્યે તેવી અમારી ખાસ વિનંતી છે. નીચે દર્શાવેલ કીંમતે ગ્રંથ સ્ટોકમાં હશે ત્યાં સુધી આપવામાં આવશે અને ખાસ સગવડ તરીકે તેમાં સાડાબાર ટકા કમિશન કાપી આપવામાં આવશે.

૧ वसुदेव हिन्डी : (દ્વિતીય અંશ) ૧૦–૦૦

૨ आ. देवेन्द्रसूरिकृत टीकायुक्त कर्मग्रंथ ભા. રજો (પાંચ અને છ) ૬–૦૦

૩ जैनमेघदूत ૨–૦૦

૪ प्रकरण संग्रह (પ્રતાકારે) (જેમાં સિંદુર પ્રકરણ મૂળ, તત્ત્વાર્થાધિગમ સૂત્ર મૂળ, ગુણસ્થાનક્રમારોહ મૂળ છે.) ૦–૫૦

૫ त्रिषष्ठी पर्व भा. ૧લો. (મૂળ સંસ્કૃત) ૬–૦૦

૬ " भा. ૨જો ( " ) ૮–૦૦

૭ " (પ્રતાકારે) ૧૦–૦૦

आ. श्री विजयदर्शनसूरिकृत टीकायुक्त

૮ सम्मतितर्कमहार्णवतारिका........ ૧૫–૦૦

૯ तत्त्वार्थाधिगमसूत्रम्............. ૧૫–૦૦

**લખો :—શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર :**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શાપરીઆ

બનાવનારા

બારજીસ
લાઇફ બોટસ
ટગ્ઝ
ડ્રેજર્સ
પેસેન્જર વેસલ્સ
પોન્ટૂન્સ
મૂરીંગ બોયઝ
બોયન્ટ એપરેટસ વિગેરે

શીપ બીલ્ડર્સ અને એન્જીનીઅર્સ

બનાવનારા

રોલીંગ શટર્સ
ફાયર પ્રૂફ ડોર્સ
રોડ રોલર્સ
વ્હીલ બેરોઝ
રેફ્યુઝ હેન્ડ કાર્ટસ
પેલ ફેન્સીંગ
લેડ-ચુલાઇટ (લેડવુલ)
મેગ્નેટીક સેપરેટર્સ વિગેરે

## શાપરીઆ ડોક એન્ડ સ્ટીલ કું પ્રા. લી.

ચેરમેન : શ્રી માણેકલાલ ચુનીલાલ શાહ
મેનેજીંગ ડીરેકટર્સ : શ્રી મોહનલાલ ભાણજી શાપરીઆ
શ્રી અમૃતલાલ ભાણજી શાપરીઆ

રજીસ્ટર્ડ ઓફીસ અને શીપયાર્ડ
શીવરી ફોર્ટ રોડ,
મુંબઇ નં. ૧૫ (ડીડી)
ફોન નં. ૬૦૦૭૧/૨
ગ્રામ : "શાપરીઆ" શીવરી, મુંબઇ

એન્જીનીઅરીંગ વર્કસ અને ઓફીસ
પરેલ રોડ, ક્રોસ લેન
મુંબઇ નં. ૧૨ (ડીડી)
ફોન નં. ૪૦૪૦૮
ગ્રામ : "શાપરીઆ" પરેલ, મુંબઇ


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શેઠશ્રી ચંપકલાલ કરશનદાસ મહેતા

જ્યાં વીતરાગ પ્રભુએ પ્રરૂપેલ ધર્મના આગમોને યુગપ્રભાવક ક્ષમાશ્રમણ દેવર્ધિગણિએ પુસ્તકારૂઢ કર્યા હતા અને જે એક વખત જૈનધર્મના તીર્થધામ સમું હતું તે સૌરાષ્ટ્રના ઐતિહાસિક શહેર વલભીપુર (વળા)માં શ્રી ચંપકલાલભાઈનો જન્મ મહેતા કરશનદાસ ગુલાબચંદને ત્યાં સં. ૧૯૬૯ના માગશર શુદિ તેરસ તા. ૨૨–૧૨–૧૯૧૨ના રોજ થયો હતો.

વળામાં વિદ્યાભ્યાસ પૂરો કરી બાવીસ વર્ષની ઉંમરે સં. ૧૯૯૨ માં તેમણે ભાવનગરમાં આવી સ્વતંત્ર ધંધો શરૂ કર્યો. દશ વર્ષ સુધી ભાવનગરમાં રહ્યા બાદ પોતાની આર્થિક સ્થિતિના વિશેષ વિકાસ અર્થે સં. ૨૦૦૩માં ઓરિસામાં કટક શહેરમાં ગયા અને ત્યાં સોનાચાંદીની વસ્તુઓના વેપારમાં જોડાયા આજે તેઓ ચાંદીના તારમાંથી બનતી વસ્તુઓની એક પ્રખ્યાત દુકાન ચલાવે છે

સમાજ અને ધર્મની સેવાના સંસ્કારો તેમનામાં નાનપણથીજ ભર્યા છે. ધંધાની ખીલવણીની સાથેસાથે પહેલેથી જ સામાજિક અને ધાર્મિક કાર્યોમાં તેઓ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લેતા આવ્યા છે અને તન, મન, ધનથી પોતાનો ફાળો આપતા આવ્યા છે કટકમાં તેઓ શ્રીજૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘના મંત્રી તરીકે અત્યારે ત્યાંના સંઘની સુંદર સેવા બજાવી રહ્યા છે.

ધંધામાં મેળવેલી લક્ષ્મીનો સદુપયોગ તેઓ કરતા રહ્યા છે. પોતાની જન્મભૂમિ વલભીપુર તરફ તેઓ સારો અનુરાગ ધરાવે છે વલભીપુરમાં જીનદાસ ધરમદાસના દેરાસરમાં ભગવાનની પ્રતિષ્ઠા પ્રસંગે ગુરુસ્થાપના, સ્વામી વાત્સલ્ય વગેરે પ્રસંગોમાં તેમણે રૂ. સાડાચાર હજાર ઉપરાંત ખરચ્યા હતા; વળી જૈન બોર્ડિંગ, પાઠશાળા, ઉપાશ્રય વગેરેમાં પણ રૂ. બેહજાર ઉપરાંતની રકમનો ફાળો આપ્યો છે. કટકમાં પણ જૈનદેરાસરજીના મકાનના ફાળામાં પોતાની કંપની તરફથી રૂ. દશહજારનું દાન કર્યું હતું તે ઉપરાંત ગૌશાળા, ગુજરાતી નિશાળ વગેરે સંસ્થાઓમાં પણ ચાલુદાન આપ્યા કરે છે.

તેમનાં લગ્ન સં. ૧૯૮૬માં અમરેલી નિવાસી શેઠ બાવચંદ મંગળજીના સુપુત્રી શ્રીમતી શાંતાબેન સાથે થયા હતા. શ્રીમતી શાંતાબેન પણ ધર્મપરાયણ છે અને શ્રી ચંપકલાલ શેઠના દરેક ધાર્મિક તથા સામાજિક સેવાના કાર્યમાં સારો સહકાર આપી રહ્યા છે.

આ સભાના પેટ્રન થઈ શ્રી ચંપકલાલ શેઠે જૈન સાહિત્યના પ્રકાશનના અમારા કાર્યમાં જે રસ દાખવ્યો છે તે માટે અમે તેમનો આભાર માનીએ છીએ. તેઓશ્રી ઉત્તરોત્તર વિકાસ સાધતા રહે અને પોતાની લક્ષ્મીનો સમાજના કલ્યાણમાં અને ધર્મના ઉત્કર્ષમાં વિશેષ અને વિશેષ સદુપયોગ કરતા રહે તેવી શુભેચ્છાઓ પાઠવીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


આ સભાના માનવંતા નવા પેટ્રન



શેઠ શ્રી ચંપકલાલ કરશનદાસ મહેતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




વર્ષ : ૬૨ મું ] તા. ૧૦ ઓગષ્ટ ૧૯૬૫ [ અંક ૧૦-૧૧

# જિનવાણી

दुमपत्तए पंडुयए जहा
निवडइ राइगणाण अच्चए ।
एवं मणुयाण जीवियं
समयं गोयम मा पमायए ॥

રાત્રીઓ વીતતાં જેમ વૃક્ષોનાં પાકાં, પીળાં થઇ ગયેલાં, પાંદડાં આપોઆપ ખરી પડે છે, તેમજ મનુષ્યોનું જીવન ગમે ત્યારે ખરી પડનારૂં છે. માટે હે ગૌતમ! એક ક્ષણ માટે પણ પ્રમાદ ન કર.

कुसग्गे जह ओसबिन्दुए
थोवं चिट्ठइ लम्बमाणए ।
एवं मणुयाण जीवियं
समयं गोयम मा पमायए ॥

ડાભની અણી ઉપર ઝાકળનું ટીપું પડવાની તૈયારીમાં હોય એમ લટકતું રહે છે એ જ પ્રકારે મનુષ્યોનું જીવન પણ ગમે ત્યારે ખરી પડનારૂં છે. માટે હે ગૌતમ! એક ક્ષણ માટે પણ પ્રમાદ ન કર.

इइ इत्तरियम्मि आउए
जीवियए बहुपच्चवायए ।
विहुणाहि रयं पुरेकडं
समयं गोयम मा पमायए ॥

આ પ્રમાણે આયુષ્ય ક્ષણભંગુર છે, જીવન વિઘ્નોથી ભરેલું છે માટે આગલા સંચિત થયેલા કુસંસ્કારોની રજને-મેલને ખંખેરી નાંખવાનો પ્રયત્ન કર. હે ગૌતમ! એક ક્ષણ માટે પણ પ્રમાદ ન કર.

दुल्लहे खलु माणुसे भवे
चिरकालेण वि सव्वपाणिणं ।
गाढा य विवाग कम्मुणो
समयं गोयम मा पमायए ॥

તમામ પ્રાણીઓને માટે લાંબા કાળ સુધી પણ મનુષ્યનો જન્મ મળવો ખરેખર દુર્લભ છે. મેળવેલા કુસંસ્કારોનાં પરિણામો ય ઘણા ભયંકર આવે છે. માટે હે ગૌતમ! એક ક્ષણ માટે પણ પ્રમાદ ન કર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ક્ષમા

લે. કાકા કાલેલકર

મહાભારતકારે જ્યારે સત્યના તેર પ્રકારો ગણાવ્યા ત્યારે એમને સત્યભગવાનનો અથવા સત્ય-નારાયણનો કેવો સાક્ષાત્કાર થયો હશે ?

સત્યનો સમતા સાથેનો સંબંધ સાવ સ્પષ્ટ છે. નિગ્રહ અને મત્સરનો અભાવ અથવા મુદિતાનો પણ સત્ય સાથે સારી પેઠે મેળ ખાય છે. પરંતુ સત્ય અને ક્ષમા વચ્ચે સંબંધ જ શું ?

સત્ય સાથે આપણે હંમેશાં ન્યાયનીતિને જોડી દઇએ છીએ. આપણે કહીએ છીએ કે સત્ય કઠોર હોય છે, ક્ષમાને એ જાણતું નથી. દુર્વાસા મુનિ જ્યારે અંબરીષ રાજા ઉપર કોપાયમાન થયા, ત્યારે સત્ય અને તપસ્નું મહત્ત્વ દાખવતા એમણે કહ્યું હતું કે :

**" नाहं दयालुहृदयः न च माम् भजते क्षमा।**
**अक्षान्तिसारसर्वस्वं दुर्वासमवेहि माम् ॥**

હું દયાળુહૃદય નથી. ક્ષમા મારી પાસે આવે જ નહીં. અક્ષમા જ જેના જીવનનું સારસર્વસ્વ છે એવા મને–દુર્વાસાને ઓળખો."

સત્યનિષ્ઠને આપણે હંમેશાં કઠોર, ન્યાયનિષ્ઠ અને તપોનિષ્ઠ જ માનીએ છીએ. તેના હાથમાં સમાનતાનું ત્રાજવું અને ન્યાયની તલવાર હોય છે. પરંતુ મહા-ભારતકારે તો ક્ષમાને સત્યની એક પારમિતાજ બતાવી છે. એનું મહત્ત્વ આપણે સમજી લઈએ.

મહાભારતકારનું સત્ય એ જીવનનું સત્ય છે. એમણે વારંવાર કહ્યું છે :

**यद् भूतहितं अत्यंतम् तत् सत्यं इति नः श्रुतम्**

જે વસ્તુ સમસ્ત પ્રાણીઓના કાયમી હિતની છે તે જ સત્ય છે એવું આપણે સાંભળ્યું છે. આથી પ્રાણીઓના ઉત્કર્ષ માટે જે પરમ આવશ્યક છે એ જ આપણે મન તો સત્ય છે. મહાભારતકાર દલીલ પણ કરે છે :

**स्खलितः स्खलितः वध्यः इति चेत् निश्चितम् भवेत्।**
**द्वित्रा यद्येव शिष्येरन् बहुदोषा हि मानवाः ॥**

'જેમણે જેમણે ભૂલ કરી, જે કોઈનું પણ સ્ખલન થયું એનો વધ કરવો જોઇએ' એવો જો નિશ્ચય કરવામાં આવે, નિયમ ઘડવામાં આવે તો કદાચ બે ત્રણ માણસો જ બચી શકે. મનુષ્યમાં અનેકાનેક દોષો હોય છે. આથી પ્રાણીમાત્રના કલ્યાણ માટે ક્ષમા અત્યંત જરૂરી છે.

બીજી દૃષ્ટિએ જોવું પણ જરૂરી છે. જ્યારે કોઇનો કોઈ દોષ આપણે જોઇએ છીએ ત્યારે તેના પર ચીઢાઈ જઈએ છીએ. એનામાં રહેલા સારામાં સારા તત્ત્વને આપણે ભૂલી જઇએ છીએ. પરિણામે એનો ન્યાય કરવાનો અધિકાર આપણે ખોઈ બેસીએ છીએ. ન્યાય કરવાનો અધિકાર જ જે ગુમાવી બેઠો છે, તે ન્યાય કેવી રીતે કરશે ? એટલે જ કહેવાયું છે કે જ્યારે આપણે કોઈનો દોષ જોઈએ ત્યારે તેના સારા ગુણો પણ તરત આપણે ધ્યાનમાં લેવા જોઇએ, જેથી ગુણદોષનો હિસાબ એક સાથે થાય અને દોષિત માણસનું સાચું ચિત્ર આપણી સમક્ષ ઉપસ્થિત થાય.

સૌના બધા ગુણો એક સાથે ધ્યાનમાં આવતા નથી. આથી આપણે ક્ષમાવૃત્તિ ધારણ કરીએ જેથી આપણા હાથે કોઇને અન્યાય ન થાય. વ્યાસજી કહે છે, 'કઠોર ન્યાય, ન્યાય જ નથી હોતો' ન્યાયનું પહેલું

( અનુસંધાન પાના ૧૭૮ ઉપર )



For Private And Personal Use Only

# સાચી ક્ષમા

**લેખક : (સ્વ) આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ**

ક્ષમા આત્માનો વિકાસ છે અને તે ક્રોધના (દ્વેષના) અભાવસ્વરૂપ છે. ક્ષમા દયાનું અંગ છે અને તે દયાળુઓમાં અવશ્ય રહેલી હોય છે. ક્ષમા અહિંસાની જનની છે અને તે હિંસાઓથી વિરક્ત આત્માઓને વરેલી છે. પાપકર્મના ઉદયથી પ્રતિકૂળ સંયોગોને અવ્યાકુળપણે સહન કરવા તે ક્ષમા. શ્રી મહાવીર પ્રભુનો એક જ ઉદ્દેશ અને એક જ ઉપદેશ: **સહન કરતાં શીખો.** શ્રી મહાવીર પ્રભુનો સાચો ભક્ત ક્ષમા ન વિસારે. અહિંસાનો પરમ ઉપાસક ક્ષમાનો આશ્રિત બને. કર્મની નિર્જરાથી વિકાસ મેળવનારના યશોગાન સાંભળીને તથા પૂજા અને બહુમાન જોઇને અમર્ષ ન કરે તે ક્ષમાધારી. પુન્ય કર્મના ઉદયથી વિલાસના સાધન તથા દુનિયામાં માન, પ્રતિષ્ઠા અને મોટાઈ મેળવનારનું મનથી પણ અપમાન ન કરે તે ક્ષમાધારી. મોહના દાસત્વમાંથી મુક્તિ અપાવનારી ક્ષમા જ છે. પ્રભુએ ક્ષમાનો આદર કરી સ્વતંત્રતા મેળવી અને અનંત જ્ઞાન, અનંત જીવન, અનંત સુખ આદિ આત્મસ્વરૂપના અનન્ય ભોક્તા બન્યા અને અન્ય જીવોને પોતાના સર્વ સિદ્ધાંતોનું રહસ્ય ક્ષમા બતાવી. અપરાધીને ક્ષમા માગવાની આવશ્યક્તા છે. સ્વરૂપરમણતા તે ક્ષમા. પરરૂપરમણતા તે અપરાધ. સ્વરૂપમાં રમનાર કદી પણ અપરાધી બની શકતો નથી. મોહનો સેવક કદી પણ સ્વરૂપમાં રહી શકતો જ નથી અને પરરૂપમાં રમ્યા વગર મોહની સેવા થઇ શકતી જ નથી. જડ તથા જડના વિકારોને ભોગવવાની અભિલાષા તે જ પરરૂપરમણતા. કિંમતી આભૂષણ અને વસ્ત્રથી દેહને શણગારવો, સારાં સારાં ખાનપાન દેહને અર્પણ કરવાં, બાગ, બંગલા, સ્ત્રી આદિનો ઉપભોગ કરવો વગેરે વગેરે મોહની સેવા અનેક પ્રકારે આત્માઓ કરી રહ્યા છે.

જ્યાં સુધી વિરક્ત ભાવ નથી ત્યાં સુધી સાચી ક્ષમા-યાચના નથી. ક્ષમા સમભાવનું નામાંતર છે; સમ્યક્ત્વની સાચી વ્યાખ્યા છે. વિષમભાવ ક્ષમાનો પૂર્ણ વિરોધી છે. રાગ તથા દ્વેષનું સમપણું ન થાય ત્યાં સુધી આત્મા ક્ષમા આપી શકતો નથી તેમજ ક્ષમા માગવાનો પણ અધિકાર નથી. ભૂલથી થયેલા અપરાધની ક્ષમા માગી શકાય, પણ પાંચે ઇંદ્રિયોના દાસ બનીને તેની સેવાને માટે જીવવું બધા ય જીવોને ગમે છે, મરવું કોઇને પણ પ્રિય નથી, એમ જાણવા છતાં અનેક જીવોને જીવન રહિત બનાવીને પછી તેમની પાસે ક્ષમા માગવી એ તે કેવા પ્રકારની ક્ષમા-યાચના કહેવાય? તે કાંઇ સમજાતું નથી. વિષયાસક્તિ છોડવી નથી અને તેના અંગે જીવોનો સંહાર વધુને વધુ પ્રમાણમાં નિરંતર કરી અપરાધી. બન્યે જવું છે અને પછી ચોરાશી લાખ જીવયોનિ પાસે ક્ષમા માગવી છે. તે જીવો ક્ષમા કેવી રીતે આપી શકે? આપણા ક્ષુદ્ર સ્વાર્થ માટે જો એક વખત બીજા જીવોના પ્રાણોનો નાશ કરી, માફી માગી ફરી તેઓના પ્રાણોનો નાશ ન કરીએ તો સાચી ક્ષમા માગી કહેવાય. અને તે ક્ષમા પણ આપી શકે; પણ વારંવાર તેમના પ્રાણોનો નાશ કરી વારંવાર માફી માગીએ તો, તે જીવો માફી ન આપી શકે. ખરી રીતે તો આપણે પોતાના આત્માની ક્ષમા માગવી જોઇએ; કારણ કે આપણે મોહની આજ્ઞા માથે ધરીને, આત્માને અનેક વખત મારી, અપરાધી થયા છીએ; તો હવે આત્માની પાસે કરેલા અપરાધોની માફી માગી આગળના માટે મોહની સેવા છોડી દઇને આત્માને અનેક મૃત્યુમાંથી બચાવવો અને જડ તથા જડના વિકારોથી વિરક્ત બનીને આત્માને દુર્ગતિના દુ:ખોમાંથી ઉગારવો. ચોરાશી લાખ યોનિમાં ઉત્પન્ન થયેલ જીવોની પાસે આપણે જે માફી માગીએ છીએ તે માફી આપતાં પહેલાં તે જીવો

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આપણી પાસે ફરીને ન મારવાની પ્રતિજ્ઞા કરાવે છે. આપણે જો ફરીને જીવોને મારીશું નહિ, તો જ તેઓ આપણને માફી આપશે. આ પરિસ્થિતિને લઇને જ શ્રી વીરપ્રભુ તથા અન્ય મહાપુરુષોએ સર્વ જીવો પાસે પોતાના અપરાધોની માફી માગી વિષયાસક્તિપણાથી વિરક્ત બની ફરી તે જીવોને ન મારવાની પ્રતિજ્ઞા કરી અને સ્વરૂપરમણતારૂપ ક્ષમા ગુણ પ્રગટ કર્યો.

હાલમાં ચાલતી ક્ષમા માગવાની પ્રથામાં પણ ભાવીમાં અપરાધી ન બનવાની કાળજી રાખીને જો ક્ષમા માગવામાં આવે તો પણ કંઇક અંશે ઠીક કહેવાય. મનુષ્યો પાસે શુદ્ધ અંતઃકરણથી ક્ષમા માગવી અને આપવી. બાકીના સંસારવાસી જીવોને શુદ્ધ ભાવથી માફી આપવી અને માગવી. આપણે સર્વ જીવોને માફી આપીને વૈર-વિરોધથી રહિત થઇ જવું. બીજા જીવો આપે તો બહુ સારું અને ન આપે તો તેઓ અપરાધી કહી શકાય. માફી આપવામાં આપણે સ્વતંત્ર છીએ તો પણ લેવામાં નથી; માટે આપણે પોતાના તરફથી સર્વ જીવોને માફી આપી જ દેવી.

( પાના ૧૭૬ થી ચાલુ )

લક્ષણ છે સર્વનું કલ્યાણ. ક્ષમા જ એનો પાયો થઈ શકે. કઠોર ન્યાય, ઉગ્ર ન્યાય ક્યારે ય શીતળ નથી હોતો, દાહક હોય છે એટલા માટે આવા ન્યાયને ક્ષમાથી શાંત કરવો જરૂરી છે. સત્ય અથવા ન્યાયનું જીવનનિષ્ઠ હોવું, કલ્યાણકારી હોવું, સર્વોદયકારી હોવું જરૂરી છે.

[ ' સમર્પણ 'માંથી સાભાર

તમારૂં જીવન ગમે તેટલું સાદું હોય તો પણ તમારે ચાવીઓની જંજાળ વેંઢારવી જ પડે છે. અરે એટલે સુધી કે કોઇ માણસ એકાદ બોર્ડીંગની એક જ ઓરડીમાં રહેતો હોય અને તેની પાસેના સામાનમાં માત્ર એકાદ સૂટકેસ જ હોય તો પણ તેને ઓરડીની અને સૂટ-કેસની ચાવી તો રાખવી જ પડે છે.

ચાવીઓ સભ્યતા-સંસ્કારિતાનો માપદંડ છે. તમારા ઝુડાની પ્રત્યેક ચાવી તમારી મુશ્કેલીની પારાશીશી છે. તે જવાબદારીનું પ્રતિનિધિત્વ કરે છે; તમને જેની રક્ષણ કરવાની ચિંતા છે એવી અમુક વસ્તુના તાળાને તે બંધબેસતી થાય છે.

જે કોઈ વસ્તુ તમને તાળામાં મૂકવાની ફરજ પડે છે એનો અર્થ એ કે તમારા માટે વધુ એક ચિંતા.

કોઇપણ જગ્યાએથી સો માણસોની પસંદગી કરો; તેમના ચહેરાપરની ચિંતાની રેખાઓનો અભ્યાસ કરો અને પછી તેમની પાસે કેટલી ચાવીઓ છે તે ગણો. અને પછી તમે એ જોશો કે સૌથી વધુ ચાવીઓ રાખનારનો ચહેરો સૌથી વધુ ચિંતાતુર હશે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री पर्वाधिराज ! पधारो-पधारो !

## "अम आंगणां ऊजाळो" ! !

દોહરો

મંગળકારી નામ છે, મંગળમય સહુ કાજ;
પધારશો અમ આંગણે, पर्वतणा अधिराज

હરિગીત છંદ

આજે શુકન શુભ થાય છે, ધાર્મિક ધ્વનિ સંભળાય છે.
પુણ્યે પ્રકાશક પુનિત પગલાં, શ્રવણગોચર થાય છે;
અભિવૃદ્ધિ કરીને ધર્મની, ભવસાગરેથી તારશો,
અમ આંગણે દિન અષ્ટ, શ્રી पर्वाधिराज પધારશો. ૧
ખીલે સમસ્ત વનસ્પતિ, ઋતુરાજનાં દર્શન થતાં,
ફળ ફૂલ સૌરભવંત પૂર્ણ પ્રફુલ્લ દિલ સોહાવતાં;
માંગલ્ય એ મધુ માસ સમ, પ્રાગલ્ભ્ય પૂર્ણ પ્રસારશો,
અમ આંગણે દિન અષ્ટ, શ્રી पर्वाधिराज પધારશો. ૨
દર વર્ષ ધર્મોત્કર્ષ થાવા, દિવ્ય દર્શન આપનાં,
લેખાં ગણાએ માનવીનાં, પુણ્ય ને વળી પાપનાં;
સંહાર કરી સા પાપનો, રુડાં હૃદય વિકસાવશો,
અમ આંગણે દિન અષ્ટ, શ્રી पर्वाधिराज પધારશો. ૩
શ્રી જૈન શાસનની ક્રિયા, તાજી કરો છો આવીને,
ભૂલ્યા ચૂકયાને ભાન આપો છો, સુમાર્ગ બતાવીને;
શાસ્ત્રો શ્રવણ ને વ્રત નિયમ સૌ હૃદયમાં પ્રગટાવશો,
અમ આંગણે દિન અષ્ટ, શ્રી पर्वाधिराज પધારશો. ૪
સન્માન કરવા આપનું, શ્રી જૈન શાસન સજ્જ છે,
કલ્યાણ કરવા સર્વનું, શ્રી ધર્મસ્થંભ જ ધજ્જ છે;
આંતર-ઉલટના પ્રેમપુષ્પો આજ આપ સ્વીકારશો,
અમ આંગણે દિન અષ્ટ, શ્રી पर्वाधिराज પધારશો. ૫
આઠે દિવસ આનંદના ધર્મોત્સવોમાં ગાળીશું!
સત્શાસ્ત્રનાં વ્યાખ્યાન, સાધુ-સંતને નિહાળીશું!
લ્હાવો અમૌલિક આપવા, આ પ્રાર્થના સ્વીકારશો,
અમ આંગણે દિન અષ્ટ, શ્રી पर्वाधिराज પધારશો. ૬

કવિ રેવાશંકર વાલજી બધેકા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંવત્સરી

લેખક : **શ્રી ઉપેન્દ્રરાય જ. સાંડેસરા**

ધાર્મિક પર્વો અને ઉત્સવો અનેક કારણોથી ઉત્પન્ન થાય છે. જુદા જુદા ઉત્સવોનાં કારણો ગમે તે હો, પણ તે બધામાં સામાન્ય બે કારણો તો હોય જ છે. ભક્તિ અને આનંદ. અંધભક્તિ અને ભૌતિક મોજમજાહ મેળવવા થતા અનેકવિધ ઉત્સવોને લૌકિક પર્વ કહી શકાય. અને જ્ઞાનપૂત જાગૃત ભક્તિ તથા જેમાંથી સાત્ત્વિક આનંદ મળે તેવા ઉત્સવોને લોકોત્તર કે દૈવી પર્વ કહી શકાય. લૌકિક પર્વોનો આધાર કામનિકતા, ભય અને અજ્ઞાનમૂલક વિસ્મય હોઈ આસુરિસંપત્તિવાળાં છે. જ્યારે જીવનશુદ્ધિ તથા આત્મશુદ્ધિની ભાવનામાંથી જન્મેલાં અને સાચી શાંતિ આપનારાં લોકોત્તર પર્વો દૈવી સંપત્તિવાળાં છે.

જગતના મુખ્ય સર્વ ધર્મસંપ્રદાયોમાં આ બન્ને જાતના ઉત્સવો અને તહેવારોનો પ્રચાર જોવા મળે છે. પણ જૈન ધર્મનાં પર્વો આ બાબતમાં અલગ તરી આવે છે. કારણકે તેનું એક પણ પર્વ કે તહેવાર કામનિકતા, ભય, લોભ કે દ્વેષમૂલક નથી. તેમ તેમાંના એકે પર્વમાં પાછળથીયે કામનિકતા જેવા કોઈ ક્ષુદ્ર ભાવનું આરોપણ કરીને, શાસ્ત્રોદ્ધારા સમર્થન કરવામાં આવતું નથી. આ ધર્મસંપ્રદાયના સર્વ તહેવારોનો ઉદ્દેશ, જ્ઞાન અને ચારિત્રની શુદ્ધિ તથા પુષ્ટિ કરવાનો હોય છે, પછી નિમિત્ત ગમે તે હોય.

જૈન ધર્મના લાંબા તહેવારોમાં ખાસ છ અઠ્ઠાઇઓ છે. તેમાં પર્યુષણની અઠ્ઠાઇ સર્વશ્રેષ્ઠ છે. એનું મુખ્ય કારણ તેમાં સંવત્સરી આવે છે તે છે. વગર કહ્યે પણ દરેક જૈન સમજે છે કે સાંવત્સરિક પર્વ એ સર્વશ્રેષ્ઠ પર્વ છે, વધુમાં વધુ આદરણીય પર્વ છે. તો આ પર્વની મહત્તા શામાં રહેલી છે? માત્ર તપમાં તો નહિ જ. કારણ તપનો આદર બીજાં પર્વોમાંયે કંઈ ઓછો નથી, એની મહત્તા છે ઉપશમનમાં. રાગ, દ્વેષ, કામ, ક્રોધ, વૈર વગેરે કષાયોના ઉપશમનમાં, ઉપશમન પ્રાપ્ત કરવાના પ્રબળ પુરુષાર્થમાં, જીવનશુદ્ધિમાં, અંતર્નિરીક્ષણમાં.

પર્યુષણના દિવસોમાં ઉપાશ્રયોમાં વંચાતા કલ્પસૂત્રમાં કહ્યું છે કે, "ખમવું અને ખમાવવું, ઉપશમવું અને ઉપશમાવવું, (કલહ થયો હોય તો પણ) સન્મતિ રાખીને યથાર્થ રીતે પરસ્પર પૃચ્છા કરવાની વિશેષતા રાખવી જોઇએ. જે ઉપશમ રાખે છે. તેને આરાધના છે—મોક્ષમાર્ગને અનુકૂળ આચાર છે. જે ઉપશમ રાખતો નથી, તેને આરાધના નથી. તેનો આચાર મોક્ષમાર્ગને અનુકૂળ નથી. માટે પોતે જાતે જ ઉપશમ રાખવો જોઇએ. (કારણ) શ્રમણપણાનો સાર ઉપશમન—કષાય સંયમ જ છે."

એટલે તો આ પર્વાધિરાજને પર્યુષણ—પર્યુપશમન, કષાયોને શમાવનાર એવું અર્થસૂચક નામાભિધાન મળ્યું.

મનુષ્યનું સામાજિક જીવન જેટલા પ્રમાણમાં સંકુલ બનતું જાય છે, તેટલા પ્રમાણમાં તેનામાં ગુણો અને અવગુણો બન્નેની અભિવૃદ્ધિનો અવકાશ મળ્યા કરે છે. પરિણામે જે જીવન અન્તર્નિરીક્ષણ વિહોણું અને પ્રમત્ત હોય છે તેના ચિત્તમાં રાગ, દ્વેષ, કામ, ક્રોધ, ભય, લોભ, આડાઈ ઇત્યાદિ કષાયોનાં જાળાં બાઝે છે. પણ જે જીવન અપ્રમત્ત—જાગૃત છે, ત્યાં એ જાળાં ઓછામાં ઓછાં બાઝે છે. એ જાળાં સાફ કરીને ચિત્તને નિર્મળ કરવા માટે સંવત્સરી પર્વનું નિર્માણ કરવામાં આવ્યું છે. ખરેખર તો કષાયમાત્રનું વિસર્જન તત્ક્ષણ થવું જરૂરી છે, પણ બધી વખત એમ થતું નથી તે પણ વાસ્તવિકતા છે. એટલે સાધકો માટે દરરોજના પ્રતિક્રમણની યોજના કરવામાં આવી છે. પરન્તુ દરરોજ થતું કૃત્ય યાંત્રિક બનવાની સંભાવના છે. તેથી, આ પર્વ ઉજવતાં આખો સમાજ અન્તર્નિરીક્ષણ કરી તે દ્વારા પોતામાં રહેલી નાની મોટી ત્રુટીઓ બરાબર તપાસીને દૂર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરવા ઉત્સાહિત થાય છે, અને યથાશક્તિ પ્રયત્ન કરે છે.

આ દિવસોમાં જે જીવન સદા જાગૃત, અપ્રમત્ત હતું તે ભગવાન મહાવીરનું જીવનચરિત્ર સાંભળવાનો રિવાજ છે, તે રિવાજ તો સારો છે. પણ એમાં પૂરતું શોધન થવું જોઇએ. એટલેકે, સાંભળનાર સાંભળ્યા પછી તેના ઉપર પૂરતું મનન કરી શકે અને ચર્ચા વિચારણા કરી શકે એમ થવું જોઇએ. તો એનાથી જે ભગવાનનું ચરિત્ર, શરદ્ઋતુના જળ જેવું નિર્મળ, જળકમળવત્ અલિપ્ત અને આકાશ જેવું અસંગ છે, તેનો આદર્શ શ્રવણ કરનારા યથાર્થ સમજી શકે. ગતાનુગતિકતાથી પ્રવેશેલી કામનિકતાને દૂર કરી શકે. અને ચિત્તમાં જામતાં કષાયોનાં જાળાંને બાઝતાંવેંત, અભય, સમભાવ, સંયમ, અપરિગ્રહ અને સત્યપરાયણતાથી સાફ કરી શકવાનું બળ પ્રાપ્ત કરી શકે. સાચી જીવનદૃષ્ટિ મેળવી શકે.

સાંવત્સરિક પર્વ એટલે જૈન સાધુઓએ વર્ષાવાસ નક્કી કરવાનો દિવસ, અને અંતર્મુખ થઇને જીવનમાંનાં વૈર, ઝેર અને મેલને ફેંકી દઈ, શુદ્ધિ સાચવવાનો નિર્ધાર કરવાનો દિવસ. એટલે તો પર્યુષણના આઠે દિવસ, લોકો ધંધો રોજગાર બને તેટલો ઘટાડીને, ત્યાગ, તપ, જ્ઞાન અને ઔદાર્ય પોષાય તથા આત્મોન્નતિ થાય એવાં કાર્યો કરવા પ્રયત્નશીલ રહે છે. આ દિવસોમાં જૈનોમાં પરંપરાગત સંસ્કારોને લીધે ત્યાગ, તપ અને ભક્તિનું ભારે ધાર્મિક વાતાવરણ જામે છે. બની શકે તેટલા વધુ પ્રમાણમાં ભોગોનો સંયમ કરવામાં આવે છે, અને છેલ્લે દિવસે એટલે કે આજે સંવત્સરીના દિવસે, આન્તરિક સમીક્ષા કરીને, પોતપોતાની ભૂલ કબૂલ કરીને ક્ષમા માગવામાં અને આપવામાં આવે છે. સામાજિક આરોગ્ય જાળવવા માટેનું આ ઔષધ જૈન ધર્મે જગતને આપેલી અનુપમ ભેટ છે એમ મને લાગે છે.

સંવત્સરીના દિવસે ખમવા–ખમાવવાની આ પ્રથા કંઈ જૈન ધર્માનુયાયી માણસો પૂરતી જ મર્યાદિત નથી. પણ અતિસૂક્ષ્મ અને અગમ્ય એવા જીવોનીય ક્ષમા મંગાય છે. તેઓના પ્રત્યે જાણ્યે અજાણ્યે જે કંઈ દુર્વર્તન થયું હોય તેની માફી માગવામાં આવે છે. આની પાછળની દૃષ્ટિ તો સ્પષ્ટ છે કે, જો માણસ નરી આંખે જોઈ ન શકાય તેવા જીવો પ્રત્યે પણ નમ્ર અને કોમળ બનીને ક્ષમાયાચના કરવા તૈયાર થતો હોય તો, જેઓ આપણા જેવા મનુષ્યો છે, તેમની સાથે આપણને કટુતા કે વૈર થયાં હોય તો, તેમની સાથે ક્ષમા લઇ–દઇને ચિત્ત શુદ્ધ કરવાં જોઇએ. એટલે કે—

**खामेमि सव्वजीवे सव्वे जीवा खमन्तु मे ।**
**मित्ति मे सव्वभूएसु वेरं मज्झं न केणई ॥**

સર્વ જીવોને હું ક્ષમા કરું છું. સર્વ જીવો મને ક્ષમા કરો. સર્વ ભૂતો પ્રત્યે મને મૈત્રીભાવ છે, અને મને કોઈ પ્રત્યે વૈરભાવના નથી.

આ ભાવનાને આચારમાં ઉતારી વૈર–ઝેરથી ડહોળાયેલાં ચિત્તજળને નિર્મળ કરવા જોઇએ.

વૈર–ઝેરથી કલુષિત ચિત્તનું શોધન કરવા અન્ય ધર્મોમાં પણ આદેશ આપવામાં આવેલા છે. બૌદ્ધ ધર્મમાં કથા છે.

બે શોકયો દ્વેષનો અનેક જન્મો સુધી બદલો લેતી લેતી બુદ્ધના સમયમાં યક્ષિણી અને કુલકન્યા થઇને શ્રાવસ્તીમાં જન્મી. કન્યા મોટી થતાં પતિગૃહે ગઈ. પછી ત્યાં તેને બે બાળક થયાં. તેમને યક્ષિણી આવીને ખાઇ ગઈ. ત્રીજી વખત પિયરમાં સુવાવડ કરી, બાળક મોટું થતાં સ્ત્રી પતિ સાથે પતિગૃહે જવા નીકળી. માર્ગમાં જેતવન મહાવિહારની પાસે બેસીને બાળકને ધવડાવતી હતી ત્યાં, યક્ષિણીને આવતી દેખીને, ડરની મારી તે સ્ત્રી ભગવાન બુદ્ધની પાસે દોડી ગઈ અને તેમના ચરણમાં પુત્રને રાખીને બોલી, "ભગવન્! આને જીવનદાન આપજો." યક્ષિણીને સુમન દેવતાએ જેતવનના દ્વાર ઉપર રોકી રાખી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હતી. ભગવાને આનંદને મોકલી તેને બોલાવી મંગાવી, કહ્યું, "તું આમ કેમ કરે છે? જો તું મારી સન્મુખ ન આવી હોત તો તમારી શત્રુવટ કલ્પો સુધી ચાલુ રહેત. વૈરને બદલે વૈર શા માટે રાખે છે?" કહીને ગાથા સંભળાવી.

**न हि वेरेन वेरानि सम्मन्तीध कुदाचनं ।**
**अवेरेन च सम्मन्ति एस धम्मो सनन्तनो ॥**

અહીંઆં કદી પણ વૈરથી વૈર શમતું નથી. અવૈરથી–પ્રેમથી શમે છે. એ સનાતન ધર્મ છે.

અને બન્ને શોક્યોનું વૈર શમ્યું.

એવી રીતે વૈદિક ધર્મના સુપ્રસિદ્ધ વિરાટ ગ્રન્થ મહાભારતમાં અનેક સ્થળે જુદા જુદા સંદર્ભોમાં પ્રતિપાદન કરવામાં આવ્યું છે કે :–

**ने हिंस्यात्सर्वभूतानि मैत्रायणगतश्चरेत् ।**
**नेदं जीवितमासाद्य वैरं कुर्वीत केनचित् ॥**

કોઈ પ્રાણીની હિંસા કરવી નહિ, મૈત્રીભાવ રાખીને વિચરવું. આ જીવન ધારણ કરીને કોઇની સાથે ય વૈર કરવું નહિ.

વળી એ જ ગ્રન્થમાં બીજે એક ઠેકાણે કાશીના વાણીયા તુલાધાર અને બ્રાહ્મણ જાજલિના સંવાદમાં, મહર્ષિ વ્યાસ તુલાધારના મુખે કહેવડાવે છે:

**सर्वेषां यः सुहृन्नित्यं सर्वेषां च हिते रतः ।**
**कर्मणा मनसा वाचा स धर्मं वेद जाजले ॥**

હે જાજલિ! જે (મનુષ્ય) મન, કર્મ અને વચનથી સદૈવ સર્વનો સુહૃદ છે અને સર્વના હિતમાં રત છે, તે ધર્મવેત્તા છે–ધર્મનો જાણકાર છે.

ત્રાજવાથી નિષ્પક્ષ રીતે પ્રામાણિકતાથી સામાન તોળનાર કાશીનો આ વણીક તુલાધાર, બારવ્રતો પૈકી ત્રીજા વ્રતના અતિચાર 'કૂડતૂલ કૂડમાને'થી વિરામ પામેલા કોઈ સમતાપ્રાપ્ત જ્ઞાની સાચા જૈન શ્રાવકની યાદ આપે છે. એટલું જ નહિ બારવ્રતોમાં ગણાવેલા વધ, બન્ધ, શરીરચ્છેદ, અતિભાર ઉપડાવ્યો હોય વગેરે અહિંસાના અતિચારના પ્રતિક્રમણનું સ્મરણ કરાવે છે.

જ્યારે ખ્રિસ્તિ ધર્મગ્રન્થ બાઇબિલમાં કહેવામાં આવ્યું છે કે, "તું તારા પડોશી ઉપર પ્રીતિ કર અને તારા વૈરી ઉપર દ્વેષ કર એમ કહેવામાં આવ્યું હતું એ તમે સાંભળ્યું છે. પણ હું તમને કહું છું કે તમે તમારા વૈરીઓ પર પ્રીતિ કરો, ને જેઓ તમારી પાછળ પડે છે તેમના ભલા માટે પ્રાર્થના કરો. કારણ જેઓ તમને ચાહે છે તેમના ઉપર તમે પ્રેમ રાખો છો એમાં શું વિશેષતા છે?"

અને યહુદી ધર્મમાં પણ ફરમાન છે કે, "તું વૈર ન વાળ. ને લોકો પર ખાર ન રાખ. જેમ તારા પોતા પર પ્રીતિ રાખે છે તેવી રીતે તારા પડોશી પર પણ પ્રીતિ રાખ."

આમ વૈરત્યાગની ભાવના–કટુતા ત્યાગની ભાવનાને જગતના અનેક ધર્મોએ પ્રબોધી છે. તેનું વ્યવસ્થિત રીતે સાંવત્સરીક પર્વમાં સ્થાપન કરવામાં આવ્યું છે. એટલે આ પર્વારાધનનું માહાત્મ્ય તો જ સચવાય કે, જેની સાથે કટુતા થઈ હોય, દિલ દુભાવ્યું હોય, તેમની સાથેની કટુતાની વિષમય લાગણી દિલમાંથી દેશવટો પામે. સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ કેળવવાનો રૂઢ આચાર ચાલુ હોય અને સાથે કટુતા પણ ચાલુ રહે તો આ પર્વની મહત્તા ગમે તેટલી ગાવા છતાં, એનો લાભ કદી નહિ મળે.

એટલે બીજાં કેટલાંક ઐતિહાસિક કારણો ઉપરાંત, કટુતાત્યાગ–વૈરત્યાગ અને મૈત્રીભાવના સ્થાપન અર્થે આ પવિત્ર દિવસોમાં કલ્પસૂત્ર–ભગવાન મહાવીરનું ચરિત્ર શ્રવણ કરવાની પ્રથા પડી છે. એ શ્રવણ માત્રથી જ અને દૃષ્ટિ વિનાનાં ગતાનુગતિક તપોથી જ આત્માનું કલ્યાણ થઈ જશે, એમ જો અનુયાયીઓ માનતા હોય તો તે ભ્રમ છે. પણ સર્વ પ્રાણીમાત્રના હિત અર્થે જેમણે અગણિત



For Private And Personal Use Only

પરિષહો અને ઉપસર્ગો વેઠયા, જિતેન્દ્રિય એવા જેઓ ક્રોધ, અભિમાન, છળકપટ અને લોભરહિત થઇ ઉપશાન્ત થયા, તેમના ભારુંડ પક્ષી જેવા અપ્રમત્ત પુરુષાર્થી જીવનનું આપણા જીવનમાં પ્રતિબિમ્બ પાડવા પ્રયત્નશીલ રહેવું આવશ્યક છે. આ વસ્તુને એમ કહીને નહિ કાઢી શકાય કે તેઓ તો ભગવાન હતા, તીર્થંકર હતા. એમ તો આપણેય એમના જેવા પરિષહો અને ઉપસર્ગો વેઠીએ છીએ. એની ભઠ્ઠીમાં રાતદિન શેકાઇએ છીએ. એના ખીલા વાગતા અનુભવીએ છીએ. પણ આપણે અંતર્મુખ થતા નથી. એમનું દૈવી સંપત્તિવાળું જીવન દૂરથી, ઉપર ઉપરથી જોઇને, વંદન કરીને પાછા અસંયમી જીવનની ઘટમાળમાં વશી-કવશે જોતરાઈ જઇએ છીએ. ભગવાન ઉપર શ્રદ્ધા રાખીએ છીએ પણ તે જડ. પરન્તુ ચૈતન્યમયી શ્રદ્ધા રાખી, એમના અંતરમાં ખેલાયેલા દેવાસુરસંગ્રામમાં, એમણે જે જ્ઞાન, સંયમ અને અપૂર્વ મૈત્રી વડે આસુરિવૃત્તિઓ ઉપર વિજય મેળવી, સર્વવિત્ એટલે કે સર્વજ્ઞ અને સર્વજિત્ એટલે કે જિત થયા તેનું હાર્દ સમજીશું, અને સમજ્યા પછી આચરણમાં ઉતારવા, તપસ્યા એટલે કે તીવ્ર પુરુષાર્થ કરીશું તો સાંવત્સરીક પર્વની યથાર્થ ઉજવણી કરી ગણાશે. પરિણામે આપણે ઐહિક અને આધ્યાત્મિક બન્ને શ્રેયને પ્રાપ્ત કરીશું. આ સાંવત્સરિક પર્વ આપણને આવો પુરુષાર્થ કરવા દૃઢનિશ્ચય અને બળ આપો.


## શ્રી જૈન પ્રગતિ મંડળ–પાલીતાણા

જૈન યુવાનો અને પીઢ કાર્યકરોના સંગઠન અને સહકારથી 'શ્રી જૈન પ્રગતિ મંડળ' પાલીતાણામાં છેલ્લા તેર વર્ષથી જૈન સમાજની અનેકવિધ સેવા કરી રહેલ છે.

પ્રતિવર્ષ જાહેર વ્યાખ્યાનો, જયંતિ ઉત્સવો, યાત્રાળુઓને માર્ગદર્શન, પ્રચાર પત્રિકાઓ અને આંદોલનો, પુસ્તક પ્રકાશન અને અન્ય સામાજિક, ધાર્મિક કાર્યક્રમો દ્વારા યત્કિંચિત કાર્ય કરી રહેલ છે.

સમાજ અને શાસનના ઉત્કર્ષમાં આવા સેવાભાવી મંડળો સુંદર ફાળો આપી શકે. શહેરે શહેરે અને ગામડે ગામડે આવા મંડળોની આવશ્યકતા શ્રી ભારતીય જૈન સ્વયંસેવક પરિષદે પણ સ્વીકારી છે. સ્થળે સ્થળે આવા પ્રગતિ મંડળો ઉભા કરી સક્રિય અને રચનાત્મક કામે લાગી જવાની આવશ્યકતા કોણ નહીં સ્વીકારે ?

**પર્યુષણ પર્વમાં પ્રગતિ–મંડળને યાદ કરી ઉત્તેજન આપશો કે ?**

લિ. સેવકો,

સ્થળ :–
મુખ્ય બજાર,
**પાલીતાણા**

ડૉ ભાઇલાલ એમ. બાવીસી M.B.B.S.–પ્રમુખ
શેઠ માણેકલાલ ખીમચંદ બગડીયા BSc. B.T.–માનદમંત્રીઓ
માસ્તર શામજીભાઇ ભાઇચંદ શેઠ ”

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જિનદત્તસૂરિ બ્રહ્મચર્યાશ્રમ : પાલીતાણા ( સૌરાષ્ટ્ર )

(સ્થાપના સં. ૧૯૮૨)

## નમ્ર વિનંતી

ઉપરોક્ત સંસ્થા છત્રીશ છત્રીશ વર્ષોથી, જૈન સમાજના ઉગતા આશાવંત બાળકોને વ્યવહારિક અને ધાર્મિક શિક્ષણ દ્વારા કેળવણી આપી, તેમજ વ્યવસ્થિત અને શિસ્તબદ્ધ નિયમન દ્વારા આશ્રમ જીવનના સંસ્કાર રેડી, જૈન સમાજના વિદ્યાર્થીઓનું આદર્શ અને સુદૃઢ ઘડતર કરી રહેલ છે. ઉપરાંત જૈન યાત્રિકોને અને પૂજ્ય સાધુ મહારાજોને યોગ્ય સગવડ આપી વૈયાવચ્ચનું સેવા કાર્ય કરે છે.

વિદ્યાર્થીઓને ન્હાનપણથી જ દાખલ કરી, રહેવા, જમવાની સુંદર સગવડ આપવામાં આવે છે તેમજ વિદ્યાર્થીજીવનની બધી સામાન્ય જરૂરીયાતો પૂરી પાડવામાં આવે છે. શાળામાં વ્યવહારિક શિક્ષણ સાથે સંસ્થામાં ધાર્મિક જ્ઞાન અને દર્શન, પૂજા, સામાયિક, પ્રતિક્રમણ, યાત્રા આદિ ધર્મના સંસ્કારો પામી પ્રત્યેક વિદ્યાર્થી આદર્શ વિદ્યાર્થીજીવન પ્રાપ્ત કરે છે.

અત્યાર સુધીમાં જૈન સમાજના સેંકડો બાળકો શિક્ષણ, સંસ્કાર અને ધર્મભાવના મેળવી, આદર્શ નાગરિક બની, કુટુમ્બને અને સમાજને ઉપયોગી નિવડ્યા છે અને સમાજ અને શાસનની સેવા કરે છે. હાલમાં ૪૦ વિદ્યાર્થીઓ આ સંસ્થાનો લાભ લઇ રહ્યા છે.

મદદના પ્રકારો : (૧) સંસ્થાને પોતાનું મકાન છે. પોતાનું નામ સિદ્ધક્ષેત્રમાં અમર કરવા સંસ્થાના પ્રયોજક પેટ્રન બનવા રૂા. ૧૫૦૦૧) આપો. (૨) સંસ્થાની ધર્મશાળા કે બોર્ડીંગના ઓરડા માટે રૂા. ૧૦૦૧) આપી અમર નામ કરો. (૩) કોઇપણ વાર્ષિક તિથિ રૂા. ૫૦૧) અને ચાલુ દરરોજ નાસ્તો રૂા. ૯) સુધી આપી પોતાનું નામ બોર્ડ ઉપર નોંધાવો.

આવી જૈન સમાજને ઉપયોગી સંસ્થાને થતા મોટા ખર્ચ માટે જૈન સમાજના ઉદારદીલ દાનવીરો "ફુલ નહિ તો ફુલની પાંખડી" નાની મોટી રકમ મદદરૂપ આપી, અમારા શિક્ષણ અને સંસ્કારના સેવા કાર્યની અનુમોદના કરો અને જૈન સમાજની ઊગતી પેઢીના નવઘડતરના કાર્યમાં પોતાનો શકય ફાળો આપે એવી નમ્ર વિનંતિ છે.

લી૰ સેવકો, શેઠ સીંગજીભાઇ વીકમશી. પ્રમુખ-મુંબઇ હેડ ઓફીસ

ડૉ. ભાઇલાલ એમ. બાવીશી સ્થા૰ પ્રમુખ-પાલીતાણા, શ્રી સરેમલજી સંચેતી સ્થા. મંત્રી-પાલીતાણા.

સંસ્થાના ટ્રસ્ટી સાહેબો : શ્રી ગુલાબચંદ દીપચંદજી, શ્રી પુનસીભાઇ મોનજીભાઇ

શ્રી કુન્દનમલજી મોતીલાલજી, શ્રી મનસુખલાલ પોપટલાલ, શ્રી રાઘવજી માધવજીભાઇ

શ્રી કપુરચંદજી શ્રીમાલ (હૈદ્રાબાદવાળા), શ્રી ઉત્તમચંદ માનમલજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાંવત્સરિક મહાપર્વ

લેખક : **શ્રી જિતેન્દ્ર જેટલી**

પ્રત્યેક વર્ષે બધાં ધાર્મિક પર્વોની જેમ આપણે આ મહાપર્વની ઉજવણી કરીએ છીએ. બાહ્ય રીતે આ પર્વનાં દિવસોમાં પ્રત્યેક શ્રદ્ધાળુ જૈન ઉપવાસ કરે છે, જુદા જુદા પ્રકારે દાન પણ કરે છે સાથે જ પર્વને અંતે **મિચ્છામિ દુક્કડં** કહી પોતે આખા વર્ષ દરમ્યાન કરેલ દોષોની ક્ષમા યાચે છે તથા બીજી વ્યક્તિએ કરેલ દોષોની ક્ષમા આપે છે. આમ બાહ્યશુદ્ધિ સાથે આંતરિક શુદ્ધિ પણ આ પર્વની ઉજવણીના ઉદ્દેશમાં રહેલી છે. આમ છતાં આ પ્રકારની ઉજવણી એક બાહ્યાચાર કે રૂઢિ બની જઈ અત્યારે તંત્ર-જડતામાં ફેરવાઈ ગઈ છે. એ કેમ દૂર થઈ શકે એનો વિચાર આ પર્વના પ્રસંગે અપ્રસ્તુત નથી.

બાહ્ય આચારમાં ઉપવાસ તથા જે શ્રદ્ધાળુ જૈન મૂર્તિપૂજક હશે તે દેવદર્શન પણ કરશે. આમ તો આખા વર્ષમાં જુદા જુદા ધાર્મિક નિમિત્તથી જુદા જુદા અનેક ઉપવાસો જૈન ગૃહસ્થો તથા સાધુ સાધ્વીઓ કરતા હોય છે. આમ છતાં આખા વર્ષ દરમ્યાન આ રીતે જેઓ ઉપવાસ નથી કરતા એવા જૈનો ધર્મ પ્રત્યે શ્રદ્ધા હોય તો પર્યુષણના દિવસોમાં ઓછામાં ઓછો એક ઉપવાસ તો કરતા હોય છે. પર્યુષણના બધાએ દિવસો પર્યન્ત ઉપવાસ ન થાય તો વાંધો નહિ પરંતુ ઓછામાં ઓછું, એક દિવસનો ઉપવાસ કરવામાં આવે છે. જે વ્યક્તિ બધાયે દિવસો ઉપવાસ કરે છે એનું માન પણ કરવામાં આવે છે. આમ ઉપવાસરૂપી બાહ્યતપ કરનારની સંખ્યા આ પર્વ પ્રસંગે ઓછી નથી હોતી. પુરુષો કરતાં સ્ત્રીઓની સંખ્યા આ પર્વમાં વિશેષ હોય છે. આમ પણ પ્રત્યેક સંપ્રદાયમાં બાહ્ય તપના આચરણમાં સ્ત્રીઓ જ વિશેષ આગળ પડતી હોય છે.

આ રીતે ઉપવાસ કરવાનું કારણ પણ સામાન્યપણે દરેકને સુવિદિત છે. ઉપવાસદ્વારા મનની શુદ્ધિ તો થાય છે જ પરંતુ આ શરીરની શુદ્ધિ દ્વારા મનની શુદ્ધિ તથા એકાગ્રતા થાય એ એનો મુખ્ય ઉદ્દેશ છે. વધારે ઉપવાસ કરનારને માન આપવાનું કારણ પણ આજ છે. એની ઉપવાસ કરવાની શક્તિને કારણે આ માન નથી અપાતું પરંતુ ચિત્તશુદ્ધિની એ અત્યન્ત સમીપ છે એમ સમજીને એની પ્રત્યે શ્રદ્ધાળુ સાધાર્મિકો આદર વ્યક્ત કરે છે. આમ છતાં આ પ્રકારના ઉપવાસથી જો ચિત્ત શુદ્ધ ન થાય અને એ માત્ર એક રૂઢિ જ રહે તો આ પર્વમાં આ ઉપવાસો એ વ્યક્તિએ નિરર્થક કર્યાં છે એમ જ ગણાશે. ઉપવાસનું એક પ્રયોજન શરીરશુદ્ધિ દ્વારા ચિત્તશુદ્ધિનું છે.

આ જ પ્રમાણે આખા વર્ષ દરમ્યાન કદાચ કશું પણ દાન ન કરનાર શ્રદ્ધાળુ જૈન આ પર્વમાં પોતાની શક્તિ અનુસાર વિશેષે કરીને જ્ઞાન પ્રાપ્તિ માટેનું દાન આપે છે. કેટલાએક જૈનો શાળાઓનાં બાળકોને લખવાની નોટબુક કિંવા પેન્સીલ વગેરે વસ્તુઓ પણ આ પર્વના દિવસો દરમ્યાન વહેંચતા જોવામાં આવે છે. આ રીતે પોતાની કમાણીમાંથી જ્ઞાન પ્રાપ્તિ માટે કાંઈક દાન કરી પુણ્ય મેળવ્યાનો સંતોષ લે છે. વસ્તુતઃ જો કોઈ પણ જૈન આખા વર્ષ દરમ્યાન જ્ઞાન પ્રાપ્તિ માટે આર્થિક સહાય કરવાનું ભૂલી જતો હોય તો આ પર્વ એનું એક સ્મારક બની રહે છે. એ એમ જણાવે છે કે પ્રત્યેક વ્યક્તિએ પોતાની કમાણીમાંથી પોતાના ઉપભોગ માટે જ બધું દ્રવ્ય નથી વાપરવાનું પણ આ જીવનમાં જ્ઞાનપ્રાપ્તિ–આધ્યાત્મિક જ્ઞાનપ્રાપ્તિ એ મુખ્ય હોવાથી તથા સામાન્ય જ્ઞાનપ્રાપ્તિ માટે પણ અર્થ એ એક સાધન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

હોવાથી એનો ઉપયોગ પણ આ માર્ગે થાય એ વધુ હિતાવહ છે. એનો અર્થ એવો નથી કે બીજા કોઈ પ્રયોજનો માટે દાન ન આપવું પરંતુ સામાન્ય રીતે આ પ્રયોજન પ્રત્યે જે ઉપેક્ષા સેવવામાં આવે છે એની યાદ દર વર્ષે આ પર્વમાં કરાવવામાં આવે છે. આવી યાદ અપાવીને વર્ષ દરમ્યાન જ્ઞાન માટે દાન આપતા રહેવું એ અત્યન્ત જરૂરી છે એવી એક બાબતને ફરી ફરી સજીવન કરવામાં આવે છે. આ પ્રકારનો દાન આપવાનો શિરસ્તો માત્ર પર્યુષણપર્વ પુરતો મર્યાદિત ન રહેતાં પોતાની કમાણીમાંથી નિયતભાગ જુદા જુદા પ્રયોજનો માટે આપવાનો છે અને પોતે પોતાની બુદ્ધિથી જે કાંઈપણ કમાય છે એ માત્ર પોતાના ઉપભોગ માટે નથી એ પ્રકારની સમજ આ રીતના આચારમાં રહેલી છે. પ્રત્યેક શ્રદ્ધાળુ જૈન આ બાબતને આ પર્વ સમયે સમજે એ અત્યન્ત જરૂરી છે.

આ સાંવત્સરિક મહાપર્વનું સૌથી મહત્ત્વનું અંગ તે ખમવું અને ખમાવવું એ છે. આખરે ઉપવાસ કરવાનો ઉદ્દેશ પણ વ્યક્તિ પોતાના ચિત્તની શુદ્ધિ કરી ખરા અંતઃકરણથી પોતે આખા વર્ષ દરમ્યાન કરેલ બધાયે પ્રકારના અપરાધોની ક્ષમા ભગવાન પાસે માગે છે તથા પોતાના જીવનમાં અનેક ભૂલોથી તે જે વ્યક્તિઓને જે કાંઈ આઘાત પહોંચાડ્યા હોય એની પણ ક્ષમા માગે છે. સાથે જ બીજી કોઈ વ્યક્તિએ યા નાનામાં નાના પ્રાણીએ પોતાની પ્રત્યે જે કાંઈ દોષો કર્યાં હોય યા અજાણતા એનાથી થયા હોય એની ક્ષમા અંતઃકરણપૂર્વક એ આપે છે. આમ **मिच्छामि दुक्कडं** કહી આ ક્ષમા યાચના દ્વારા માત્ર પોતાના અપરાધોની ક્ષમા માગતો નથી પણ સાચો ધાર્મિક "હવેથી હું મારા દૈનંદિન જીવનમાં આવા અપરાધો યા દોષો નહિ થાય તેની પૂરેપૂરી તકેદારી રાખીશ" એવી પ્રતિજ્ઞા પણ લે છે.

ઉપવાસ દ્વારા ચિત્તશુદ્ધિ કરી ખમવું અને ખમાવવું—ક્ષમા માગવી અને ક્ષમા આપવી એનો અર્થ એટલો જ છે કે જે દોષો માટે આ ક્ષમા માગવામાં આવે છે એ દોષો ફરીથી પોતાના દ્વારા નહિ થાય તથા બીજાએ જે દોષો કર્યાં છે એની ક્ષમાપના દ્વારા એવી ભાવના કેળવીશ કે બીજાના દોષો પ્રત્યે ધ્યાન આપવા કરતાં એ સારું શું કરે છે એ હું જોઈશ. વસ્તુતઃ આ ક્ષમાપનામાં નિર્વૈરતાની ભાવના સમાએલી છે. સામી વ્યક્તિના નાના દોષો કે અપરાધોને કારણે આ જીવનમાં પરસ્પર દ્વેષ કે વેરની ભાવના વ્યક્તિઓ ખીલવે છે. આ વેરની ભાવના વધતાં વધતાં જ વ્યક્તિઓ અને સમૂહો અકારણ યુદ્ધ કરતા હોય છે. ક્ષમાપનાનો ઉદ્દેશ આ જાતની વેરની ભાવનાને ક્રમશઃ દૂર કરવાનો છે.

આમ 'ખમવું અને ખમાવવું' એ માત્ર બાહ્યાચાર નથી પરંતુ આ જીવનસંગ્રામમાં મનુષ્યોની મનુષ્યો પ્રત્યેની જે વેરભાવના છે એ શક્ય એટલી દૂર થાય અને પ્રાણીમાત્ર પ્રત્યે અવૈરદ્વારા એક મૈત્રીભાવનાનો ઉદય થાય એ છે. આ વેરભાવનાનો ચિત્તમાંથી નાશ થવો એ એક સત્ય કઠણ બાબત છે. આપણે બધાય જાણીએ છીએ કે **'नहि वैरेण वेराणि सम्मन्तीध कुदाचनं'**। અર્થાત્ આ વિશ્વમાં કોઈપણ સ્થળે વેરથી વેર શમતું જોવામાં આવ્યું નથી. એક નાનું બાળક પણ જો એને શારીરિક શિક્ષા કરવામાં આવે તો એ શિક્ષા કરનાર ભલે પોતાના જ માબાપ હોય અને એ શિક્ષા પણ કોઈકવાર એણે જે ભૂલ કરી હોય એ ન કરે માટે જ કરવામાં આવી હોય છતાં પણ આવી શિક્ષા કરનાર પ્રત્યે એ બાળક પ્રેમ નથી રાખતું. આમ વેર કિંવા તજ્જન્ય હિંસા એ જગતમાં હિંસા ફેલાવવાનું મોટામાં મોટું સાધન છે. આજના વિશ્વમાં બહારના યુદ્ધો કરવા માટે પણ પહેલા શાંત યુદ્ધો કરવામાં આવે છે. અર્થાત્ પહેલા સમગ્રપ્રજાની વેર વૃત્તિને બીજી પ્રજાની રીતરસમો પ્રત્યે ઉશ્કેરવામાં આવે છે અને પછી એના પરિણામે શસ્ત્રયુદ્ધો થાય છે.

આ સાંવત્સરિક મહાપર્વનો મુખ્ય ઉદ્દેશ 'ખમવું



For Private And Personal Use Only

અને ખમાવવું' એ દ્વારા વ્યક્તિના જીવનની આ વેરભાવનાને દૂર કરવાનો છે. પ્રત્યેક વ્યક્તિના મન-માંથી જેટલા પ્રમાણમાં આ વેરભાવના ઓછી થશે એટલા પ્રમાણમાં વ્યક્તિ અહિંસક પણ થશે. આખરે આ ક્ષમા એ પણ વીરનું ભૂષણ છે. '**ક્ષમા** વીરસ્ય ભૂ**ષણ**ંમ્ પોતાની પાસે બહારની શારીરિક સતાની કે આર્થિક કોઇપણ શક્તિ બીજાને દબાવ-વાની અને પોતાના વશમાં રાખવાની હોય તો પણ એ શક્તિને આધારે બીજાને દબાવી એને હંમેશ માટે પોતાને વશ ન રાખતાં એને પ્રેમથી પોતાને વશ રાખવામાં જ મહત્તા છે.

જે બાબત વ્યક્તિની વ્યક્તિપ્રત્યે સાચી છે એ જ બાબત વ્યક્તિસમૂહની અન્ય વ્યક્તિસમૂહ પ્રત્યે પણ એટલી જ સાચી છે. આજે આપણે અન્યત્ર નહિ પણ આપણા જ દેશમાં વધુ દૂર ન જતાં આપણા સમાજમાં જ એકબીજા પ્રત્યે નિર્વૈરભાવના કેળવી શકયા છીએ ? આવા સાંવત્સરિક મહાપર્વોની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ મનુષ્ય જે વાતવાતમાં પોતે શું કરવાનું છે એ ભૂલી જાય છે એને યાદ અપાવવાનું છે કે 'તું બધું ભૂલી જજે પણ તારા અપરાધોને જ્યારે પણ તને સમજાય ત્યારે એની ક્ષમા માગી ફરીથી આવા અપરાધો ન થાય એવો વિચાર કરવાનું ન ભૂલતો તથા બીજાના નાના નાના અપરાધોને મોટું સ્વરૂપ ન આપતાં એની પ્રત્યે ક્ષમાશીલ રહેજે.

આવા મહાપર્વની ઉજવણી પ્રસંગે પોતાની અંદરના સંપ્રદાય પ્રત્યે રાગદ્વેષો તો દૂર થવા જ જોઇએ પણ અન્ય સંપ્રદાય પ્રત્યેની દ્વેષની ભાવના પણ દૂર થવી જોઇએ, આખરે ધાર્મિક સહિષ્ણુતાની અને 'ખમવા ખમાવવા દ્વારા' સૌ ધર્મો પ્રત્યે યા સૌ સંપ્રદાયો પ્રત્યે અવેરભાવના એ પણ આ મહાપર્વની ઉજવણીમાં સમાએલ એક પવિત્ર ઉદ્દેશ છે. સમજુ સાધર્મિકો આ ઉદ્દેશને સમજે છે અને વિશેષ કરીને આ યુગમાં તો ધાર્મિક સહિષ્ણુતા કિંવા સાંપ્રદાયિક સહિષ્ણુતા એટલે કે બીજાઓ જે અધર્મ આચરે એ નહિ પરંતુ બીજાઓ ધર્મ આચરે એની પ્રત્યે પોતાની દૃષ્ટિએ એ અર્થાત્ પોતાના ધર્મની દૃષ્ટિએ થોડીવાર સારું ન દેખાતું હોય તો પણ વૈરભાવના ઉત્પન્ન ન થાય એ રીતે વર્તવાનો છે. આ બાબત જો ગૃહસ્થો બરાબર સમજી શકતા હોય તો ગૃહસ્થોને ઉપદેશ આપનાર સાધુઓએ સૌથી પહેલા સમજવા જોઇએ.

પોતાના જ સંપ્રદાયમાં અને સાધુસમાજમાં નાના નાના મતભેદોને કારણે જે અનેક વાડાબંધી જૈન સંપ્રદાયના સાધુઓમાં ઉભી થઈ છે એ પણ આ 'ખમવા અને ખમાવવા' દ્વારા દૂર થાય અને અંતઃકરણ શુદ્ધિ દ્વારા બધા પરસ્પરના મતભેદોને દૂર કરી અવેરભાવના ખીલવે એમાં જ આ મહા-પર્વની ઉજવણીની સફળતા રહેલી છે

જો આપણામાંથી વેરની ભાવના દૂર ન થાય અને એ એમને એમ ચાલુ રહે તો આ મહાપર્વ બીજી ગમે એ રીતે ધામધૂમથી ઉજવાય પણ એ ઉજવણી નિષ્ફળ સમજવી જોઇએ. તીર્થંકર ભગવાન પ્રત્યેક શ્રદ્ધાળુ જૈનને આ પર્વપ્રસંગે નિર્વૈર ભાવના ખીલવવાની બુદ્ધિ આપે એ જ અભ્યર્થના.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી તાલધ્વજગિરિ તીર્થ { તીર્થોદ્ધારની યોજનાઓનું દર્શન

જ્યાં મૂળનાયક શ્રી પ્રગટ-પ્રભાવી સાચાદેવ શ્રી સુમતિનાથ ભ૦ ચમત્કારિ છે. અખંડ દીપકની જ્યોત અદ્યપિ કેસરવર્ણી થાય છે. સૌરાષ્ટ્રની શાન સમું ભવ્ય તીર્થ, નૈસર્ગિક સૌંદર્ય, પ્રાચીન ગુફાઓ, નાજુક ટેકરી, દર્શનથી આલ્હાદ થાય છે.

આ તીર્થનો ઉદ્ધાર સં. ૧૯૯૯ થી ચાલુ છે. ચૌમુખજીની ટૂંક, સાચા દેવની ટૂંક. મૂળનાયક દહેરાસર તથા જુની દહેરીઓ, ગુરુમંદિરનો જીર્ણોદ્ધાર થયો છે.

(૧) **બાવન જિનાલય :** સાચા દેવની ટૂંકમાં નૂતન બાવન જિનાલય, મહાવીર પ્રાસાદ, વીશ વિહરમાનનાં નૂતન જિનાલયો બંધાવ્યાં છે; જેની પ્રતિષ્ઠા સં. ૨૦૧૦ ના વૈશાખ શુ. ૫ ના થયેલ છે. આ ટૂંકમાં હવે દક્ષિણ બાજુની લાઇનમાં દહેરાસર ૧, તથા દહેરીઓ ૧૦ બાંધવાની બાકી છે, તેમાં ૧ દેરીનો આદેશ રૂા. ૧૦,૦૦૧)માં અપાયો છે. ત્રણ પ્રતિમાજી ધ્વજા દંડકળશનો આદેશ સાથે છે. વહેલા તે પહેલા જેવું છે.

(૨) **નૂતનસ્નાનગૃહ :** યાત્રિકોને સેવા-પૂજા કરવા માટે નૂતન સ્નાનગૃહ આર. સી.સી પ્લાનથી બંધાવેલ છે. તેમાં રૂા ૨૦ હજાર ખર્ચાયા છે. તેમાં રૂા. પાંચ હજારનો તૂટો છે. આ રકમ આપના નું એલીવેશનમાં આરસની તક્તિમાં નામ લખવામાં આવશે

(૩) **ગિરિરાજ પગથિયાં :** ગિરિરાજ ઉપર ચડવાનાં પગથિયાં રાજુલાના પથ્થરથી એક સરખા લેવેલથી સુંદર બાંધવામાં આવ્યાં છે. તેમાં રૂા ૨૫ હજારનો ખર્ચ થયો છે. તેમાં રૂા. એક હજાર ઉપરાંતનો તૂટો છે. મદદની જરૂર છે.

(૪) **બાબુની જૈન ધર્મશાળા :** નદી કિનારે યાત્રિકોને ઉતરવા માટે શ્રી બાબુની જૈન ધર્મશાળા છે, તેમાં એક જુની અને બીજી નવી ધર્મશાળા છે. જુની ધર્મશાળાનો જીર્ણોદ્ધાર સં. ૨૦૧૪થી શરૂ થયો છે. પશ્ચિમ બાજુમાં ધર્મશાળાનું મકાન રૂા ૬૨) હજારનાં ખર્ચે અને દક્ષિણ બાજુમાં ભોજનશાળાનું આલીશાન ભવ્ય મકાન રૂા. ૪૫ હજારના ખર્ચે બંધાયેલું છે.

ઉત્તર તથા પૂર્વ બાજુમાં આર.સી.સી. પ્લાનથી ઉપાશ્રયનો હોલ, ( સાધનામંદિર ) નીચે આયંબીલ ભુવન અને પૂર્વ બાજુ જ્ઞાનમંદિરનાં ભવ્ય મકાનો રૂા ૮૫૦૦૦ ના ખર્ચે બંધાઇ રહ્યાં છે, જેનું ઉદ્ઘાટન સં. ૨૦૨૨ માગસરમાં થવા સંભવ છે.

નવી ધર્મશાળાનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે. વચ્ચે પારેવાને જુવાર માટે ચબુતરો આર. સી. સી. થી બાંધવામાં આવ્યો છે. રંગમંડપ જેવો સુંદર દેખાવ છે.

(૫) **શ્રાવિકા-ઉપાશ્રય :** ગામમાં સાધ્વીજી મહારાજને ઉતરવા તથા શ્રાવિકાઓને પૌષધ-પ્રતિક્રમણાદિ ધાર્મિક ક્રિયાઓ કરવા માટે શ્રી શાંતિનાથજી દહેરાસરજીની બાજુમાં ઉપાશ્રય બાંધવાની યોજના શરૂ કરી છે. ઉપાશ્રયમાં મુખ્ય તક્તિમાં નામ લખવાના રૂા. ૧૦૦૦૧), માં આદેશ અપાઇ ગયો છે. ઉપાશ્રયની અંદર ઓરડા ૧ ઉપર તક્તિમાં નામ લખવાના રૂા. ૨૦૦૧) છે તેમાં ત્રણ ઓરડા લખાઈ ગયા છે, આરસની સળંગ તક્તિમાં નામ લખવાના રૂા. ૨૫૧) છે. તેમાં ૬૦ નામો લખાઇ ગયાં છે.

(૬) **કેસર સુખડ સેવાપૂજાનાં કપડાં માટે :** ગિરિરાજ ઉપર સ્નાનગૃહની બાજુમાં મકાન બાંધવાની યોજના શરૂ કરી છે, આરસની સળંગ તક્તિમાં નામ લખવાના રૂા. ૨૫૧) છે. તેમાં ૮ નામ લખાય છે. તીર્થ વિકાસનાં કાર્યમાં આપની ઇંટ મુકાવી અમૂલ્ય લાભ લેવા વિનંતી છે.

**શ્રી તાલધ્વજ જૈન શ્વે. મૂ. તીર્થ કમિટિ**

ઠે. બાબુની જૈન ધર્મશાળા, **તળાજા** ( સૌરાષ્ટ્ર ) ( ટે. નં ૩૦ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાથે બેસવું

લેખક : શ્રી મુનિકુમાર મ. ભટ્ટ

જગતભરના તત્ત્વચિંતકોએ કહ્યું છે કે માનવીનું શ્રેષ્ઠ જીવન સુવિચારમય અવસ્થાનું છે. ચિંતનમગ્ન જીવન એ શ્રેષ્ઠ જીવન છે એમ ગ્રીક તત્ત્વજ્ઞોએ કહ્યું છે. પ્રાચીન કાળમાં તીર્થંકરો, ઋષિમુનિઓ જીવનનો મોટો ભાગ ચિંતનમાં ગાળતા અને એ અવસ્થામાં જ તેમણે સનાતન સત્યો શોધી કાઢયાં. બુદ્ધ ભગવાનને મહાભિનિષ્ક્રમણ સુધી દોરી જનાર જીવન સંઘર્ષમાંથી તરણોપાય ધ્યાન અને ચિંતન દ્વારા જ મળ્યું હતું. આર્ય ધર્મોએ આમ જીવનમાં ચિંતનને અતિ મહત્ત્વનું સ્થાન આપ્યું છે. વેદનાં વાકયો જેમાં વધારે સ્પષ્ટરૂપે સમજાવવામાં આવ્યાં છે તે ઉપનિષદો પણ ગુરુની પાસે બેસી ઇશ્વરની સન્નિધિ પ્રાપ્ત કરીને પચાવવાં જોઇએ એવો તેના નામમાં ધ્વનિ છે. આસપાસ બેસી સત્યનું, જીવઅજીવનું, નવ તત્ત્વોનું પરિશીલન કરવું તેમ પર્યુષણ શબ્દમાં ફલિત થતું દેખાય છે.

આજે તે સ્થિતિ નથી, તેનો અંશ પણ દેખાતો નથી. ચિંતન, મનન કે નિદિધ્યાસન, ધ્યાન, ધારણા, સમાધિની આજે વાતો કરનાર ઉપર કોઇ લક્ષ આપે તેમ નથી. લોક સમુદાયને ઘણે લાંબે ગાળે સિદ્ધ થઈ શકે તેવાં કામો ટૂંકામાં ટૂંકા વખતમાં સિદ્ધ કરવાનું ઘેલું લાગ્યું છે. જે યાત્રાઓ કરતાં માસોના માસો વીતી જાય તે થોડા જ કલાકમાં કરી લેવાની ફેશન થઇ છે, જે પુસ્તકોના અભ્યાસ પાછળ આખું જીવન નહીં તો જીવનનો સવિશેષ ભાગ ગાળવામાં આવતો તેના આજે સંક્ષેપો બહાર પડવાથી ટૂંક મુદતમાં વાંચી લઇ શકાય છે, યાંત્રિક વ્યવહારે માનવજીવનમાં ઝડપ આણી છે.

આના અનુસંધાનમાં એક વાત યાદ આવે છે. અમેરિકાનો કોઈ ગોળાર્ધ ખેડુ (ગ્લોબ-ટ્રોટર) ધનિક જગતના પ્રવાસે નીકળેલો ત્યારે તેણે વિશ્વવિખ્યાત વૈજ્ઞાનિક આલ્બર્ટ આઇનિસ્ટાઇનની મુલાકાત માટે દસ મિનિટ માગેલી અને આઇનિસ્ટાઇને તે આપેલી. મુલાકાત શરુ થઇ ત્યારે ધનિકે માગણી કરી કે તેમણે પોતાનો સાપેક્ષતાવાદનો સિદ્ધાંત ધનિકને દસ મિનિટમાં સમજાવી દેવો. આઇનિસ્ટાઇને ગંભીરતાથી ઉત્તર આપ્યો કે જે સિદ્ધાંત શોધતાં તેને ચાલીસ વરસ લાગેલાં તે કોઈને પણ દસ મિનિટમાં સમજાવવો અશક્ય છે. આ ઉત્તર લઇને ધનિક વિદાય થયો. પણ આઇનસ્ટાઇને તેને જે કહ્યું તે અત્યંત સંયમપૂર્ણ ઉક્તિ હતી તેથી તેણે જે ન કહ્યું તે જ આ વાત સમજવા માટે વધારે જરૂરનું છે અને તે એ તેના સાપેક્ષવાદમાં ચોથું પરિમાણ તે કાળ છે. પ્રવૃત્તિ, ગતિ કે વસ્તુમાત્ર કાલ સાથે સાપેક્ષ છે. અને જે મૂઢ સાપેક્ષવાદ માટે દસ જ મિનિટ આપવા માગે તેવાને તો તે વાદ દસ જન્મારે પણ સમજાય નહીં, તે સ્પષ્ટ છે.

પણ તે આડવાત છે અને અત્રે અપ્રસ્તુત પણ છે. જે પ્રસ્તુત છે તે એ છે કે એ ધનિકની મૂઢતા આજે જગતમાં સાર્વત્રિક બનતી જતી જણાય છે. તેથી સમગ્ર માનવ જીવન એક ત્વરાની હરિફાઇ જેવું બની ગયું છે. પરિણામે ખૂબ ધીરજ, અને સહનશીલતા પછી પ્રાપ્ત થતા સદ્ગુણો આપણામાંથી લુપ્ત થતા જાય છે આ દૃષ્ટિએ જોતાં ત્વરા અને શાંતિ વિરોધી છે. એટલે જ આ ત્વરાથી ભરેલું જગત અશાંતિથી ભરપૂર બની ગયું છે, અને એકંદરે જીવન જીવવા લાયક રહ્યું નથી કેમકે તે જીવવા માટે જે સમયની અપેક્ષા છે તે સમય જ માણસને મળતો નથી.

આર્ય સંસ્કૃતિએ આર્યજીવનના ઉપયોગનો વાર્ષિક તેમજ દૈનિક કાર્યક્રમ આપ્યો હતો. તેના ઉત્સવો, આચારો, પર્વો પાછળ શાંત, સ્વસ્થ, અને ઉપકારક



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જીવન યોજવાનો હેતુ હતો. તેથી માણસનું ચારિત્ર્ય ઘડાતું અને તેની અસંયત મનોવૃત્તિઓ ઉપર અંકુશ રહેતો. ધર્મ ગયો, તેના આચારો ગયા તેની સાથે-સાથે તેના આનુષંગિક સદ્‌ગુણો પણ જાય તે સ્વાભાવિક પરિણામ છે.

આજે બાલગુન્હાનું પ્રમાણ વધ્યું છે, વિદ્યાર્થી-ઓમાંથી શિસ્ત અને સંયમ ચાલ્યાં જવા લાગ્યાં છે. અનીતિ વધી છે. દુરાચાર સમાજ સંમત બન્યા છે. અને આજનો માનવ જે વનમાનવમાંથી સંસ્કાર પામી આકાશથી અવકાશ સુધી ફાળ ભરી ચૂકયો છે, તે જ માનવના સમકાલીન આપણે માનવમાંથી પદચ્યુત થતા થતા પશુથી એ અધમ કક્ષાએ જઈ પહોંચ્યા છીએ.

તે દશામાંથી વૃત્તિને સંસ્કારી બનાવવા, સુષુપ્ત બુદ્ધિને જાગ્રત કરવા, માનવ દૃષ્ટિમાં સમગ્ર વિશ્વ સમાય તેટલી વિશાળતા લાવવાના કેટલાક ઉપાયો પ્રાચીન ચિંતકોએ સૂચવેલા જ છે. તેમાંને એક છે ગુરુની પાસે બેસવું ( ઉપનિષદ ) અને તેવાજ અર્થ અને ભાવનો બીજો માર્ગ જે હજી પણ જીવન્ત રહેલો છે તે ( ગુરુની ) આસપાસ વસવું (પર્યુષણ)

જો આ પર્વને આ સંદર્ભમાં જોવામાં આવે તો આવાં પર્વો કેવળ એક વર્ગ, કે કોમને જ ઉપકારક નીવડવાને બદલ આખા સમાજને ઉપકારક નીવડવાની તાકાત ધરાવે છે. આમ પર્યુષણ એ માત્ર ધાર્મિક સદાચાર જ નથી પણ સમાજને ઉપકારક પર્વ પ્રવૃત્તિ છે.

## સુવાકયો

**न त्वहं कामये राज्यं न स्वर्गं नापुनर्भवम् ।**
**कामये दुःखतप्तानां प्राणिनामार्तिनाशनम् ॥**

હું રાજ્ય ઇચ્છતો નથી, સ્વર્ગ ઇચ્છતો નથી તેમ મોક્ષ પણ ઇચ્છતો નથી. હું તો દુઃખથી તપેલાં પ્રાણીઓનાં દુઃખોનો નાશ થાય એમ જ ઇચ્છું છું.

**वदनं प्रसादसदनं हृदयं सुधामुचो वाचः ।**
**करणं परोपकरणं येषां केषां न ते वन्द्याः ॥**

જેમનું મુખ પ્રસન્નતાનું ઘર છે, હૃદય દયાથી ભરેલું છે, વાણી અમૃતને વરસાવનારી છે અને પરોપકાર એ જ જેમનું નિત્યનું કામ છે, તેવા મનુષ્યો કોને માટે વંદનીય નથી ?

**ददतु ददतु गाली गालिमन्तो भवन्तः**
**वयमपि तदभावाद् गालिदानेऽसमर्थाः ।**
**जगति विदितमेतद् दीयते विद्यमानं**
**नहि शशकविषाणं कोऽपि कस्मै ददाति ॥**

તમે અમને ગાળો આપો છો ? ભલે, ગાળો આપો; કારણકે તમે ગાળોવાળા છો ( તમે ગાળો મેળવેલી છે, તેથી તમારી પાસે ગાળોનો સંગ્રહ છે ) પરંતુ અમારી પાસે અમે ગાળો રાખતા ન હોવાથી તમને ગાળો આપવા અસમર્થ છીએ. જગતમાં એ તો જાણીતું જ છે કે જે પાસે હોય, તેજ આપી શકાય છે. કોઈ સસલાનું શિંગડું કોઇને આપી શકતો નથી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ક્ષમા–એ દિવ્ય જ્ઞાનનો પ્રકાશ છે.

લે. **શ્રી ભાનુમતીબેન દલાલ.**

દશ પ્રકારના ધર્મમાં ક્ષમા ધર્મને સહુથી પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે. કારણકે બધા ધર્મોના મૂળમાં તો ક્ષમા ભાવ જ રહેલો છે. એ ક્ષમા ધર્મમાંથી અન્ય બધા ધર્મો પ્રકાશી ઉઠે છે. ક્ષમા એ જડનો નહિ પણ આપણા આત્માનો ગુણ છે. ક્ષમા એ દિવ્યપ્રકાશ છે. વધુ કહીએ તો ક્ષમા એ મોક્ષનો દરવાજો છે.

ક્ષમાનો બીજો અર્થ પૃથ્વી પણ થાય છે. પૃથ્વી દરેકનો ભાર વહન કરનાર છે. અને અનેક કષ્ટોને સહન કરનાર છે. આપણે તેને ખોદીએ તો તે ગુસ્સો નથી કરતી; તેમાં અન્ન વાવીએ તો આપણને સારો પાક આપે છે. તેમજ રસભર્યાં ફળફુલો આપી સહુને તૃપ્તિ કરાવે છે. પરંતુ આપણે જડ એવી આ પૃથ્વીની ક્ષમતા ઉપર વાતો કરીએ, તેના વિષે દૃષ્ટાંતો સાંભળીએ, ને લખીએ પણ ખરા, છતાં આપણે જે પ્રકારનો સંતોષ અનુભવવો જોઇએ તેવો અનુભવાતો નથી. કારણકે પૃથ્વીમાં આપણે જડતાના જ્ઞાનનો અનુભવ થાય છે માટે.

ત્રીજું ક્ષમા એ 'સહન કરવું' એવા અર્થવાળા 'ક્ષમ્' ધાતુ ઉપરથી બનેલો શબ્દ છે, અને એ એનો મૂલ અર્થ છે. કોઇ આપણી સામે ક્રોધ કરે, કોઇ આપણું અપમાન કરે, કોઇ આપણું નુકસાન કરે, કોઇ આપણને ઇજા પહોંચાડે, કે કોઇ આપણી નિંદા કરે તે બધી બાબતો સહન કરવી, ખમીખાવી તેને ક્ષમા ભાવ કહે છે. આ ક્ષમા આપણામાં સહજ રીતે આવી નથી શકતી. તે માટે આપણે હંમેશા પ્રયત્નશીલ અને સતત જાગૃત રહેવું પડે છે. ઉપર જણાવેલા કોઇપણ પ્રસંગ આપણા જીવનમાં આવે તેને આનંદથી સમજણથી કે સહજ ભાવથી અપનાવીએ તો એ ક્ષમા ગુણ બની જાય છે. પરંતુ આપણામાં ક્રોધ, માન આદિ કષાયોના દુર્ગુણો એવા પડ્યા હોય છે કે તે ક્ષમા ગુણને વિકસવા દેતા નથી. અને એ ક્રોધાદિ વિકારોને કદુ નિમિત્તો મળતાં શાંત રાખીએ તો જ ક્ષમા ગુણનો આદર કર્યો કહેવાય. આવો ગુણ પેદા થાય તો સામો ક્ષમા માંગતો આવે ત્યારે ક્ષમા આપવાનું મન થાય અને તેના ગુન્હાને પણ માફ કરવાનું મન થાય. પણ એ ક્ષમા સહજ ભાવથી અપાવી જોઇએ. એ રીતે અપાય તો ક્ષમા આપણને ભારરૂપ નથી લાગતી એ આપણી સ્વભાવગત બની જવાથી આપણે ક્ષમા આપ્યાબાદ એક પ્રકારની હળવાશ અનુભવીએ છીએ. ક્ષમા આપવાના પ્રસંગમાં એક વાત ખ્યાલ કરવી ઘટે કે ક્ષમા માગનારને ઉદારતાથી ક્ષમા આપવી. માગનાર પ્રત્યે તુચ્છતા ન દાખવવી. પણ ઘણીવાર જુદો જ અનુભવ માગનારને મળે છે. કોઇપણ વ્યક્તિએ આપણો ગુન્હો કર્યો હોય અને એ વ્યક્તિ પોતે જાતે આવીને પોતાના ભૂલોની ક્ષમા માંગી જાય તે આપણને અંદરથી ગમે છે. અને એ રીતે ક્ષમા માગે ત્યારે મનમાં ગર્વ અનુભવીએ છીએ. અને મનોમન બોલીએ છીએ કે "ભૂલ કરી હતી તો કેવો માફી માંગવા આવ્યો! અને આવ્યો એમાં નવાઇ એ શું કરી! ન આવે તો જાય ક્યાં?" આપણો આ ઘમંડ આપણી માનદશાને ઉત્તેજે છે અને નવા દુર્ગુણને ઉભો કરે છે પણ એના કરતાં બીજો માર્ગ લઇએ કે જે વ્યક્તિએ ગુન્હો કર્યો હોય તે વ્યક્તિ પોતાનો ગુન્હો કબૂલ કરે તે પહેલાં જ આપણે તેને બોલાવી પ્રેમથી, મમતાથી કે વાત્સલ્ય ભાવથી તેના ગુન્હાને પ્રથમ સમજાવીને પછી માફી કરીએ તો તે વ્યક્તિ ઉપર કેટલી સરસ છાપ પડે? તે નમ્ર બની જાય છે અને પોતે કરેલા પોતાના ગુન્હા માટે તેને પોતાનેજ પશ્ચાતાપ થાય છે અને આપણે આપેલી ક્ષમા ઉપર તે મુગ્ધ બને છે. ત્યારે જ ક્ષમાનો આત્મિકગુણ ઝળકી ઉઠે

એવીજ રીતે જ્યારે ક્રોધનો પ્રસંગ આપણામાં ઉપસ્થિત થાય, અને સામી વ્યક્તિ ઉપર ક્રોધ ન કરતાં, આવેલા ક્રોધને અંતરમાં સમાવી સહજતાથી સ્વાભાવિક



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રીતે ગળી જઇએ અને તેની જગ્યાએ તેના તરફ પ્રેમ, કરૂણા, મમતા અને દયાભાવ બતાવીને ક્ષમા આપીએ તો, તે વ્યક્તિના મન ઉપર ચોટ લાગે છે. એટલું જ નહિં પણ પોતે કરેલા સકારણ કૃત્ય માટે તેને પારાવાર પસ્તાવો થાય છે. અને તેની ભૂલો તેને પોતાને જ સમજાય છે. આવી ક્ષમા ભાવનો પ્રભાવ નીચેના દૃષ્ટાંત દ્વારા સમજીએ.

પર્યુષણ પર્વ જ્યારે જ્યારે આવે છે ત્યારે મહાસતી સાધ્વી ચંદનબાળા અને મહાસતી સાધ્વી મૃગાવતીનું દૃષ્ટાંત આપણે સાંભળીએ છીએ. અને પરસ્પર એ બન્નેની ક્ષમાએ એમનાં જીવનમાં દિવ્ય જ્ઞાનનો પ્રકાશ આપ્યો હતો તે પણ સાંભળીએ છીએ. એકવાર મહાવીર પ્રભુ દેશના આપતા હતા. તે વખતે ચન્દ્ર અને સૂર્ય એ બન્ને પોતાના પ્રકાશમાન મૂળ વિમાન સાથે પ્રભુના દર્શનાર્થે અને દેશના સાંભળવા આવ્યા હતા. તેથી ચારે બાજુ પ્રકાશ પ્રકાશ ફેલાઇ રહ્યો હતો. આ સમયે મહાસતી ચંદનબાળા અને મૃગાવતી પણ પ્રભુની વાણી સાંભળવા આવ્યા હતા. પ્રભુની વાણી સાંભળવામાં તન્મય બનેલા મૃગાવતીજીને સૂર્ય-ચંદ્રના પ્રકાશની હાજરીને લીધે સૂર્યાસ્ત થઇ ગયાનો ખ્યાલ નથી રહેતો એટલે તે ભગવાન પાસે રોકાઈ રહેછે. ત્યારે ચંદનબાળાજીને ખ્યાલ આવી જવાથી તેઓ સમયસર ઉઠી ઉપાશ્રયમાં જતાં રહેછે. આ બાજુ સૂર્ય-ચન્દ્ર વિમાન લઇને પાછા ફરે છે ત્યારે ઘોર અંધારૂ થઇ જાય છે. અને મૃગાવતીજી આર્યા મોડું થઇ જવાને કારણે પશ્ચાતાપ કરતાં કરતાં ઉપાશ્રયે આવે છે. અને આવતાં જ સાધ્વી ચંદનબાળા સાધ્વી મૃગાવતીને ઠપકો આપતા કહે છે કે "હે ભદ્રે ! હે આર્યે ! સાધ્વીજી બન્યા પછી ઉપાશ્રયમાં મોડું આવવું ન શોભે" વગેરે વગેરે કહ્યું. આ સાંભળીને મૃગાવતીજીને પોતાની ભૂલ બદલ ખૂબ પશ્ચાતાપ થાય છે અને પોતાની ભૂલની વારંવાર પોતાના ગુરુણીજી પાસે ક્ષમા માંગે છે. તેઓ સાચા ભાવથી પશ્ચાતાપ કરતાં કરતાં વિચારોની શુદ્ધિમાં આગળ વધે છે. અને છેવટે થોડા જ સમયમાં મૃગાવતીજીને જગતનાં દરેક રૂપી-અરૂપી-પદાર્થોને પ્રત્યક્ષ જોઇ શકવાવાળું એવું કેવલજ્ઞાન-સંપૂર્ણજ્ઞાન પ્રાપ્ત થાય છે. તમણે પ્રાપ્ત કરેલા સાચા દિવ્યજ્ઞાન વડે રાત્રિએ અંધકારવાળા ઉપાશ્રયમાં તેઓ પોતાના ગુરુણીજીના હાથ તરફ જતાં કાળા સર્પને જુએ છે. સર્પના દંશથી હાથને બચાવવા પોતાના ગુરુણીજીના હાથને બાજુએ ખસેડે છે. આ હાથને અડવાથી સાધ્વી ચંદનબાળા તુરત જ જાગી જાય છે અને પ્રશ્ન કરે છે કે "હાથ કેમ ખસેડયો ?" મૃગાવતીજી જવાબ આપતા કહે છે કે આપના હાથ તરફ સર્પને આવતો જોવાથી આપને ઇજા ન કરે અગર સર્પને તકલીફ ન થઇ જાય માટે આપનો હાથ ખસેડયો છે. આ સાંભળતાં જ ચંદનબાળા સાધ્વીજી એકાએક બેઠા થઇ ગયા. અને આશ્ચર્યથી પૂછવા લાગ્યા કે "આવા અંધારામાં તમને સર્પ દેખાયો કેવી રીતે ?" તે વખતે મૃગાવતીજી જવાબ આપે છે કે આપની કૃપાથી અપ્રતિપાતિ કેવલજ્ઞાન વડે દેખાયો ! આ સાંભળતાં જ ચંદનબાળા ગુરુણી હોવા છતાં પોતાની શિષ્યાના ચરણોમાં ઝૂકી પડે છે અને તેમના કેવલજ્ઞાનની આશાતના થવાથી વારંવાર તેની ક્ષમા માગે છે. અને તેમને પણ તુરત જ કેવલજ્ઞાન પ્રાપ્ત થાય છે. આમ સાચા ભાવથી માંગેલી પરસ્પર ક્ષમાપનાએ બન્નેના આત્મામાં દિવ્યજ્ઞાનનો પ્રકાશ પ્રગટાવી દીધો.

ક્ષમા અને પશ્ચાતાપ શું કામ કરે છે ! બન્ને આત્માઓને સર્વોત્તમ કક્ષાએ પહોંચાડી દે છે. ક્ષમા અને પશ્ચાતાપના સામાન્ય ગુણોએ કેવું કાર્ય સિધ્ધ કરી આપ્યું તે માટેનું આ અજોડ દૃષ્ટાંત છે.

પર્યુષણ પર્વના મહાન દિવસો નજીક આવી રહ્યાછે. અને આ આઠ દિવસો ક્ષમા ગુણ કેળવવાના દિવસો છે પ્રાણી માત્રને મનથી વચનથી અને કાયાથી ક્ષમા આપવી અને એમની માગવી, એ આ પર્વનું મુખ્ય ધ્યેય છે. માટે આ પર્વના દિવસોમાં આપણે પણ ભૂલોનો સાચા દિલથી પશ્ચાતાપ કરીને બીજાની ભૂલોની સાચા દિલથી ક્ષમા આપીએ, આટલો પાઠ આ પર્યુષણના દિવસોમાં શીખીએ તો પર્વની ઉજવણી સાર્થક થશે. અને આ પાઠ શીખવા આ દિવસોમાં આનુષંગિક જે આરાધના કરવાની હોય તેને પણ અમલમાં મૂકવાનું ન ચૂકીએ.

卐



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# मूर्च्छा परिग्रह

લેખક : **શ્રી મનસુખલાલ તા. મહેતા**

શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે પરિગ્રહ સંબંધમાં યોગશાસ્ત્રમાં કહ્યું છે કેઃ 'દુઃખના કારણભૂત અસંતોષ, અવિશ્વાસ અને હિંસાને મૂર્ચ્છાનું–પરિગ્રહનું ફળ સમજીને પરિગ્રહનો નિયમ કરવો.'

તત્ત્વાર્થ સૂત્રમાં શ્રી. ઉમાસ્વાતિ મહારાજે પરિગ્રહનું સ્વરૂપ સમજાવતાં કહ્યું છે કેઃ **मूर्च्छा परिग्रहः** મૂર્ચ્છા એટલે આસક્તિ. નાની, મોટી, જડ, ચેતન, બાહ્ય કે આંતરિક ગમે તે વસ્તુ હો–અને કદાચ ન પણ હો–છતાં તેમાં બંધાઇ જવું એટલે તેની પાછળની તાણમાં વિવેકને ગુમાવી બેસવો, એજ પરિગ્રહ છે.

માનવીના વિકાસમાં મહત્ત્વની વસ્તુ તેનું મન છે, એટલે એનાં મનની આસક્તિ–અનાસક્તિ તેમજ ભાવનાના જે મૂલ્ય છે તેટલા મૂલ્ય બહારની એની દેખાવસૃષ્ટિના નથી. સાધુઓ વસ્ત્ર પાત્ર, કંબળ, અને રજોહરણ રાખે છે, તે સંયમ અને લજ્જાના નિવારણ અર્થે જ હોય છે, અને આવા કારણસર રાખેલી વસ્તુને શાસ્ત્રમાં પરિગ્રહ ન કહેતાં માત્ર આસક્તિ–મમતાને જ પરિગ્રહ કહેલ છે.

ઉત્તરાધ્યયન સૂત્રમાં સ્પષ્ટ રીતે કહ્યું છે કે કામ ભોગના પદાર્થો પોતે તો સમતા કે વિકાર કશું ઉપજાવતા નથી, પણ રાગ અને દ્વેષથી ભરેલો જીવાત્મા જ તેમાં આસકત બની મોહથી તે વિષયોમાં વિકારને પામે છે. ક્રોધ, માન, માયા, લોભ, જુગુપ્સા, અરતિ, રતિ, હાસ્ય, ભય, શોક, પુરૂષવેદનો ઉદય, સ્ત્રીવેદનો ઉદય, નપુંસકવેદનો ઉદય, વિ. ભિન્ન ભિન્ન પ્રકારના ભાવો મોહ–મૂર્ચ્છાના કારણે જ ઉત્પન્ન થાય છે. ભાવ એ મનનો વિષય છે. મનોજ્ઞ ભાવ રાગના હેતુભૂત અને અમનોજ્ઞ ભાવ દ્વેષના હેતુભૂત છે. જે તે બન્નેમાં સમભાવ રાખી શકે છે તે જ વીતરાગી છે.

મહર્ષિ ભર્તુહરિએ કહ્યું છે કેઃ **न रम्यं नारम्यं प्रकृतिगुणता वस्तु किमपि** અર્થાત્ જગતમાં કોઇ પણ વસ્તુ એવી નથી, કે જે પોતાના સ્વભાવે જ સારી યા ખરાબ હોય, સારી યા ખરાબ તો તે વસ્તુ બને છે, તેનો કેવો ઉપયોગ થાય છે તેથી. એટલે વસ્તુઓ કે પદાર્થો કોઈ વ્યક્તિ પાસે હોય તો માત્ર તેથી જ તે વ્યક્તિ પરિગ્રહી છે એમ કહેવું ભૂલ ભરેલું છે; તેમ કોઇ વ્યક્તિ પાસે કાંઇ જ ન હોય તેથી જ માત્ર તે અપરિગ્રહી છે એમ પણ એકાન્તે કહી શકાય નહિ, કારણ કે કોઇ પણ વસ્તુ સ્થૂલ સ્વરૂપમાં ન હોવા છતાં તેના મનમાં વસ્તુ પ્રત્યે મૂર્ચ્છા-રાગ બેઠેલાં હોઈ શકે છે.

મધુ પ્રમેહના દર્દીઓ ખોરાકમાં સાકર–ગોળનો ઉપયોગ કરતા નથી, પણ તેમ છતાં સ્વાદ અર્થે સેકેરીન જેવી વસ્તુનો ઉપયોગ કરે છે; આમાં સાકર–ગોળનો ત્યાગ સ્થૂલદૃષ્ટિએ હોવા છતાં સ્વાદ પ્રત્યેની મૂર્ચ્છા તો પડેલી જ છે. આવી જ રીતે ઘી, તેલ વિ. વિગઇઓનો ત્યાગ કરનારાઓ પણ કપાસિયાં અગર અન્ય પદાર્થોમાંથી ઘી–તેલ જેવી બનાવટોનો ઉપયોગ કરતાં જોવામાં આવે છે. આવા બધા ત્યાગ સ્થૂલ દૃષ્ટિએ ત્યાગરૂપે દેખાતા હોવા છતાં, તેની પાછળ મૂર્ચ્છા તો પડેલી જ છે, એટલે આ પ્રકારના ત્યાગ એ સાચા અર્થમાં ત્યાગ નથી પણ માત્ર ત્યાગનો આભાસ છે. ત્યાગનો સંબંધ માત્ર પદાર્થો સાથે ન રહેવો જોઇએ, પણ મન સાથે હોવો જોઇએ. આંતર મનમાં જ્યાં સુધી ત્યાગની ભાવના દૃઢ થઇ નથી ત્યાં સુધી આચારમાં તેનું સંપૂર્ણ પાલન થવું અશકય છે, અને તેથી જ આપણે જોઇએ છીએ કે લોકો સ્વાદની બાબતમાં વિગઇઓનો ત્યાગ કર્યા છતાં ત્યાગની અવેજમાં સ્વાદતૃપ્તિ અર્થે અન્ય પદાર્થોનો ઉપયોગ કરે છે. પણ આવા ત્યાગના મૂલ્ય જૈન દર્શનમાં નહિવત્ છે. આપણા જ્ઞાની પુરુષોએ સાચું જ કહ્યું છે કેઃ 'ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના.' વૈરાગ્ય એટલે સંસાર અને જગત વિષેના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સાચા સ્વરૂપના ભાનથી ઉપજેલી વિરક્તિ. તેથી ત્યાગમાં વૈરાગ્ય એ પાયારૂપ છે, અને પાયાની મજબૂતાઇના પ્રમાણમાં જ ત્યાગની ભવ્યતા હોય છે. બાહ્યદૃષ્ટિએ સંપૂર્ણ રીતે ભોગમાં ડૂબેલો દેખાતો માનવ આંતરદૃષ્ટિએ મહા ત્યાગી પણ હોઇ શકે છે, અને આ બાબત જનક વિદેહીની નીચેની વાતમાંથી સમજી શકાય છે.

જનકવિદેહી ભવ્ય રાજમહેલમાં રહેતા, રત્નજડિત સિંહાસને બેસતા, અને પોતાની રાણીઓ સાથે આનંદ પ્રમોદ પણ કરતા. બાહ્યદૃષ્ટિએ અન્ય રાજવીઓની માફક જ બધો વૈભવ ભોગવતા, અને તેમ છતાં ઋષિમુનિઓ પણ તેમને જનકવિદેહી કહેતા. એમના મુખ્ય પ્રધાનને તેમનો આવો બધો વૈભવ જોઇ વિચાર આવ્યો કે આવા રાજવીને વિદેહી કહી જ કેમ શકાય? પછી તો એક દિવસે ભર રાજસભામાં જ તેણે આવો પ્રશ્ન જનકરાજાને પૂછ્યો. રાજા પોતે આવો પ્રશ્ન સાંભળી ઘડી બે ઘડી માટે તો વિચારમાં પડ્યા પણ પછી પ્રધાનજીને જવાબ આપતાં કહ્યું: તમારો પ્રશ્ન બહુ ઉત્તમ છે, અને યોગ્ય વખતે તેનો સંતોષકારક જવાબ પણ મળી રહેશે.

ત્રણ ચાર માસ પસાર થયા છતાં પ્રધાનજીને તેના પ્રશ્નનો ઉત્તર ન મળ્યો, એટલે તેને લાગ્યું કે જનકરાજા આ પ્રશ્નનો ઉત્તર આપી શકે તેવું છે જ નહિ, અને તેના પ્રશ્નના ઉત્તરની વાત તે ભૂલી પણ ગયો.

તે પછી, એક દિવસે ભોજન લીધા પછી પ્રધાનજી જ્યારે આરામ લઇ રહ્યા હતા, ત્યારે જનકના ખાનગી મંત્રી આવ્યા અને રાજાનો સંદેશો આપતાં કહ્યું કે 'રાજસભાના તમામ સભ્યો અને અમલદારોનો એક ભોજન સમારંભ આજે સાંજનાં રાજમહેલમાં ગોઠવવામાં આવ્યો છે, અને આપને પણ તે ભોજન સમારંભમાં આવવાનું છે.' પ્રધાનજીએ આમંત્રણનો સ્વીકાર કર્યો, અને એવા આમંત્રણ માટે રાજા પર આભાર માનતો પત્ર લખી મંત્રીજીને આપ્યો.

એ જમાનામાં આજના જેવા રેડીઆ, ટેલીફોન કે દૈનિક પેપરો ન હતાં, એટલે પ્રજાને કાંઇ સંદેશો આપવો હોય તો ઢોલ અને ઢોલી દ્વારા તે અપાતાં. પ્રધાનજી આરામ લઇ ત્રણ વાગે ઉઠ્યાં ત્યારે રાજ્યનો ઢોલી ઉભી બજારે સાદ પાડતો હતો, અને પ્રધાને અટારી ઉપર આવી સાંભળ્યું કે: 'રાજ્ય મહેલમાં આજે સાંજે ગોઠવેલો ભોજન સમારંભ પૂરો થયા બાદ આપણા મુખ્ય પ્રધાનને મહેલની પાછળના ઉદ્યાનમાં શૂળી પર ચઢાવવાના છે.

પ્રધાન તો આ સાંભળીને સ્તબ્ધ થઈ ગયા. પોતાની પત્ની અને પુત્રોને બોલાવી તેમને બધી ભલામણ કરી અને કહ્યું કે એક મૂર્ખાઇ ભરેલો પ્રશ્ન રાજાને પૂછવાના કારણે તેને શૂળીએ ચઢવાનો વખત આવ્યો. સાંજનાં સોગિયું મોઢું લઇ પ્રધાન ભોજન સમારંભમાં ગયા, અને રાજાના પાટલાની પડખેજ પ્રધાનજીનો પાટલો રાખવામાં આવ્યો હતો. બત્રીસ જાતનાં ભોજન અને છત્રીસ જાતનાં શાક પીરસાઇ રહ્યાં, એટલે રાજાએ સૌના સાંભળતાં પ્રધાનજીને ભોજન શરૂ કરવાની આજ્ઞા કરી. પ્રધાનને તો ભોજન પદાર્થોમાં શું સ્વાદ આવે? કારણ કે જીવનનું એ અંતિમ ભોજન હતું, અને ભોજન બાદ તો તુરત મરણને શરણ થવાનું હતું. છતાં જનક રાજાએ પ્રધાનને પૂછ્યું: બોલો પ્રધાનજી! આજની રસોઇનો સ્વાદ કેવો લાગે છે? બધા મહેમાનો પ્રધાન શું જવાબ આપે છે તે સાંભળવા આતુર હતા, ત્યાં તો પ્રધાનજીએ કહ્યું: સાચું પૂછો તો નામદાર! આ ભોજન મને ઝેર જેવું લાગે છે, મારૂં ચિત્ત ભોજન પદાર્થો કે તેના સ્વાદમાં નથી, પણ ઘડી બે ઘડી બાદ આવવાના મૃત્યુમાં ચોટેલું છે.

મુખ્યપ્રધાનના આ દુ:ખનો પડઘો બધા મહેમાનોનાં મોઢાં પર જોઈ શકાતો હતો. જનક રાજાના આવાં વિચિત્ર પગલાં પાછળ રહેલાં ગૂઢ રહસ્યની કોઇને જાણ ન હતી. જનક વિદેહી પ્રધાનનો ઉત્તર સાંભળી જમતાં જમતાં તરત ઉભા થયા અને બધા મહેમાનોને ઉદ્દેશી બોલ્યા: સજ્જનો! થોડા દિવસો પહેલાં પ્રધાનજીએ લોકો મને ભોગો ભોગવતાં છતાં વિદેહી તરીકે કેમ ઓળખે છે? એવો પ્રશ્ન પૂછયો હતો, અને તેમના એ પ્રશ્નનો ઉત્તર તો હમણાં જ તેમણે આપેલા જવાબમાંથી મળી જાય છે, છતાં વધુ સ્પષ્ટ કરવા ખાતર કહું કે આપણા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પ્રધાનજીને ઘડી બે ઘડી પછી મૃત્યુ થશે એમ જાણીને ભોજન પદાર્થમાંથી જેમ રસ ઉડી ગયો તેમ જીવન ક્ષણભંગુર છે એમ સમજી મૃત્યુને હરહંમેશ હું મારી સામે રાખી માત્ર કર્તવ્ય પાલન અર્થે આ જગતમાં રહું છું, એટલે એ ભોગોમાં મારૂં ચિત્ત નથી, અને અલિપ્તભાવે ભોગો ભોગવું છું તેથી જ લોકો મને વિદેહી તરીકે ઓળખે છે. પ્રધાનજીને શૂળીએ ચઢાવવાની જાહેરાત તો માત્ર આ પ્રશ્નનો ઉત્તર સમજાવવા અર્થે કરી હતી, કારણ કે આમ કર્યા સિવાય આ પ્રશ્નનો ઉત્તર સમજી શકાય તેમ ન હતું.

ભોગો ભોગવતાં છતાં જનકરાજાની માફક જે અલિપ્ત ભાવે રહી શકે, તે અપરિગ્રહી છે, કારણ કે તેમાં મૂર્ચ્છાનો અભાવ છે. આજ રીતે, સંસારના ભોગોનો ત્યાગ કરી યોગીની માફક ધ્યાન મગ્ન રહેવા છતાં મોહ અને રાગમાં લપટાઈ જવાય છે, તેનો રાજર્ષિ પ્રસન્નચંદ્રનો દાખલો પણ જૈન શાસ્ત્રોમાં સુપ્રસિદ્ધ છે.

શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શ આ પાંચે ઇન્દ્રિયોના વિષયો છે, અને તેનો સંબંધ માનવીના મનની સાથે છે. જે મનુષ્ય રાગ કે દ્વેષને આધીન થયા સિવાય આ વિષયો વચ્ચે અલિપ્ત ભાવે રહી શકે તે શોક રહિત જીવન જીવી શકે છે; અને આવો માનવ ,કમળ પત્ર જેમ જળથી લેપાતું નથી, તેમ આ સંસારની વચ્ચે રહેવા છતાં દુઃખોની પરંપરાથી લેપાતો નથી.

ભારતની જનતાની સેવામાં
અમારી ઉત્તમ બનાવટો
લોખંડના ગોળ અને
ચોરસ સળીયા, પટ્ટી,
પાટા વિ.

રોલીંગ મીલમાં ઉપયોગી થાય તેવો ભંગાર જેવો કે જાડાના તૂટેલા જૂના ધરા, પાકો માલ તથા પ્લેટના ટુકડા છ આની ઉપરની જાડાઇના બે ફુટ ઉપરની લંબાઇના અમો ખરીદ કરીએ છીએ.
ભાવ તથા માલની વિગત લખો.

ભારત આયર્ન એન્ડ સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ : રૂવાપરી રોડ, ભાવનગર

ઘર : C/o ૧૫૯
ફોન નં. : ૨૧૯

આઝાદી અમર રહો.

ગ્રામ : IRONMAN



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ક્ષમાપના-પર્વ

લે: શ્રી ઝવેરભાઇ. બી. શેઠ બી. એ.

પર્વાધિરાજ પર્યુષણ પ્રતિવર્ષ આવે અને જાય છે, તદનુસાર આ વરસે પણ એ મહાપર્વ આવેલ છે, આ મહાપર્વનો મહિમા અપરંપાર છે. તે તેની સાથે ધર્મની મહાન ઉજવણી લાવે છે આ ઉજવણીમાં દાન, શીલ તપ, ભાવ અને ક્ષમા મુખ્ય હોય છે. તેનો લાભ આબાલવૃધ્ધ સહુ લે છે. પ્રત્યેક વ્યક્તિ, આ મહાપર્વ દરમ્યાન, યથાશક્તિ દાન આપે છે, તપશ્ચર્યા કરે છે, શિયળ સાચવે છે અને ઉચ્ચ ભાવના રાખવા યત્ન કરે છે, તેમજ ક્ષમાપનવિધિ કરે છે.

પરંતુ એક વસ્તુ આપણે સૌ કદાચ ભૂલી જઇએ છીએ કે ઉપર જણાવ્યા તે ધર્મના પાંચે ભેદો સાધનરૂપ છે—સાધ્ય નથી. તે સાધનોનો શુધ્ધરીતે ઉપયોગ કરીને આપણે મોક્ષદ્વારે પહોંચવાનું છે. એનો અર્થ એ થયો કે સાધનારૂપ ધર્મના આ સઘળા ભેદોને માત્ર પર્યુષણ દરમ્યાન જ નહીં પરંતુ દિન-પ્રતિદિન અને આઠે પ્રહર આચરવાના છે. આપણી પ્રત્યેક ક્રિયા તેને અનુલક્ષીને હોવી ઘટે છે એટલું જ નહીં પરંતુ પ્રત્યેક ભેદનું આચરણ શુભ ભાવે શુધ્ધ ભાવે અને ઉચ્ચતર ભાવે કરવાનું છે.

વિજ્ઞાન, ચલચિત્રો અને અણુંબોંબના આ યુગમાં કહેવાતો સુધરેલો અને વિકાસ પામેલો પ્રત્યેક માનવી સંતપ્ત છે. હકીકતમાં તેને સાચું સુખ, શાશ્વતસુખ અને ચિર શાંતિ મેળવવાની ઝંખના છે. તેની પ્રાપ્તિ અર્થે તે બાહ્ય જગતમાં સર્વત્ર હરણફાળ ભરે છે-વલખાં મારે છે. પરંતુ સરવાળે નિરાશ થઇને તે પાછો ફરે છે.

પોતાના આત્મામાં જ સુખના મહાસાગર, અખંડ આનંદ ભર્યા પડ્યા છે તેનો તેને ખ્યાલ આવતો નથી કસ્તૂરીમૃગની જેમ.

સાચું સુખ, ખરી શાંતિ મેળવવા માટે માનવીએ બહિર્મુખ નહી અંતર્મુખ થવું પડશે. Real happiness comes from within and not from without સાચું સુખ અંતરાત્મામાંથી મળે છે, બહારથી નહીં. તેની સાચી શોધ કરવા માટે આ મહાપર્વ આપણને સૌને જાગ્રત કરે છે.

તેથી ધર્મના ઉપરોક્ત સઘળા ભેદોને આપણે વિસ્તૃતરીતે તપાસીશું તો ધર્મનો સાચો મર્મ આપણને સમજાશે.

શ્રી શાલિભદ્રની માતા ભદ્રાદેવીની માફક દાન, ગુપ્ત, સુપાત્રે અને ફરજરૂપે આપવું જોઇએ. કીર્તિદાન વર્જ્ય ગણવું જોઇએ કેમકે તેમાં અહંભાવ અને કીર્તિ મેળવવાનો સ્વાર્થ સંમિલિત બને છે. જે જે ક્ષેત્ર સીઝાતું હોય તેના તરફ લક્ષ આપવું જોઇએ. આ કપરા કાળમાં મુખ્યત્વે સીઝાતા સાધર્મિક ભાઇઓ પ્રત્યે સહાનુભૂતિપૂર્વક ધ્યાન આપવાની જરૂર છે. તેમને પેટ પૂરતું ખાવા મળતું નથી, અંગ ઢાંકવા પૂરાં વસ્ત્રો મળતાં નથી, રહેવા નાનું એવું ઝુંપડું પણ મળતું નથી તેથી તેઓ ધર્મવિમુખ બનતા જાય છે. તેમને માટે સારાએ જૈનસમાજે —જે ધારે તેટલું ભંડોળ એકઠું કરી શકે તેમ છે-એક મોટું ભંડોળ એકઠું કરવું જોઇએ. તેમાંથી સીઝાતા સાધર્મિક ભાઇઓને, જરૂર પડયે, ગુપ્ત દાનમાં ખાદ્ય-પદાર્થો, વસ્ત્રો ઇત્યાદિ પૂરા પાડવા જોઇએ. એટલું જ નહીં પરંતુ આવા કામધંધા વગરના ભાઇઓને કાં તો યોગ્ય નોકરી અપાવી દેવી જોઇએ અગર તેમને અમુક મુડી આપીને ધંધે ચડાવવા જોઇએ. પ્રત્યેક આત્મામાં પરમાત્મા થવાની શક્તિ છે એટલે સિધ્ધાંતથી પ્રત્યેક માનવી પરમાત્મ સ્વરૂપ છે. તેથી માનવસેવાને પ્રભુસેવા ગણીએ તો ખોટું નહીં લેખાય. આવા ભંડોળની યોગ્ય વ્યવસ્થા માટે ગામેગામ પ્રતિષ્ઠિત સજ્જનોની બનેલી સમિતિ નીમવી જોઇએ તો આ કાર્ય ઘણું સરળ અને વ્યવસ્થિત બનશે.

તપશ્ચર્યા હળવી કરીએ યા ઉગ્ર, પરંતુ તપ દ્વારા આત્મા ઉપર ચડેલા કર્મના પડળો ઉખડતા જવા જોઇએ એનો અર્થ એ કે જેમ જેમ તપશ્ચર્યા ઉગ્ર તેમ તેમ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સમતાભાવ વિશેષ અને આત્મશુદ્ધિ અધિક. આના અનુસંધાનમાં એક સંસ્કૃત શ્લોક સમજવા જેવો છે.

छिन्नं छिन्नं पुनरपि पुनः स्वादु चैवेक्षुदंडम्
घृष्टं घृष्टं पुनरपि पुनः चंदनं चारुगंधम् ।
दग्धं दग्धं पुनरपि पुनः कांचनं कान्तवर्णम्
न प्राणान्ते प्रकृतिविकृतिर्जायते ह्युत्तमानाम् ॥

શેરડીને જેમ જેમ ચાવીએ તેમ તેમ તે વધારે મીઠી સ્વાદિષ્ટ લાગે છે, ચંદનને જેમ જેમ ઘસીએ તેમ તેમ તે વધુ સુગંધ આપે છે. સોનાને જેમ જેમ તપાવીએ તેમ તેમ તે અધિક શુધ્ધ બને છે; ઉત્તમ પુરુષો પ્રાણાંતે પણ પોતાના સ્વભાવની વિકૃતિ થવા દેતા નથી.

એ જ રીતે જેમ જેમ આપણે તપશ્ચર્યા કરીએ તેમ તેમ આત્મશુધ્ધિ વધુ થવી જોઇએ. સમતાભાવ વધુ જાગવો જોઇએ.

માનવીમાત્ર સ્ત્રી કે પુરુષ શિયળથી–સંયમથી શોભે છે, અલંકારથી નહીં. સાચા સંયમી માનવીઓને આજના સૌંદર્યનાં પ્રસાધનો વાપરવાની જરૂર પડતી નથી. તેના મુખની કાંતિ જ અલૌકિક હોય છે. ચલચિત્રો અને વર્તમાનયુગની ફેશનની અસર નીચે આપણે સૌ અસંયમ તરફ વધુ ગમન કરી રહ્યા છીએ એક વખત જેમણે સંયમનો મહાપ્રભાવ પારખ્યો છે, તે માનવી કદી અન્યથા વિચારતો નથી. સંયમ કુદરતી છે–અસંયમ કૃત્રિમ છે. અસંયમ દેહ અને આત્મા ઉભયને હાનિરૂપ છે, માટે વર્જ્ય છે.

આ સઘળામાં ઉચ્ચસ્થાને બિરાજે છે માણસના ભાવ. જેવો ભાવ તેવો પ્રભાવ; જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ; ભાવ જેટલા ઊંચા એટલે અંશે જીવન ઊંચું Man is architect of his own character. માનવી માત્ર કારીગર–શિલ્પી છે અને તે પોતે પોતાનું ભાવિ—પોતાનું ચારિત્ર ઘડી શકે છે.

આત્માજ આત્માનો શત્રુ અને મિત્ર છે. સદ્‌વિચારો કરનાર–શુભ ભાવના સેવનાર માનવી સત્પંથે વિચરે છે અને કુવિચારો કરનાર માણસ વિપથગામી બને છે. પ્રત્યેક માનવીને બુધ્ધિ મળી છે તે અસાર વસ્તુને છોડી દેવા માટે. તેથી એ બુધ્ધિનો બરોબર ઉપયોગ કરી સન્માર્ગ પ્રતિ પ્રયાણ કરવું **मन : एव मनुष्याणां कारणं बंधमोक्षयोः ।** માનવીનું મન એજ બંધનું તેમજ મોક્ષનું કારણ છે. મનની ચંચળવૃત્તિઓને કાબૂમાં રાખી જે માનવી સ્થિર બુધ્ધિ પ્રાપ્ત કરે છે, મનની સમતુલા જાળવે છે અને તટસ્થભાવે વિચારી શુભ ચિંતવન કરે છે તે માનવી પોતાના આત્માનું કલ્યાણ કરે છે અને બીજાના આત્માનું કલ્યાણ સાધવામાં સહાયભૂત બને છે.

પર્યુષણનો મહાપ્રભાવ તેના ક્ષમાપન-વ્રતમાં છે.

खामेमि सव्वे जीवे सव्वे जीवा खमन्तु मे ।
मित्ति मे सव्वभुएसु वेरं मज्झं न केणइ ॥

ક્ષમું હું સર્વ જીવોને સવી જીવો ક્ષમે મુજને,
મને છે મૈત્રી સૌ સાથે, નથી કો સાથ વૈર મુજને

ટળે ના વૈરથી વૈર, ટળે ના પાપ પાપથી
ટાળવા વૈર ને પાપ, મૈત્રીધર્મ સનાતન.

**क्षमा वीरस्य भूषणम् ।** ક્ષમા આપવી–માફી આપવી તે વીરનું–બહાદુરનું ભૂષણ છે. ભગવાન મહાવીરને ખીલા ખોડનાર ગોવાળોને તેમણે ધાર્યું હોત તો ઘડીના છઠ્ઠા ભાગમાં હતા–નહોતા કરી નાખત તેમનામાં તેમ કરવાની અખૂટ શક્તિ ભરી હતી.

પરંતુ તેમ કરવું તે બહાદુરીનું લક્ષણ નથી. વીર પુરુષ બહાદુર માણસ તો તે જ ગણાય છે જે આવા પરિતાપોને સમભાવે સહન કરે અને એવી ભૂલ કરનારને ઉદારતાથી ક્ષમા આપે. નિર્બળ માનવી–નબળા મનનો માનવી બીજાને માફી–ક્ષમા આપી શકતો નથી.

રાજસ્થાનમાં બની ગએલી એક હકીકત દૃષ્ટાંતરૂપે જોઇએ.

ચિતોડના રાજાનો માનીતો કવિ સામત પોતાના કુવાનું ખૂન કરીને ચિતોડ પાછો આવી ગયો. તેમ કરવાનું કારણ એ હતું કે તેના કુવાએ તેના (સામતના)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પિતાનું ખૂન કરેલું. હવે સામતનું ખૂન કરવા માટે–વેરની વસુલાત કરવા માટે–તેના ફુવાના બે પુત્રો વેશ પલટો કરીને ચિતોડમાં આવ્યા. તેમણે કિર્તનકાર તરીકે ચિતોડના મહારાજાનું અને સામતનું મન જીતી લીધું. તેમણે દાઢી-મૂછ રાખ્યા હતા અને અવાજમાં પણ પલટો કરેલો તેથી સામત પણ તેમને ઓળખી ન શકયો. સામતે પોતાના મહેલ પાસેની ઓરડીઓમાં આ બન્ને કિર્તનકારોને સ્થાન આપ્યું. તેઓ બન્ને તો સામતને મારી નાખવાની તક શોધતા હતા. પરંતુ સામત એકલો પડતો જ નહીં.

એકદા સામતને ઘોડા ઉપર બેસીને એકલો જતો જોઇને આ બન્ને ભાઇઓ તેની પાસે ગયા અને કહ્યું કે પોતે તેના ફુવાના પુત્રો છે અને વેરની વસુલાત કરવા આવ્યા છે. આવું સાંભળીને સામતે કહ્યું કે અહીં શહેર વચ્ચે તમે મને ઇજા પહોંચાડવા પ્રયત્ન કરશો તો તમે જ સપડાઇ જશો માટે આજે ગામને છેડે આવેલા શિવના મંદિરે તમે પહોંચી જજો હું ત્યાં આવીશ અને તે પણ એકલો જ એવું મારૂં વચન છે.

એ જમાનામાં વચનની કિંમત હતી. બહારથી આવીને સામતે તેની પત્ની રોહિણીને બનેલી હકીકત કહી. તેમનું આ મિલન કદાચ છેલ્લું પણ હોય. રોહિણી બહાદુર સ્ત્રી હતી. તેણે તેના પતિને વચન પાળવા માટે પ્રોત્સાહન આપ્યું.

મુકરર સમયે બન્ને કિર્તનકારો શિવને મંદિરે પહોંચી ગયા. થોડીવારે સામત પણ આવી પહોંચ્યો. ખડ્ગો ખણખણે એટલી જ વાર હતી. ત્યાં દૂરથી ઘોડાના ડાબલા સંભળાયા. બે ઘોડા ઉપર એકજ સવાર આવતો હોય તેમ લાગ્યું. બન્ને ભાઇઓને લાગ્યું કે સામતે દગો કર્યો છે. ત્યાં તો જોતજોતામાં સામતની પત્ની રોહિણી બે અશ્વો ઉપરથી ઉતરીને તેના બન્ને દિયરને સંબોધીને કહ્યું:

'તમારે જે કાર્ય પતાવવું છે તે જલદી પતાવો. તમારા ભાઇનું માથું ધડથી જુદું કરો એટલે વેરની વસુલાત થઇ જશે. એ કાર્ય પત્યા પછી તમે પકડાઇ ન જાવ અને આ બન્ને અશ્વો ઉપર બેસીને તમે ઉભય અહીંથી દૂર દૂર પવનવેગે નાસી જઇ શકો એટલા માટે જ હું આ બે અશ્વો લાવી છું.'

પોતાના પતિને મારનારને પણ બચાવવાની વૃત્તિ સેવનાર આ દેવીની આવી વાણી સાંભળીને એ બન્ને ભાઇઓના હૃદયનું પરિવર્તન થયું. તેમણે સામતને મારવાનો વિચાર માંડી વાળ્યો. પોતાની ભૂલ માટે માફી માગી અને બન્ને દિયર ભાભીના પગમાં પડીને બોલવા લાગ્યા.

'ક્ષમાની દેવી, રોહિણી ભાભી! તમે અમારા અંધકારને દૂર કર્યો. આજે અમે વેર લીધું હોત તો આ પરંપરા કદાચ ચાલ્યા જ કરત. ખરેખર તો તમે અમારા ભાઇ સામતને જીવતદાન આપવાને બદલે, અમને જ જીવતદાન આપ્યું છે.'

આ એક બનેલી હકીકત છે. એટલા માટે આપણા જ શત્રુ હોય તેને સાચા હૃદયથી માફી આપવી તેનું નામ જ ક્ષમાપના. ક્રોધે ભરાવું, કોઇને મારવા કે મારી નાખવા તે સમતાભાવનો અભાવ સુચવે છે અને તેથી જ તે કાયરતા છે. ક્ષમા તો વીર પુરુષો જ આપી શકે છે. એટલે જ પર્યુષણને આપણે ક્ષમાપનાપર્વ કહીએ તો ઉચિત લેખાશે. ક્ષમાપના પર્વ ઉજવ્યું ત્યારે ગણાય કે જ્યારે આપણે આપણા રોજીંદા જીવનમાં જ્યાં જ્યાં અને જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે ક્ષમા બક્ષીએ.

---

**સાચો માર્ગ કયો ?**

વેદોમાં જુદા જુદા મતો છે અને સ્મૃતિઓ પણ ભિન્નભિન્ન મત ધરાવનારી છે. એવો એક પણ મુનિ નથી, જેનો મત બીજાથી જુદો પડતો ન હોય. ધર્મનું તત્ત્વ અજ્ઞાત છે તો પછી જે માર્ગે મહાન પુરુષો વિચરતા હોય, તે જ માર્ગ સાચો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અભયદાન

લેખક : ડૉ. વલ્લભદાસ નેણસીભાઇ

પર્વાધિરાજ પર્યુષણ પર્વ તરત જ આવી રહ્યા છે તે માટે આત્મ નિરીક્ષણ કરવાની તૈયારી અત્યારથી જ કરવાની રહે છે જેથી પર્યુષણ દરમ્યાન તેનું સાચું સરવૈયું નીકળી શકે. પર્યુષણ પર્વમાં પાંચ કર્તવ્યો કરવાનો ઉપદેશ જે શાસ્ત્રકારોએ આપ્યો છે તેમાં "અમારી પડહ"ને પ્રથમ સ્થાન અપાયું છે. "અમારી પડહ" એટલે જીવોને અભયદાન આપવું અને ઘોર હિંસાના પાપમાંથી બચવું અને અહિંસાવ્રતને આદરવું.

**जीवानां रक्षणं श्रेष्ठं जीवा जीवितकांक्षिणः**
**तस्मात् समस्तदानेभ्योऽ भयदानं प्रशस्यते ॥ १ ॥**

**ભાવાર્થ :-** દરેક જીવાત્મા પોતાના જીવનની અને સુખની ઇચ્છા કરે છે. તેથી જીવોનું રક્ષણ કરવું, ભય અને દુઃખથી તેઓને મુક્ત કરવા તે શ્રેષ્ઠ છે. ભય એટલે ત્રાસ અને દુઃખ-અશાંતિ-કીલામણા વિગેરેથી મુક્ત કરવા તેને અભયદાન કહે છે.

મહાત્મા તુલસીદાસજી કહી ગયા છે કે :- " દયા ધર્મકા મૂલ હૈ, પાપ મૂલ અભિમાન " અર્થાત્ ધર્મનું મૂલ દયા છે, ત્રાસથી દુઃખી થતા જીવાત્માને ભય મુક્ત કરવાથી દીર્ધાયુ સૌન્દર્ય આરોગ્યતા ગંભીરતા વિગેરે ઉત્તમ ગુણોની પ્રાપ્તિ થાય છે. નીતિ શાસ્ત્રકાર પણ કહે છે કે :- त्यजेद् धर्मं दयाहीनं क्रियाहीनं गुरूं त्यजेत् ક્રિયા એટલે સદાચાર -સતચારિત્ર તે વિનાનો ગુરૂ ત્યાગવા યોગ્ય છે. તેમ દયાવિહિન ધર્મ પણ ત્યાગવા યોગ્ય છે. જે ધર્મમાં યા ધર્મના નામે કષાય કે કલેશની વૃદ્ધિ થતી હોય, બીજા જીવોને ત્રાસ થતો હોય જીવાત્માઓના સુખ તથા શાંતિનો લય થતો હોય, જીવોને રિબાવવાનું કે દુઃખી થવાનું થતું હોય તે ધર્મ નથી પણ અધર્મ છે માટે તે ત્યાગવા યોગ્ય છે.

કોઇ પણ જીવને દુઃખ આપનાર પોતાના સ્વાર્થને માટે બીજાનું અપ્રિય કરનાર બીજાને ત્રાસ આપનાર, તેનો ઘાત કરનાર એવા મનુષ્યાત્માનું હૃદય નિષ્ઠુર કઠોર હોય છે તેવા પાપી હૃદયીને સદ્બોધ કે સદ્જ્ઞાનની પ્રાપ્તિ થતી નથી. તે પરમાત્મપદને પામી શકતો નથી. પરંતુ જે આત્મા બીજાને દુઃખમુક્ત કરવા પોતાના તન-મન-ધન સર્વસ્વનો ભોગ આપી તેને સુખી કરે છે તે આત્માનું હૃદય કોમલ હોય છે જેથી તે સદ્બોધ કે સદ્જ્ઞાનને પામી શકે છે એક મહાત્માએ પણ કહ્યું છે કે :-

**परप्राणैः निजप्राणान् सर्वे रक्षन्ति जंतवः ।**
**निजप्राणैः परप्राणान् यो रक्षति स उत्तमः ॥**

પારકા જીવોને દુઃખ આપી કષ્ટ તથા શંકામાં નાંખી તેને મારી કુટી ઘાત કરી બીજાના પ્રાણોનો સંહાર કરી પોતાનું રક્ષણ કરનારા અનંત જીવો આ વિશ્વમાં ભર્યા છે પણ પોતાના પ્રાણવડે પારકાનું રક્ષણ કરનાર જગતમાં કોઇક વિરલા છે અને તે જ ઉત્તમ નર લેખાય છે. દયા વિના દાન, ભિક્ષા, પૂજન સામાયિક-વ્રત-ધ્યાન તપ-જપ એ બધાં જળતરંગવત્ નિષ્ફળ કહ્યાં છે.

અભયદાન એ ધર્મનું મૂલ યા બીજ છે. બીજ વિના ફળની પ્રાપ્તિ અને મૂલ વિના વૃક્ષની પ્રાપ્તિ હોતી નથી તેમ અભય (દયા) વિના ધર્મની પ્રાપ્તિ પણ થતી નથી ધર્મ કરનાર મનુષ્ય જો દયાહીન બને તો તેના હૃદયમાંથી ધર્મભાવનાનો લોપ થાય છે.

એક ગ્રંથમાં કહ્યું છે કે :- જ્યાં સુધી નદીમાં જળનો પ્રવાહ વહેતો હોય છે ત્યાંસુધી નદીના તટ પર વિવિધ જાતના તૃણાંકુરો લીલા નવપલ્લવીત હોય છે નદીમાં વહેતા જલનો અભાવ થવાથી તટપરના નવ પલ્લવીત તૃણાંકુરો શુષ્કતાને પામી બળી જાય છે તેમ મનુષ્યાત્માની હૃદયરૂપ નદીમાં કૃપા (દયા) રૂપ જલનો પ્રવાહ વહન થતો હોય ત્યાં સુધી જ તેના અંતઃકરણરૂપ તટ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પર વિવિધ જાતની સદ્ભાવના તથા સદ્ગુણોરૂપ ધર્મ-અંકુરો પ્રફુલ્લિત હોય છે અર્થાત્ ટકી શકે છે. પણ જ્યારે એના હૃદયમાંથી દયારૂપ નીર નાશ પામે છે, ત્યારે તેવા નિર્દય હૃદયમાં ધર્મભાવનાનો નાશ થઇ કલેશ કપાયરૂપ અધર્મ ભાવના ઉત્પન્ન થાય છે.

અંતમાં કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય ભગવાન ફરમાવે છે કે :-

**आत्मवत् सर्वभूतेषु सुखदुःखे प्रियाप्रिये**
**चिन्तय नात्मानो ऽ निष्ठां हिंसा मनसा नाचरेत् ॥**

જેવી રીતે આપણા પોતાના આત્માને સુખ પ્રિય અને દુઃખ અપ્રિય લાગે છે તેવી રીતે દરેક પ્રાણીઓને પણ સુખ દુઃખનો અનુભવ થાય છે. અને જ્યારે આપણે આપણા પોતાના આત્માને થતા દુઃખ માટે હિંસાને અનિષ્ટ સમજીયે છીએ તો પછી આપણાથી બીજા આત્માઓ પ્રત્યે એની હિંસાનું આચરણ શી રીતે કરી શકાય ?

અભયદાનના આચરણની આવશ્યકતા માટે આથી વધારે સમુચિત બીજી કોઇ દલીલ નથી અને હોઇ પણ ના શકે.

ૐ શાંતિ

# સ્વર્ગવાસ નોંધ

શેઠશ્રી ચીમનલાલ કેશવલાલ કડીયા અમદાવાદ ખાતે તા. ૧૮-૭-૬૫ રવિવારના રોજ સ્વર્ગવાસી થએલ છે તે જાણી અમો ઘણા દિલગીર થયા છીએ. તેઓમાં ધર્મ પ્રત્યે દઢભાવના હતી અને તેઓ સરળ મળતાવડા સ્વભાવના સેવાપરાયણ હતા. આ સભા પ્રત્યે તેઓ ખૂબ લાગણી ધરાવતા હતા અને આ સભાના આજીવન સભ્ય હતા. તેમના સ્વર્ગવાસથી જૈનસમાજને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. પરમકૃપાળુ શાસનદેવ તેમના આત્માને ચિર શાંતિ અર્પે એજ અભ્યર્થના.

❀—❀

શાહ વ્રજલાલ દયાળના ભાવનગર મુકામે તા. ૩-૮-૬૫ મંગળવારના રોજ થયેલ સ્વર્ગવાસની અમો દુઃખપૂર્વક નોંધ લઇએ છીએ તેઓશ્રી ધર્મપ્રેમી હતા તેમજ સ્વભાવે મીલનસાર હતા. તેઓ આ સભાના આજીવન સભ્ય હતા અને સભા પ્રત્યે સારી લાગણી ધરાવતા હતા. તેમના આત્માને પરમકૃપાળુ શાસનદેવ ચિર શાંતિ આપે એજ પ્રાર્થના.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સંસ્કૃતિને જીવિત રાખવા માટે સમન્વય જરૂરી છે.

લેખક : ( હિંદીમાં ) ડૉ. જ્યોતિપ્રસાદ જૈન

સમગ્ર વિશ્વમાં અગણિત પ્રાણીઓ અથવા જીવ-ધારીઓ છે. તેઓ અસંખ્ય જાતિઓમાં વિભાજિત થયેલા છે. ભારતીય માન્યતા અનુસાર સંસારમાં જીવોની ચોરાશી લાખ યોનિઓ છે. આધુનિક જીવ-વિજ્ઞાન પ્રમાણે પણ તેઓ લાખોની સંખ્યામાં છે. આ યોનિઓ અથવા જીવજાતિઓમાં મનુષ્યજાતિ અથવા મનુષ્યયોનિ પણ છે. આકાર-પ્રકાર, શરીરની રચના, આહાર-ભય-મૈથુન-પરિગ્રહ વગેરે ક્રિયાઓ, ભોગ-ધન-પુત્ર-લોક વગેરે સાથે સંબંધ ધરાવતી એષણાઓ, સુખ-દુઃખની અનુભૂતિઓ વગેરેની દૃષ્ટિએ મનુષ્ય-મનુષ્યમાં કોઇ ભેદભાવ નથી. આ બધું મનુષ્યમાત્રમાં સમાન રૂપે જોવામાં આવે છે. પ્રકૃતિએ મનુષ્યોમાં આ રીતે કોઇ ફરક રાખ્યો નથી. વિશિષ્ટ બુદ્ધિ તથા હેયોપાદેયના વિવેક બુદ્ધિને કારણે મનુષ્ય પોતાને બીજાં પ્રાણીઓમાં શ્રેષ્ઠ ગણતો આવ્યો છે.

પરંતુ આ ' સર્વશ્રેષ્ઠ પ્રાણી ' એ પોતાના અહંમ્ અને મમત્વને કારણે પોતાની પર્યાયબુદ્ધિથી પોતાને જ અનેક ભેદ-પ્રભેદોમાં વહેંચી નાખેલ છે. ભૌગોલિક કારણોને લીધે એક ભૂમિભાગના નિવાસીઓ પોતાને બીજા ભૂમિભાગોના નિવાસીઓથી તદ્દન અલગ માનવા માંડ્યા. રાજનૈતિક કારણોને લીધે વિભિન્ન રાષ્ટ્રોના નાગરિકો પરસ્પર અલગ થઇ ગયા. આર્થિક કારણોએ ધનિક અને નિર્ધન, મૂડીવાદીઓ અને શ્રમજીવીઓ વગેરે વર્ગભેદો ઉત્પન્ન કર્યા. સામાજિક કારણોએ ઉચ્ચ નીચ, સ્પૃશ્ય-અસ્પૃશ્ય, કુલીન અને હીનકુલ એવા ભેદભાવ ઊભા કર્યા. બ્રાહ્મણ-ક્ષત્રિય-વૈશ્ય-શૂદ્ર એવી કલ્પિત વર્ણવ્યવસ્થા પણ એનું જ પરિણામ છે અને એણે ઐતિહાસિક પરિસ્થિતિઓનો ટેકો મળતાં એક-એક વર્ણમાં પણ અનેક જાતિઓ તથા ઉપજાતિઓ ઊભી કરી. શિક્ષણ વગેરેની સગવડોએ અમુકને સુશિક્ષિત અને વિદ્વાન બનાવ્યા તો અમુક અશિક્ષિત અને મૂઢ જ રહ્યા. શાસક એને શાસિત, નેતા અને જનતાના પણ વર્ગ બની ગયા. આ પ્રમાણે મનુષ્યોએ પોતાને જ અનેક વિભાગોમાં વહેંચી દીધા છે. આ ભેદ-વિભેદોમાં કેટલાક પરંપરગત છે, કેટલાક પરિસ્થિતિ જન્ય. પરંતુ આ વિભાગને મનુષ્ય-સમાજને એકબીજાથી અલગ કરી નાખેલ છે અને જીવનમાં એટલી વિષમતા એટલો ઇર્ષાદ્વેષ અને વિરોધ ઉત્પન્ન કર્યો છે કે મનુષ્ય મનુષ્ય રહેવાને બદલે પશુ બની ગયો છે. જો કે ખરું જોતાં તો આવું કહેવું પશુ-સૃષ્ટિ પરત્વે અન્યાય કરવા જેવું છે, કારણકે પશુઓમાં મનુષ્યો જેવી વિષમતા અને ભેદ-ભાવવૃત્તિ ભાગ્યે જ જોવા મળે છે.

મનુષ્યોની આ કૃત્રિમ વિષમતાના પરિહાર અર્થે જે મનશ્ચેતાઓ થયા, તેઓ મહામાનવો કહેવાયા, તેઓએ ધર્મભાવનાનો પ્રાદુર્ભાવ કર્યો. મનુષ્યને તેના સ્વભાવ ધર્મનો પરિચય કરાવ્યો, એને સન્માર્ગ ચીંધ્યો અને અનેકતામાં એકતાનો અનુભવ કરીને પોતાની જાતને ઉન્નત બનાવવાની પ્રેરણા આપી. સંસારના લગભગ બધા ધર્મોપદેશકોએ પોત-પોતાની ક્ષમતા, અનુભૂતિઓ અને પરિસ્થિતિઓ પ્રમાણે પોતાના સંપર્કમાં આવનાર માણસોને માર્ગદર્શન આપ્યું. જૈન પરંપરામાં ભગવાન ઋષભદેવથી માંડીને મહાવીર સુધીના ચોવીસ શ્રમણ તીર્થંકરોએ તો માણસ-માણસ વચ્ચે જ નહીં, પરંતુ પ્રાણીમાત્ર પરત્વે અભેદની સ્થાપના કરી.

પરંતુ મનુષ્યની કમનસીબી તો એ છે કે ધર્મે જ એને જે રીતે વિષમ વિભાગોમાં વિભાજિત કરેલ છે એ રીતે, એટલા પ્રમાણમાં બીજા કોઇ એક કારણે અથવા અનેક કારણોએ મળીને પણ કરેલ નથી. ધર્મને નામે જેટલા મનોમાલિન્ય, વૈર-વિરોધ, રક્તપાત અને અમાનુષિક અત્યાચારનો વ્યવહાર માણસોએ પરસ્પર કર્યો છે એનું બીજું ઉદાહરણ ઇતિહાસમાં મળતું નથી. લગભગ સર્વત્ર અને સર્વકાળમાં મનુષ્યના ધાર્મિક વિદ્વેષ અને સામ્પ્રદાયિક વૈમનસ્યના નિકૃષ્ટ પ્રસંગો મોટી સંખ્યામાં



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જોવામાં મળે છે.

દરેકે દરેક ધાર્મિક પરંપરામાં અમુક કાળે દોષ અને પરિસ્થિતિઓને કારણે અથવા ઐતિહાસિક પરિસ્થિતિઓના પરિણામે સંપ્રદાયો-ઉપસંપ્રદાયો ઉત્પન્ન થતા રહ્યા છે. જે પરંપરા જેટલી પ્રાચીન હોય અથવા જેટલી વિશેષ વ્યાપક રહી હોય એમાં આ પ્રકારના એટલા જ વધારે ભેદો ઉદ્ભવ્યા. વખતની સાથે સાથે લગભગ પ્રત્યેક પરંપરાના વ્યવહારધર્મમાં—ધર્મપાલનના બાહ્ય વિધિ-વિધાનોમાં – અનેક વિકારો અને શિથિલતાઓ ઉત્પન્ન થઈ જ જાય છે. આ જોઈને કોઈ પ્રબુદ્ધચેતા સાહસી સુધારક એ ત્રુટિઓ અને દોષોના પરિહાર અથવા પરંપરાધર્મની સુધારણાનું નેતૃત્વ લે છે અને એને માટે આંદોલન ચલાવે છે. પોતાના વ્યક્તિગત પ્રભાવ અને પોતાની યુક્તિથી અથવા કયારેક – કયારેક બીજા આર્થિક, સામાજિક અને રાજનૈતિક કારણોથી પણ એ પોતાના અનેક અનુયાયીઓ બનાવી લે છે. પરંતુ સંપૂર્ણ સમાજને આજ સુધી કોઇ પણ સુધારક બદલી નથી શકયો. સ્થિતિપાલકો અથવા રૂઢિવાદીઓ તો મોટી સંખ્યામાં હોય છે, જેઓ અંધવિશ્વાસ, અજ્ઞાન અથવા ભાવુકતાવશ તેમજ સ્થાપિત સ્વાર્થોને કારણે ઉક્ત સુધારણાના આંદોલન અને તેના આવિર્ભાવોનો જોરદાર વિરોધ કરે છે. અને જો સંભવ હોય તો એમના પર કોઈ પ્રકારનો અત્યાચાર કરવામાં પણ પાછી પાની નથી કરતા. આ પ્રમાણે આવા સુધારકોના પ્રયત્નોના પરિણામે માત્ર એક નવા સંપ્રદાયનો જન્મ થાય છે. આગળ જતાં આ સંપ્રદાય પણ તેની પોતાની પરંપરાના સંરક્ષણ માટે એટલો જ કટ્ટર, અસહિષ્ણુ અને સ્થિતિપાલક થતો જાય છે કે જેટલો એની પહેલાંનો સંપ્રદાય હતો. મોટે ભાગે આ જ ક્રમ ચાલ્યા કરતો હોય છે.

પૂર્વવર્તી તીર્થંકરોના સમયમાં તો શું થયું એ જાણવા માટે સાધન નથી, પણ ૨૩મા તીર્થંકર પાર્શ્વનાથના ૨૫૦ વર્ષ પછી જ્યારે છેલ્લા તીર્થંકર મહાવીરનો પ્રાદુર્ભાવ થયો ત્યારે એવું જણાય છે કે પાર્શ્વ પરંપરાના એવા ઘણા અનુયાયીઓ સમાજમાં હશે કે જેઓ મહાવીરે કરેલ સુધારણાને માન્ય નહોતા કરતા. ગૌતમ-કેશી સંવાદની અનુશ્રુતિમાં ઉક્ત બંને પરંપરાઓના સમન્વય માટે કરવામાં આવેલ પ્રયત્નનો થોડો આભાસ મળે છે. આપણે જાણીએ છીએ કે મહાવીરના સમયમાં જ એવા છ-સાત સ્વતંત્ર સંપ્રદાયો જન્મ લઈ રહ્યા હતા કે જે બધાના પ્રવર્તકો પોતાને તીર્થિક અથવા તીર્થંકર જ કહેતા હતા. ઓછાવત્તા સમય સુધી પ્રચલિત રહીને એમાંના મોટા ભાગના સમાપ્ત થઈ ગયા—પરંતુ બૌદ્ધ ધર્મ પણ તેમાંનો જ એક છે અને આજે પણ, ભલે પછી તે પોતાના મૂળ સ્વરૂપથી ગમે તેટલો અલગ પડી ગયો હોય, છતાં જીવિત છે, અને વળી પોતાના અનુયાયીઓની સંખ્યાની દૃષ્ટિએ વિશ્વના મુઠ્ઠીભર મુખ્ય ધર્મોમાંનો એક છે.

મહાવીર પછી તેમણે સ્થાપિત કરેલ ધર્મ-પરંપરા અથવા જૈન-સંઘમાં જુદા જુદા સમયે થયેલ છ-સાત નિન્હવો ( મતભેદો )નો ઉલ્લેખ સાહિત્યમાં જોવા મળે છે. શિલાલેખો અને સાહિત્યિક અનુશ્રુતિઓ દ્વારા એવા અનેક સંઘ ભેદો, ગણગચ્છાદિ અથવા સંપ્રદાય-ઉપસંપ્રદાય-પ્રકારોની જાણ થાય છે જે વિભિન્ન સમયે વિભિન્ન પ્રદેશોમાં ઉત્પન્ન થયા અને જેમાંના મોટા ભાગનું અત્યારે કોઇ અસ્તિત્વ નથી.

જૈન સમાજ જે મુખ્યત્વે ભારતમાં જ ટકી રહ્યો છે, જેની સંખ્યા પણ ક્રમશઃ ઘટતાં-ઘટતાં કરોડોમાંથી ફક્ત ૨૫-૩૦ લાખની જ થઇ ગઈ છે અને જેના અનુયાયીઓ પણ મોટે ભાગે તથાકથિત વૈશ્ય વર્ણમાં–તેની પણ ગણીગાંઠી જાતિ-ઉપજાતિઓમાં જ-પ્રાપ્ત થાય છે, તે પણ હાલમાં કેટલાય વિભાગોમાં વહેંચાયેલ છે. મુખ્ય બે સંપ્રદાયો-દિગંબર અને શ્વેતામ્બર છે. દિગંબરોમાં એક મૂર્તિપૂજા વિરોધી સંપ્રદાય અથવા તારણપંથ છે, પરંતુ એના અનુયાયીઓ બહુ ઓછી સંખ્યામાં છે-મોટો ભાગ મૂર્તિપૂજક છે. પરંતુ એમાં પણ બે જૂથ છે-એક પોતાને બીસપંથી કહે છે, બીજો તેરહપંથી; આ સિવાય પણ હાલમાં જ કાનજી સ્વામીના પ્રભાવથી એક નવું અધ્યાત્મપ્રધાન જૂથ ઊભું થઇ રહ્યું છે જે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આગળ જતાં એક નવા જ પંથનું રૂપ ધારણ કરે એવી શકયતા છે. પંડિત અને બાબૂપાર્ટીને નામે પણ દિગંબરોમાં બે વર્ગ જોવા મળે છે; અને પંડિતોમાં પણ અત્યારે તો બે સ્પષ્ટ રીતે અલગ જૂથો દેખાઇ રહ્યા છે. શ્વેતામ્બર સંપ્રદાયનાં પણ મૂર્તિપૂજક અને મૂર્તિવિરોધી–બે પૃથક ઉપસંપ્રદાયો છે. મૂર્તિપૂજકોમાં પણ યતિઓ અને શ્રીપૂજ્યો એમ બે પ્રકાર છે. અમૂર્તિપૂજકો અથવા સાધુમાર્ગીઓમાં એક સંપ્રદાય સ્થાનકવાસી કહેવાય છે–એમાં પણ ૨૨ ટુકડીઓ છે અને પંજાબી–ગુજરાતી એવા ભેદ છે. બીજો તેરાપંથ કહેવાય છે, જેના હાલના શાસક તુલસીગણી છે.

આ પ્રમાણે આ નાનકડો જૈન સમાજ અગણિત ટુકડાઓમાં વહેંચાઇ ગયો છે જેમની વચ્ચે મોટે ભાગે કોઇ સદ્‌ભાવના દેખાતી નથી; ઉલટું કયારેક–કયારેક તો એકબીજાની નિન્દા, હાનિ, ખણખોદ, અપમાન વગેરે કરવાની અશોભનીય પ્રવૃત્તિઓ જોવા મળે છે. તેઓ પોતાના પૂર્વગૌરવને વિસરી જાય છે, તેઓ ભૂલી જાય છે કે તેઓ શ્રમણ તીર્થંકરોની સહુથી પ્રાચીન અને સૌથી વિશેષ સુસંસ્કૃત પરંપરાના અનુયાયીઓ છે, તેઓ બધા જ એ મહાવીરના શાસનના ભક્તો તથા પ્રતિનિધિઓ છે. કે જેઓ વીતરાગ હતા, પ્રાણીમાત્રને સમદષ્ટિથી જોતા હતા, જેમણે સત્વેષુ મૈત્રીનો મંત્ર આપ્યો હતો અને પરસ્પરના વાત્સલ્યભાવને જેઓ ધર્મનું જ એક અંગ ગણતા હતા. અત્યારે તો સંગઠનને જ શક્તિનું મૂળ ગણવામાં આવે છે. શું મહાવીર અને તેમની પ્રતિષ્ઠાના નામપર પોતાને એમના અનુયાયી અને ઉપાસક કહેવાનો દાવો કરનારાઓ અંદરોઅંદર ઉત્પન્ન થયેલા આવા કૃત્રિમ ભેદ–પ્રભેદોને જતા નહીં કરી શકે ? ધર્મ તો ખરું જોતાં આત્મધર્મ છે, વ્યક્તિગત વસ્તુ છે. પોતાની આસ્થા, માન્યતા અને બાહ્યાચારમાં તમે તેનું પાલન ગમે તે રીતે કરો, પણ જ્યાં જૈનત્વનો પ્રશ્ન છે, જૈન જગત અને જૈનેતર સમાજ સાથેના સંબંધોનો પ્રશ્ન છે, જૈન ધર્મ અને સંસ્કૃતિના પ્રચાર–પ્રસાર તથા પ્રભાવનાનો પ્રશ્ન છે, સાર્વજનિક રીતે જૈન પર્વો ઉજવવાનો અને જૈન તીર્થો, જૈન પુરાતત્ત્વ અને કલાકૃતિઓ તેમજ સાહિત્યભંડારના સંરક્ષણનો પ્રશ્ન છે–ત્યાં તો પ્રત્યેક જૈનનો એક જ મત હોવો જોઇએ, ત્યાં કોઇ પ્રકારે મતભેદ, જૂથબંધી અથવા સાંપ્રદાયિક ભેદ બાધક ન બનવા જોઇએ. જૈન ધર્મ અને સંસ્કૃતિનું અસ્તિત્વ અને પ્રત્યેક જૈનના હિતોનું સંરક્ષણ આ અનેકત્વ પર એકત્વની પ્રતિષ્ઠા કર્યા વગર સંભવિત નથી.

હાલમાં અનેક સાધુ–સંતો, વિદ્વાનો અને લેખકો એકતાનો જોરશોરથી પ્રચાર કરી રહ્યા છે. આજથી આઠ વર્ષ પછી–સન ૧૯૭૩માં ભગવાન મહાવીરના નિર્વાણની સાર્દ્ધ-દ્વિસહસ્રાબ્દિ આવી રહી છે. એ ઘણું જરૂરનું બની રહે છે કે આ મહોત્સવ યોગ્ય રીતે ઉજવવામાં આવે, અને એ ત્યારે જ સંભવે છે કે જ્યારે બધા જ જૈન દરેક જાતના ભેદભાવો ભૂલીને એમાં પૂરો સહકાર આપે. ભગવાન મહાવીર તો જૈનમાત્રના ઇષ્ટદેવ છે, એમના આ પુનિત પ્રસંગે જો વિભિન્ન જૈન સંપ્રદાયોમાં પરસ્પર સુખદ સમન્વય થઇ જાય તો જૈનત્વનું વિશ્વ કેટલું ઉજ્જવળ થઇ જાય ? આ જ શ્રેયસ્કર સમન્વયની સફળતા બધાની સદ્‌ભાવના પર આધાર રાખે છે. એક વાર વિચારોમાં સમન્વય થઇ જશે તો પછી વ્યવહારમાં પરિણત થતાં એને વાર નહીં લાગે.

'જૈનભારતીમાં'થી સાભાર. અનુ : કુ. પ્રતિમાબેન ભટ્ટ.

---

## સુખી કોણ ?

ભલે ચાર કે પાંચ દિવસે પોતાના ઘેર ખાવાનું મળતું હોય, પણ જે દેવાદાર ન હોય અને જેને રખડપટ્ટી કરવાની ન હોય, તેજ સુખી છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# ૭૧ વર્ષથી સુપ્રસિદ્ધ અને જૈન માલિકી ધરાવતી:

૧૧૦૦ આયુર્વેદીય ઔષધો નિર્માણ કરનાર ગુજરાતની એકમાત્ર સંસ્થા

# ઊંઝા ફાર્મસી-ઊંઝા

નાં કેટલાંક લોકપ્રિય ઔષધો

## સુંદરી સંજીવની

સ્ત્રીઓના અશક્તિ કમર, પીઠ, માથું દુખવું, નબળાઇ તથા સુવાવડના રોગો વગેરેમાં ઉપયોગી છે શક્તિ આપે છે. અને તંદુરસ્ત રાખે છે.

બા. ૧ ના રૂ. ૨-૫૦
૪૫૦ મી. લી. રૂ. ૭-૦૦

## અમીરી જીવન

લીલા આમળામાંથી બનાવેલ આ સ્વાદિષ્ટ ચાટણ છે. જેમાં કેલ્શીયમ, વીટામીન વગેરે તત્વો આવે છે જે શરીરની ક્ષીણતા, થાકાવટ દૂર કરી નવશક્તિ અર્પે છે.

૪૫૦ ગ્રામ રૂ. ૭-૫૦
૧૧૦ ગ્રામ રૂ. ૨-૨૫

ઝાડા તથા મરડા માટે

## એન્ટીડીસેન્ટ્રોલ

અજોડ છે. ગમે તેટલા ઝાડા થતા હોય તુરત કાબુમાં લાવે છે.

બા. ૧ ના રૂ. ૧-૨૫

બાળકો માટે

## શિશુ સંજીવની

બાળકોના તાવ, ઝાડા, દૂધનું પાચન ન થવું, લીવરના રોગ અને અશક્તિ દૂર કરે છે.

નિયમિત આપવાથી બાળકો હૃષ્ટપુષ્ટ બને છે.

બા. ૧ ના રૂ. ૦-૫૦
૧૧૦ મી. લી. બા. રૂ. ૧-૨૫

યાદ શક્તિ માટે

## સીરપ શંખપુષ્પી

મગજથી કાર્ય કરનાર વિદ્યાર્થીઓ, શિક્ષકો, વકીલો, કારકુનો, ઓફીસરો વગેરે માટે ઉત્તમ છે.

બા. ૧ ના રૂ. ૧-૨૫, ૩૦૦ મી. લી. ૩-૫૦

દરેક જગ્યાએ દવાવાળાને ત્યાં મળશે.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# બ્રહ્મવિહાર—જૈન અને જૈનેતર દૃષ્ટિએ

લેખકઃ-પ્રો. **જયંતીલાલ ભાઈશંકર દવે**, એમ. એ.

**બ્રહ્મવિહાર એટલે શું?** ઘણા માણસોને બ્રહ્મવિહાર શબ્દ અપરિચિત લાગશે. પરંતુ 'બ્રહ્મ-વિહાર' શબ્દ ખાસ કરીને બૌદ્ધ દાર્શનિક સાહિત્યમાં ઘણે સ્થળે વપરાયેલો જોવામાં આવે છે. જો કે વૈદિક અને જૈન દર્શનોમાં આ શબ્દ સીધી રીતે વપરાયેલો જોવામાં આવતો નથી છતાં તે શબ્દથી જે અર્થની અભિવ્યક્તિ થાય છે તે અર્થના વર્ણનો ઠેરઠેર જોવામાં આવે છે. સત્ય એક હોય છતાં તેને બતાવવા માટે જગતમાં જુદી જુદી ભાષા અથવા ચેષ્ટાઓનો ઉપયોગ કરવામાં આવે છે.

ચાર્વાક દર્શનમાં તો આત્મા, મોક્ષસાધન વગેરે વિચારોને સ્થાન નથી જ. બાકીનાં બધાં ભારતીય દર્શનોને આપણે નિઃશંકપણે મોક્ષગામી દર્શનો કહી શકીએ. મોક્ષની કલ્પનાઓ ભલે જુદી જુદી હોય, બીજી રીતે કહીએ તો આ દર્શનો આત્મતત્ત્વનું નિરતિશય મહત્ત્વ આંકતા હોવાથી તે આત્માર્થી દર્શનો છે એટલે કે આધ્યાત્મિકતા મુખ્ય વસ્તુ છે, તે જ જ્ઞેય છે, તે જ ધ્યેય છે, તે જ સાક્ષાત્કાર્ય છે.

**બ્રહ્મવિહારની વૈદિક કલ્પના:** ભારતીય દર્શનોને બે મોટા વિભાગમાં વહેંચી નાખીએ તો (૧) વૈદિક દર્શનો અને (૨) શ્રમણ પરંપરાનાં દર્શનો એમ વર્ગીકરણ થાય છે. શ્રમણ પરંપરામાં જૈન અને બૌદ્ધ દર્શનો છે અને વૈદિક પરંપરામાં સાંખ્ય, યોગ, ન્યાય, વૈશેષિક, પૂર્વમીમાંસા અને ઉત્તરમીમાંસા અથવા વેદાંત આવી જાય છે.

ઉપર અમે કહી ગયા છીએ તેમ 'બ્રહ્મવિહાર' વૈદિક દર્શનોમાં વપરાયેલો નથી પરંતુ તેને બદલે '**ब्राह्मी स्थितिः**' '**ब्रह्मसंस्थः**' '**आत्मसंस्थः**' આવા શબ્દો વપરાયેલા જોવામાં આવે છે. બ્રહ્મ શબ્દ અનેકાર્થ છે એમ હવે લગભગ બધા વિદ્વાનોએ સ્વીકાર્યું છે. તેમાંથી જ બ્રહ્મચર્ય શબ્દ આવ્યો છે. બ્રહ્મચર્યના પાલનથી જ બ્રહ્મને જાણી શકાય છે અથવા પામી શકાય છે માટે જ તેનો મહિમા ઉપનિષદ્, ગીતા વગેરે તમામ વૈદિક પ્રસ્થાનોમાં ગવાયો છે. બ્રહ્મમાં રમણ કરે, બ્રહ્મમાં વિહાર કરે તે આત્મવિહારી અથવા બ્રહ્મવિહારી કહેવાય. બ્રહ્મ અને આત્મા એક જ અર્થના દ્યોતક વેદાંતીઓએ માનેલા હોવાથી બન્નેમાંથી ગમે તે એક શબ્દ તેઓ વાપરે છે પણ સરવાળે એક જ અર્થમાં. વેદાંતની કલ્પના પ્રમાણે તમામ લૌકિક અને વૈદિક વ્યવસાયો અને વ્યાપારોથી રહિત થઈને કેવળ આત્મચિંતનપરાયણ રહે એવા પુરુષને આત્મસંસ્થ અથવા બ્રહ્મસંસ્થ પુરુષ કહેવાય. આવો પુરુષ જ અધ્યાત્મી અથવા આત્માર્થી અથવા મોક્ષાર્થી હોઈ શકે છે.

કઠોપનિષદ્‌માં વર્ણવ્યા પ્રમાણે જગતના મનુષ્યમાત્ર, કાં તો પ્રેયાર્થી હોય છે અથવા શ્રેયાર્થી હોય છે. દુન્યવી વસ્તુઓનો પરિગ્રહ કરવો અને તેમાં પ્રીતિ રાખવી એ પ્રેયાર્થી મનુષ્યનું લક્ષણ છે. તેથી ઊલટું, આ વસ્તુઓ ક્ષણભંગુર હોવાથી ક્ષણભર આનંદ આપનારી હોવા છતાં પરિણામે દુઃખ જ આપનારી છે એવું સમજી આત્માને જ સાચા આનંદની જન્મભૂમિ જે સમજે છે તે જ સાચો શ્રેયાર્થી છે. ટૂંકામાં શ્રેયાર્થી પુરુષ બ્રહ્મવિહારી છે.

**જૈન તત્ત્વજ્ઞોએ કરેલી બ્રહ્મવિહારની કલ્પના:** પાતંજલયોગમાં ચાર ભાવનાઓનું વર્ણન આવે છે. આ ચાર ભાવનાઓનાં નામો અનુક્રમે મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા છે. પાતંજલયોગ પ્રમાણે આ ચારેય ભાવનાઓ અહિંસામાં અંતર્ગત થઈ જાય છે. જૈનદર્શનમાં પણ અહિંસા એ જ એક વ્યાપક આત્મધર્મ હોવાથી તેની વ્યાપક ભાવનામાં મૈત્રી,



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

કરુણા, મુદિતા અને ઉપેક્ષા આવી જાય છે. એક જૈન કવિ-દાર્શનિક અમિતગતિ કહે છે તેમ,

**सत्त्वेषु मैत्री गुणिषु प्रमोदः संकिलश्यमानेषु कृपापरत्वम् माध्यस्थभावो विपरीतवृत्तेः**

અર્થાત્ પ્રાણીમાત્ર પ્રત્યે મૈત્રીભાવ રાખવો જોઇએ જ્યાં જ્યાં આપણને સદ્‌ગુણી લોકો દેખાય ત્યાં તેમના પ્રતિ આનંદ વ્યક્ત કરવો જોઇએ અને દુઃખથી પીડાતા લોકો તરફ કરુણા બતાવવી જોઇએ.

**આચાર્ય હેમચંદ્રની બ્રહ્મવિહારકલ્પના :** હેમચંદ્રાચાર્યનો એક જ શ્લોક બસ થશે.

**प्राणभूतं चरित्रस्य परब्रह्मैककारणम् ।**
**समाचरन् ब्रह्मचर्यं पूजितैरपि पूज्यते ॥**

અર્થાત્ બ્રહ્મચર્ય પાળનાર માણસ પૂજાર્હ માણસો વડે પણ પૂજાય છે. આ બ્રહ્મચર્ય એટલે શું અને તે કેવું છે? ચારિત્ર્યનો પ્રાણ છે અને **પરબ્રહ્મની જે સ્થિતિ છે** તે પ્રાપ્ત કરાવનાર એક માત્ર કારણ છે એવું જે બ્રહ્મચર્ય તેનું પાલન કરનાર બ્રહ્મમાં સ્થિતિ કરે છે—તે જ બ્રહ્મવિહારી છે.

**શ્રીશુભચંદ્રની બ્રહ્મવિહારકલ્પના :** તેમનો પણ એક જ શ્લોક (સ્થળસંકોચના કારણે) બસ થશે :

**यदि विषयपिशाची निर्गता देहगेहात्**
**सपदि यदि विशीर्णो मोहनिद्रातिरेकः ।**
**यदि युवतिकरंके निर्ममत्वं प्रपन्नो**
**झटिति ननु विधेहि ब्रह्मवीथीविहारम् ॥**

અહીંયાં થોડાક ફેરફાર સાથે શ્લોકની છેલ્લી લીટીમાં બ્રહ્મવિહાર શબ્દ સ્પષ્ટ રીતે આવે છે. **બ્રહ્મ**વીથીવિહાર એટલે બ્રહ્મમાર્ગે વિહાર કરવો તે. હવે આપણે શ્લોકનો અર્થ તપાસીએ.

શરીરરૂપી ઘરમાંથી વિષયરૂપી ડાકણ જો કાયમને માટે જાય એવો ઉપાય કરવો હોય, જો મોહનિદ્રાની ગાઢ અસરને ભૂંસી નાખવા હોય, જો યુવતીના મોહક દેહને હાડપિંજર સમાન ગણીને આસક્તિરહિત થવું હોય તો હે ભાઇ! તું તુરત બ્રહ્મમાર્ગે વિહાર કર! બીજી રીતે અર્થ કરીએ તો સાંસારિક પદાર્થોમાંથી ગાઢ પ્રીતિ ઊઠી ગઈ હોય તો તું બ્રહ્મમાર્ગે વિહાર કરવા લાયક થયો છે!

**ઉમાસ્વાતિની કલ્પના :** તત્ત્વાર્થસૂત્ર નામના ઉમાસ્વાતિના ગ્રંથમાં બ્રહ્મ શબ્દનો નકારાત્મક પ્રયોગ (Negative use of the word) **अब्रह्म** શબ્દ તરીકે જોવામાં આવ્યો છે, તે પણ સૂચક છે તે ગ્રંથના સાતમા અધ્યાયનું ૧૧મું સૂત્ર આ પ્રમાણે છે; **मैथुनमब्रह्म ।**

એટલે કે મૈથુનપ્રવૃત્તિ તે અબ્રહ્મ. તો અહીં સ્વાભાવિક પ્રશ્ન એ થાય છે કે મૈથુનને અબ્રહ્મ શા માટે કહ્યું? ટૂંકામાં કહીએ તો બ્રહ્મ એટલે સાત્ત્વિક મનોવૃત્તિઓનો સમૂહ અથવા અધ્યાત્મપરાયણ વૃત્તિઓ. આવા બ્રહ્મના પાલનથી અને અનુસરણથી સદ્‌ગુણો વધે છે. બ્રહ્મચર્ય શબ્દ પણ તેટલા માટે જ અને તે પરથી જ આવ્યો લાગે છે. એનાથી વિમુખ થવું એટલે જ અબ્રહ્મ થવું. ઘણુંખરુ મૈથુન એવી ગર્હ્ય પ્રવૃત્તિ છે કે તેમાં પડવાથી સાધુઓને ખાસ અને ગૃહસ્થાશ્રમીઓને પણ સત્ત્વહાનિ અચૂક થાય છે.

આ બધા ઉપરથી એટલું જરૂર ફલિત થાય છે કે બ્રહ્મવિહાર અને બ્રહ્મચર્યપાલનનો નિકટ સંબંધ છે. જૈનદર્શન પ્રમાણે બ્રહ્મચર્યનો ભંગ તો એક મહાન હિંસાનો પ્રકાર ગણાય છે માટે જ બ્રહ્મચર્યને અહિંસાનું એક આવશ્યક અંગ માન્યું છે. જે માણસ આત્માર્થી કે શ્રેયાર્થી થવા ઇચ્છતો હોય તેણે મન, વચન અને કાયાથી પવિત્ર રહેવું જોઇએ જ. ટૂંકામાં ચારિત્ર ઉપર જૈન દાર્શનિકોએ જે ભાર મૂકયો છે તે યથાર્થ છે. જ્ઞાન, દર્શન અને ચારિત્ર મળીને મોક્ષમાર્ગ કિંવા આત્મમાર્ગ કહેવાય છે.

**બૌદ્ધ બ્રહ્મવિહાર :** બ્રહ્મવિહારનું વર્ણન બૌદ્ધ સાહિત્યમાં ઘણે સ્થળે છે. ખાસ કરીને **વિસુદ્ધિમગ્ગના**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પરિચ્છેદ ૯માં અને **करणीय मेत्तसुत्त**માં તેનું વર્ણન આવે છે. બૌદ્ધ ધર્મગ્રંથોની ભાષા પાલી હોવાંથી હું તેની મૂળ ગાથાઓ નથી આપતો પણ તેનો સાર જ અહીં આપુ છું. **करणीय मेत्तसुत्त**ની ગાથાઓ જે હું નીચે આપું છું તેમાં કેટલો ઊંચો નૈતિક આદર્શ છે!

**પહેલી ગાથા :** માતા જેમ પોતાના એક પુત્રનું પોતાના પ્રાણના જોખમે પણ પાલન અને રક્ષણ કરે છે તેમ સાધક પોતાનું મન સર્વ પ્રાણીમાત્રમાં અપરિમિત પ્રેમથી ભરી રાખવું જોઈએ.

**બીજી ગાથા :** મનમાં અપરિમિત મૈત્રીની ભાવના કરવી. દશે દિશાઓને પ્રેમથી ભરી નાખવી. આ પ્રેમને અંતરાય હોવો જોઈએ નહિ. સર્વ પ્રત્યે નિષ્પક્ષપાતપણે પ્રેમ રાખવો.

**ત્રીજી ગાથા :** ઊઠતાં, બેસતાં, ચાલતાં કે સૂતાં હોઇએ-શરીરની બધી ચેષ્ટાઓ અને અવસ્થાઓમાં મૈત્રીની ભાવના જાગ્રત રાખવી કારણ કે પંડિતો એને જ 'બ્રહ્મવિહાર' કહે છે. ટૂંકામાં દુઃખિત લોકો તરફ સહાનુભૂતિ રાખવી તેને કરુણા કહે છે. પુણ્યશાલી જીવોને જોઇએ ત્યારે આપણા હૃદયમાં આનંદ થવો જોઈએ. એને મુદિતા કહે છે. અને અપુણ્યાત્માઓને જોઈને તેનો તિરસ્કાર ન કરતાં તે લોકો પણ સત્કર્મથી પુણ્યાત્મા થશે, એવી આશાથી તેમના પ્રત્યે સમભાવ રાખવો તે ઉપેક્ષાની ભાવના કહેવાય છે.

**'બ્રહ્મવિહાર'ના અર્થપરત્વે મતભેદ :** બૌદ્ધ ધાર્મિક સાહિત્યમાં વપરાયેલ 'બ્રહ્મવિહાર' શબ્દનો તાત્પર્યાર્થ સમજવામાં વિદ્વાનોમાં કાંઈક મતભેદ દેખાય છે. પંડિત બલદેવ ઉપાધ્યાયકૃત બૌદ્ધદર્શન (**हिंदी**)માં પૃષ્ઠ ૪૦૬ પર તે લખે છે કે **चार ब्रह्मविहारो के नाम हैं—मैत्री, करुणा, मुदिता तथा उपेक्षा । इनकी, ब्रह्मविहार संज्ञा सार्थक है क्योंकि इन भावनाओं का फल ब्रह्मलोक में जन्म लेना तथा उस लोक की आनंदमय वस्तुओं का उपभोग करना है ।** બ્રહ્મવિહારનો આવો અર્થ ઘટાવવો તે સયુક્તિક લાગતું નથી. ખરી રીતે આ ભાવનાઓ તો બૌદ્ધ ધ્યાનયોગનાં અંગો છે અને આત્મ-ધ્યાનનાં ઉપકારક તત્ત્વો છે તેને બ્રહ્મલોકમાં જન્મ લેવાની સાથે અને આનંદોપભોગના લાભ સાથે સાંકળી દેવાં યોગ્ય નથી જ.

શ્રી હરિભદ્રસૂરિકૃત યોગદૃષ્ટિસમુચ્ચયમાં મિત્રાદૃષ્ટિ વગેરેનું વર્ણન જોવાથી જણાઈ આવે છે કે મૈત્રી ઇત્યાદિ ભાવનાઓ ધ્યાનયોગનાં અંગો છે.

હવે બીજા બૌદ્ધ વિદ્વાન પ્રોફેસર ધર્માનંદ કોસાંબીનો અભિપ્રાય તપાસીએ. 'બુદ્ધ, ધર્મ અને સંઘ' નામની પુસ્તિકામાં તે પંડિત બળદેવ ઉપાધ્યાયના કરતાં જુદો અર્થ ઘટાવે છે. ધર્માનન્દજીના કથન પ્રમાણે આ ચાર ભાવનાઓ હૃદયની શુભતમ અને શુદ્ધતમ મનોવૃત્તિઓ છે. જ્યારે બ્રહ્મદેવ બુદ્ધ પાસે આવ્યા ત્યારે બુદ્ધના હૃદયમાં આ ભાવનાઓને પૂર્ણ વિકસિત થયેલી જોઈ અને તેથી બ્રહ્મદેવ બુદ્ધને પ્રણામ કરી ચાલતા થયા.

**આત્મતત્ત્વ વિચારણામાં જૈન દર્શનની અપૂર્વતા :** મહાત્મા ગાંધી જ્યારે ડરબન (દ૦ આફ્રિકા)માં હતા ત્યારે શ્રીમદ્‌રાજચંદ્રની સાથે તેમને પત્રવ્યવહાર થયેલો. એક પત્રમાં શ્રીમદ્‌રાજચંદ્ર લખે છે કે જગતના અન્ય ધર્મો અને દર્શનોમાં જે આત્મવિચારણા કરાયેલી છે તેના કરતાં વધારે સૂક્ષ્મતાથી આત્મતત્ત્વવિચારણા જિનકથિત સિદ્ધાંતમાં છે. આ વાત કોઇને અતિશયોક્તિવાળી જણાશે પણ તેમાં જરાપણ અતિશયોક્તિ નથી. એ તો માત્ર સત્ય હકીકતનું કથન માત્ર છે. જૈન દાર્શનિકોએ મનોવિજ્ઞાન ( Psychology ) અને જીવમીમાંસા ઉપર ઘણો જ સૂક્ષ્મ વિચાર કર્યો છે તેમાં શંકા નથી. આ વાતના સમર્થનમાં એક જ ઉદાહરણ બસ થશે. પશ્ચિમનું મનોવિજ્ઞાન ( Psychology ) તો હજી પ્રયોગાત્મક અવસ્થામાં છે અને અનેક શાખા-ઉપશાખા-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ઓમાં અટવાઈ ગયું છે. ( Psycho-analysis ) એ પ્રયોગાત્મક મનોવિજ્ઞાનની એક શાખા છે તેમાં ફ્રોઈડ, જંગ વગેરે વિદ્વાનો થઈ ગયા છે. એમના અભિપ્રાય પ્રમાણે માણસો બે પ્રકારનાં હોય છે, (૧) બહિર્મુખ ( Extravert ) અને (૨) અંતર્મુખ (Intravert). હવે સેંકડો વર્ષ પહેલાં જૈન દાર્શનિકોએ આ જ વાત બહિરાત્મા અને અંતરાત્માનો ભેદ પાડીને સમજાવી છે. જે માણસ શરીરાદિમાં જ આત્મબુદ્ધિ રાખે છે તે મોટા ભ્રમમાં પડ્યો છે. આવો માણસ બહિરાત્મા કહેવાય. દુ:ખની વાત એ છે કે તેનું તેને ભાન નથી, આ કેવળ બહિર્મુખ પ્રવૃત્તિઓમાં રાચે છે. પણ અંતર્મુખ વૃત્તિવાળો વિચાર કરી શકે છે, અંતરમાં જોઈ શકે છે તેથી તે વહેલો જાગી જાય છે. અંતરાત્મા પુરુષ શુદ્ધ આત્મા તરફ પ્રગતિ કરવા યોગ્ય ગણી શકાય. બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા એવા જે ત્રણ ભેદ આત્માના જૈનદાર્શનિકોએ પાડ્યા છે તે કેટલા સુંદર અને વૈજ્ઞાનિક છે? મને તો લાગે છે કે આ આધ્યાત્મિક વિકાસનાં આ ત્રણ માર્ગસૂચક સ્તંભો છે. આ ક્રમ આપણે આધ્યાત્મિકતા તરફ કેટલી પ્રગતિ કરી શકયા છીએ તેનાં સૂચક અને નિદર્શક છે.

**ફલશ્રુતિ** : વૈદિક, જૈન અને બૌદ્ધદર્શનોમાં બ્રહ્મવિહારની કલ્પના કેવી રીતે કરવામાં આવી છે તે આપણે જોઈ ગયા. થોડાક શબ્દોના જ ફેરફાર બાદ કરતાં ત્રણે દર્શનોની કલ્પના સમાંતર ચાલી આવે છે એમ આપણને લાગ્યા વગર રહેતું નથી. જગતના તમામ ધર્મોમાં એક અથવા બીજી રીતે આ ચાર ભાવનાઓનો સ્વીકાર થયેલો જોવામાં આવે છે. (Practical Religion of Mankind) એટલે માનવ માત્રનો વ્યવહારમાં મૂકી શકાય તેવો ધર્મ એટલે જ આ ચાર ભાવનાઓ. જૈનધર્મમાં તો અહિંસાનાં તે અંગ છે. જૈનદર્શન પોકારીને કહે છે કે રાગ અને દ્વેષ એ મિથ્યાત્વનાં ખાસ લક્ષણ છે. જ્યાં રાગદ્વેષ હોય ત્યાં મૈત્રી કયાંથી સંભવે? અને કરુણા તથા મુદિતા પણ કયાંથી હોય? વળી આ રાગદ્વેષથી માધ્યસ્થ ભાવ અને ઉપેક્ષા કેવી રીતે ઉપજે? ક્રોધ, દ્વેષ, મત્સર એ તો આત્માના ઉઘાડા દુશ્મન છે; આત્મવિહાર કરનાર માટે, આત્મધ્યાન કરનાર માટે તો ક્ષમા, શાંતિ, ભૂતદયા અને સત્યનું અનુશીલન જોઈએ તે સિવાય અંતઃકરણની શુદ્ધિ થવી અશકય છે. શુદ્ધ અંતઃકરણ વગર ધ્યાનયોગ કયાંથી સિદ્ધ થાય? આ વાત જેમ આત્માર્થીએ લક્ષ્યમાં રાખવાની છે તેમ વ્યવહારમાં પડેલા વ્યવસાયી માણસોએ પણ ધ્યાનમાં રાખવી ઘટે છે. વ્યાવહારિક જીવન, તે વ્યક્તિગત હોય કે રાષ્ટ્રીય અથવા આંતરરાષ્ટ્રીય હોય—તે જેટલું પ્રામાણિક, સત્યનિષ્ઠ, પ્રેમદયાથી ભરેલું અને પરોપકારી હોય તેટલું જ હિતકર અને સાર્થક કહી શકાય. આવું જીવન એ જ બ્રહ્મવિહાર. એ જ, વ્યક્તિ, સમાજ અને જગતનું ઉપકારક બની શકે.

**આશ્ચર્યકારક શું છે?**

રોજ રોજ માણસો મૃત્યુ પામીને યમના સદનમાં જાય છે તે જોતાં છતાં બાકીના અહીં કાયમ રહેવાની ઇચ્છા ધરાવે છે તેનાથી વધારે આશ્ચર્યકારક શું હોઈ શકે?

卐



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રસન્નતા

લે. : **અભ્યાસી**

પ્રસન્નતા કોને પ્રિય નથી ? એવો કોણ મનુષ્ય છે જેને પ્રસન્ન થવાનું નથી ગમતું ? એવો કોણ છે કે જેને પ્રસન્ન મનુષ્યની પાસે રહેવું નથી ગમતું ? આપણે સઘળા બાળકને ચાહીએ છીએ શા માટે ? એટલા માટે જ કે બાળક પ્રસન્નતામાં જ રહે છે જે આપણને દુર્લભ છે. ખીલેલું ફૂલ સૌને પ્રિય હોય છે અને કરમાયેલાં ફૂલનો સૌ તિરસ્કાર કરે છે. રોતી-સૂરત મનુષ્યથી સૌ પાછા હઠે છે. હસતા માણસનું સૌ કોઈ સ્વાગત કરે છે. તેનાથી કોઇનો જીવ મુંઝાતો નથી. જેનું મન પ્રસન્ન નથી તેની પાસે કશું નથી; અને જેનું મન પ્રસન્ન છે તેની પાસે સઘળું છે.

પ્રસન્નતા શક્તિની પરિચાયિકા છે. જે મનુષ્યની અંદર આધ્યાત્મિક શક્તિ હોય છે તે જ પ્રસન્ન રહી શકે છે. પ્રસન્નતા પોતે એ શક્તિની ઉત્પાદિકા પણ છે. મનુષ્ય જેટલો પ્રસન્ન રહે છે તેટલું આધ્યાત્મિક બળ તેનું વધે છે. એટલું જ નહિ પણ તે પોતાની શારીરિક શક્તિ પણ વધારે છે. મન પ્રસન્ન રહેવાથી શરીરની અમૃત પેદા કરનારી ગ્રંથિઓ પોતાનું કાર્ય સારી રીતે કરે છે અને શરીરમાં એ પદાર્થોનો પ્રવાહ ચાલુ રાખે છે કે જેનાથી શરીર અક્ષય બની રહે છે તેમજ વધે છે; પ્રસન્નચિત્ત મનુષ્ય ભાગ્યે જ રોગી હશે.

પ્રસન્નતા માનસિક તપથી પ્રાપ્ત કરી શકાય છે. બાળકની પ્રસન્નતા પ્રકૃતિ છે. પરંતુ તેની પ્રસન્નતાનો ભંગ સહજ વારમાં થાય છે. પ્રૌઢ મનુષ્યની પ્રસન્નતા પુરુષાર્થથી ઉપલબ્ધ થાય છે. તે સાધનાવડે આવે છે. ખરી પ્રસન્નતા પ્રતિકૂળ પરિસ્થિતિઓથી નષ્ટ નથી થતી. પ્રૌઢ લોકોની પ્રસન્નતા જ વાસ્તવિક પ્રસન્નતા છે, કેમકે તે સ્થાયી રહે છે. એવી પ્રસન્નતા આપણે સર્વે મેળવી શકીએ છીએ. તેને માટે આપણે આધ્યાત્મિક શક્તિ વધારવી પડશે.

આધ્યાત્મિક શક્તિની વૃદ્ધિ તે શક્તિ વધારવાના ઉપાયો લેવાથી થઇ શકે છે. જેવી રીતે શરીરની શક્તિ સ્વાસ્થ્ય સંબંધી નિયમોનું પાલન કરવાથી વધી શકે છે તેવી રીતે મનની શક્તિ પણ આધ્યાત્મિક જીવન સંબંધી નિયમોના પાલનથી વધે છે. સંસારના સર્વ ધર્મ ગ્રંથોએ આધ્યાત્મિક શક્તિ વધારવાના ઉપાય બતાવ્યા છે. ભારતવાસીઓએ તો એ વિષયનું એક વિજ્ઞાન જ બનાવ્યું છે.

આધ્યાત્મિક શક્તિના સંચયના ચાર ઉપાય યોગ-વસિષ્ટકારે બતાવ્યા છે. શમ, સત્સંગ, સંતોષ અને વિચાર. મનનું અનેક પ્રકારે નિયમન કરવું તે શમ છે : સાત્વિક ઉપવાસ, ઇન્દ્રિયનિગ્રહ વગેરે શમના જ અંતર્ગત છે. સત્સંગથી કુવૃત્તિઓ નિવૃત્ત થાય છે અને સુપ્રવૃત્તિઓ સબળ બને છે તથા અનેક પ્રકારના સદ્‌વિચાર મનમાં આવે છે, જે આપણા મનને કાબૂમાં લાવવામાં મદદ કરે છે. બીજા મનુષ્યોનું આધ્યાત્મિક બળ આપણને ગુપ્તરૂપે સહાય કરે છે અને જ્ઞાન તરફ આપણી રુચિ વધારે છે. સંતોષથી આપણી શક્તિઓનો અપવ્યય અટકે છે. વિચારદ્વારા આપણે સારું ખરાબ, સત્ય-અસત્ય જાણીએ છીએ. માણસ પોતાના વિચારદ્વારા પોતાની જાતને ઊંચે લાવીને પરમપદ પ્રાપ્ત કરે છે. પશુઓ અને બાળકોમાં વિચાર કરવાની યોગ્યતા નહિ હોવાથી તેઓ પરમપદની પ્રાપ્તિ નથી કરી શકતા.

એક જ શબ્દમાં આધ્યાત્મિક ઉન્નતિનો ઉપાય બતાવવામાં આવે તો એટલું જ કહેવું પૂરતું છે કે સાંસારિક વિષયો તરફ જતાં મનને રોકવાથી આધ્યાત્મિક શક્તિ વધે છે અને સાંસારિક વિષયો તરફ રોકટોક વગર તેને જવા દેવાથી તેની શક્તિ ઘટે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ભગવદ્ગીતામાં કહ્યું છે કે—

**ध्यायतो विषयान् पुंसः संगस्तेषूपजायते ।**
**संगात् संजायते कामः कामात् क्रोधोऽभिजायते ॥**
**क्रोधाद् भवति संमोहः संमोहात् स्मृतिविभ्रमः ।**
**स्मृतिभ्रंशाद् बुद्धिनाशो बुद्धिनाशात् प्रणश्यति ॥**

અર્થાત્ વિષયોમાં રમણ કરવું એજ મનુષ્યને માટે ઘાતક છે. એવા પ્રત્યેક વિષયને મનથી દૂર રાખવો જોઇએ કે જે પ્રસન્નતામાં બાધક હોય છે. આપણા નુકસાન ઉપર લાંબો વખત વિચાર નહિ કરવો જોઇએ. નુકસાનની ભાવના પ્રસન્નતાનો નાશ કરે છે. એનાથી આપણી આધ્યાત્મિક શક્તિનો પણ હ્રાસ થાય છે. સઘળા પ્રકારની ઘટનાઓની સારી બાજુ પર વિચાર કરવાથી મનની પ્રસન્નતા જળવાઈ રહે છે. સંસારની દરેક ઘટનાને બે બાજુ હોય છે, જે મનુષ્યનું મન ઘટનાની ખરાબ બાજુ તરફ જાય છે તે પોતાની પ્રસન્નતા પોતાના હાથે જ નષ્ટ કરે છે. એથી ઉલટું જેનું મન સારી બાજુ તરફ ઢળે છે તે પોતાની પ્રસન્નતા જાળવી રાખે છે. પ્રત્યેક પ્રકારની હાનિથી માણસને કાંઇને કાંઇ લાભ થાય છે જ. અને પ્રત્યેક લાભથી કાંઇને કાંઈ હાનિ થાય છે. હાનિકારક ઘટનાઓનાં લાભને શોધવા નીકળવું એ બુદ્ધિમાનોનું કામ છે. કોઇ વખત લાભ પ્રત્યક્ષ જોવામાં ન આવે તો એમ સમજવું કે લાભ તત્કાળ અપ્રત્યક્ષ છે, પણ પાછળથી પ્રત્યક્ષ થશે.

પ્રસન્નતા એક સંક્રામક પદાર્થ છે. જેવી રીતે રોગ સંક્રામક હોય છે તેવી રીતે સ્વાસ્થ્ય પણ સંક્રામક હોય છે. રોગી માણસ પોતાના રોગનો પ્રચાર આસપાસ રહેનારમાં કરે છે, તેવી જ રીતે સ્વસ્થ મનુષ્યને જોઇને બીજા લોકો પણ સ્વસ્થતાનો અનુભવ કરવા લાગે છે. પ્રસન્નતાની પણ એ જ સ્થિતિ છે. માનસિક વિકાર જેટલા સંક્રામક હોય છે તેટલા શારીરિક વિકાર નથી હોતા. એક રોગી મનુષ્યને જોઇને બીજો કોઈપણ માણસ તુરત જ રોગી નથી બની જતો, પણ એક દુઃખી મનુષ્યને જોઇને બીજાનું હૃદય પણ દુઃખથી ભરાઇ જાય છે. એવી જ રીતે પ્રસન્નચિત્ત અથવા હસતા લોકોના સમાજમાં જઈ ને આપણે પણ પ્રસન્ન થઈએ અને હસવા લાગીએ છીએ.

આ રીતે આપણે જોઇએ છીએ કે માણસ પોતે જ પ્રસન્ન રહીને અનાયાસે પરોપકાર કરે છે. અંગ્રેજ વિદ્વાન લેખક સ્ટીવન્સન કહે છે કે પ્રસન્નચિત્ત મનુષ્યને મળવું એ પાંચ પાઉંડની નોટ મેળવવા કરતાં વધારે લાભદાયક છે. (A happy man or a woman is a better thing to meet than a five pound note) માણસ જે કાર્ય પ્રસન્નચિત્તે કરે છે તેનાથી બીજાને વાસ્તવિક લાભ થાય છે. વારંવાર ચિઢાઈને કરેલા કામથી કશો લાભ થતો નથી. કોઇ માણસ કચવાતે મને દાન આપે છે તો એ દાનથી એનું કશું કલ્યાણ નથી થતું. પ્રસન્નતાપૂર્વક આપેલું દાન જ બન્ને પક્ષનું કલ્યાણ કરે છે. પ્રસન્નતાપૂર્વક કાર્ય ત્રૂટિ વગરનું રહે છે. એવું કોઇ કાર્ય કરતી વખતે ભૂલ થઇ જાય છે તો તે તુરત જ દેખાઈ આવે છે. કિંતુ અપ્રસન્નતાની અવસ્થામાં કરેલાં કાર્યમાં એવી અનેક ત્રૂટિઓ રહી જાય છે જે આપણને કામ કરતી વખતે નજરે પડતી નથી. માણસે પોતાના માથે એટલી જ જવાબદારી લેવી જોઈએ જે તે પ્રસન્નતાપૂર્વક ઉઠાવી શકે.

અપ્રસન્નતા શારીરિક તેમજ આધ્યાત્મિક શક્તિઓનો હ્રાસ કરે છે. નિરાશાવાદી પુરુષ હમેશાં આત્મઘાત કરે છે એવી રીતે ક્રોધી માણસ પણ પોતાની સઘળી માનસિક શક્તિનો નાશ કરે છે. એવા માણસના શરીર પણ રોગગ્રસ્ત રહે છે. તેઓ થોડા સમયમાં જ પોતાની જીવન યાત્રા પૂરી કરે છે. નિરાશા તથા ક્રોધ મનુષ્યને માટે ઘાતક છે, એ બન્નેને ગાઢ સંબંધ છે. ક્રોધનું લક્ષ્ય બીજાનો વિનાશ કરવાનું છે અને નિરાશાનું લક્ષ્ય આત્મવિનાશ કરવાનું છે. ક્રોધ અમુક સમય બાદ નિરાશામાં જ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પરિણમે છે.

દરેક મનુષ્યે પોતાની જાતને હમેશાં એવા વાતાવરણમાં રાખવી ઘટે કે જ્યાં તેના મનની પ્રસન્નતા નષ્ટ ન થાય. ક્રોધી, નિરાશાવાદી, નિંદા કરનાર તથા ઈર્ષાળુ લોકોથી દૂર રહેવું જોઈએ. ત્યાગી તથા પરોપકારી પુરુષોનો સંપર્ક વધારવો જોઈએ. એવા પુરુષોનો સત્સંગ શકય ન હોય તો તેઓના વિચારોનું મનન કરવામાં આપણે સમય ગાળવો જોઇએ. સદાચારી પુરુષોના વિચારો પુસ્તકમાંથી મળી આવે છે. આપણે કોઇ મહાપુરુષના વિચારો કોઈ પુસ્તકદ્વારા જાણીએ છીએ ત્યારે આપણને તેના સત્સંગનો જ લાભ થાય છે. મહાત્મા પુરુષો હમેશાં પ્રસન્નચિત્ત રહે છે અને પોતાની માનસિક અવસ્થાનો પ્રભાવ બીજા ઉપર અનાયાસે જ પાડે છે.

ભૂખ્યો માણસ પ્રસન્નચિત્ત નથી રહી શકતો. પ્રસન્નતા ક્ષુધા–શાંતિની પરિચારિકા છે. તે પૂર્ણતાના અનુભવનું પરિણામ છે. એટલા માટે જે મનુષ્ય અનેક પ્રકારના પદાર્થ ઇચ્છ્યા કરે છે તે કદાપિ પ્રસન્નચિત્ત નથી રહી શકતો. મનની ભૂખ શાંત કર્યા વગર પ્રસન્નતા નથી આવતી. એ ભૂખ શરીરની ભૂખ જેવી નથી. શારીરિક ભૂખ ભોજનની પ્રાપ્તિથી શાંત થાય છે, મનની ભૂખ વિષયો પ્રાપ્ત થવાથી વધે છે. એ તો જ્ઞાનવૈરાગ્યથી જ શાંત થાય છે. જ્યાં સુધી મન ભટકયા કરે ત્યાં સુધી પ્રસન્નતાનાં દર્શન નથી થતાં. જ્યારે મન આત્મામાં રમણ કરવા લાગે છે ત્યારે તેવી સ્વાભાવિક પ્રસન્નતા પ્રકટ થાય છે.

# સ મા લો ચ ના

**અમર સાધના : લેખક–પ્રકાશક :– અમરચંદ માવજી શાહ – તળાજા**

અમર સાધનાની આ બીજી આવૃત્તિ અમર ભાવના વિભાગ ઉમેરીને બહાર પડેલ છે. શ્રી અમરચંદભાઇએ પ્રસ્તુત પુસ્તકમાં સાધનાની ભૂમિકા અનુભવપૂર્વક જણાવી છે. સાધક ભાઇશ્રી અમરચંદભાઇની સાધનાની અનુભૂતિમાંથી સહજ રીતે સરી આવેલાં વાકયો પુનઃ પુનઃ પરિશીલન કરવા યોગ્ય છે. શ્રી ફતેહચંદભાઇનું મંગલનિદર્શન પુસ્તકની ઉપયોગિતામાં વધારો કરે છે. અધ્યાત્મના જીજ્ઞાસુઓએ ખાસ વાંચવા અને વસાવવા યોગ્ય છે.

પોસ્ટ ખરચના રૂા. ૦–૨૫ પૈસાની પોસ્ટની ટીકીટ **શ્રી અમરચંદ માવજી શાહ – તળાજા (સૌરાષ્ટ્ર)** ને મોકલનારને આ ગ્રંથ ભેટ મળશે.

*

**શ્રી મહેન્દ્ર જૈન પંચાગ ( વર્ષ ૩૧મું ) સંવત ૨૦૨૨ના કારતકથી સં. ૨૦૨૩ના ફાગણ સુધી. કર્તા પૂજ્ય આચાર્ય શ્રી વિજયવિકાશચંદ્રસૂરીશ્વરજી.**

આ પંચાંગ (સૂક્ષ્મ સાયન ગણિતવાળું) ત્રીસ વર્ષથી આ. શ્રી વિકાશચંદ્રસૂરીશ્વરજી જૈન તથા જૈનેતર પ્રજા સમક્ષ મુકી મહાન ઉપકાર કરે છે સાયન અને નિરયન પદ્ધતિ પ્રમાણે દર વર્ષે જ્યોતિષીઓ ઘણાં પંચાંગો પ્રગટ કરે છે, પરંતુ જેમને સૂક્ષ્મમાં સૂક્ષ્મ (સાચા) સમયની જરૂર હોય તેમની આ પંચાંગ જરૂરીઆત પૂરી પાડે છે જૈનોએ પોતાના ધાર્મિક અને વ્યવહારિક પ્રસંગો નક્કી કરવા માટે આવું જૈન દ્રષ્ટિએ સંપાદન પામેલું પંચાંગ હવે અપનાવી લેવાની અમે ભલામણ કરીએ છીએ. કીંમત રૂા. ૧–૨૫ પૈસા.

આ પંચાંગ આ સંસ્થામાંથી વેચાતુ મળી શકે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 卐 જૈન મુનિઓ ગુજરાતી સાહિત્યના આદ્યસૃષ્ટાઓ છે 卐

લેખક : ડુંગરશી ધરમશી સંપટ

અપભ્રંશ ભાષામાંથી ગુજરાતી ભાષાની ઉત્પત્તિ થઇ છે. અપભ્રંશ ભાષાનું સાહિત્ય હમણાં જે મળે છે તે લગભગ સર્વે જૈન વિદ્વાન મુનિઓની કૃતિ છે. ગુજરાતી ભાષાના મૂળ ઉત્પાદકો આમ જૈનોના મુનિઓ છે. જૈન મુનિઓએ માગધી, સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશ ભાષાના સાહિત્યની જે સેવા કરી છે તે અમૂલ્ય છે. ગુજરાતમાં બૌદ્ધધર્મ ખૂબ ફેલાયો હતો. તેના હજારો મઠોના અવશેષોનો પત્તો મળે છે; પરંતુ કોઈ બૌદ્ધ સાધુએ ગુજરાતી ભાષાની કાંઇ સેવા કર્યાના ચિન્હો મળ્યા નથી–અપભ્રંશ ભાષામાં પણ એમણે કાંઇ લખ્યું હોય એવાં સાધનો પ્રાપ્ત થયાં નથી. ગુજરાતના સાહિત્યમાં સેંકડો વરસોના એમના અસ્તિત્વ માટેનો કાંઇ પણ વારસો ગુજરાતીઓને માટે બૌદ્ધ સાધુઓ આપી ગયા નથી. ગુજરાતમાં બ્રાહ્મણધર્મ બૌદ્ધ ધર્મ પહેલાં પ્રબળ હતો; પરંતુ ગુજરાતી બ્રાહ્મણોએ પણ ગુજરાતી ભાષાના ઉત્પત્તિ કાળમાં કાંઈ જાણવાજોગ ફાળો આપ્યો નથી તેમ અપભ્રંશ ભાષાની સેવા પણ કરી નથી. આ ભાષાઓના ઉત્પત્તિકાળમાં નાના કોમળ છોડવાનું સંભાળપૂર્વક પોષણ કરવાનું કામ ગુજરાતના બૌદ્ધ ધર્મીઓ કે બ્રાહ્મણ ધર્મીઓને ફાળે જતું નથી. પરંતુ વીતરાગ અને ભવ્ય ધાર્મિક આધ્યાત્મિકતાથી પ્રેરાઇને જૈન મુનિઓએ આ મહાન કાર્ય ઉપાડ્યું. એમણે સોલંકીઓની મહત્તા વધારી, એમણે અપભ્રંશને દીપાવી ગુજરાતી ભાષાના પાયાનું શરુઆતનું સુંદર કામ પણ જૈન મુનિઓએ ત્યાગવૃત્તિથી અને ફળની આશા વગર કર્યું છે. નરસિંહ મહેતા, ભાલણ અને પ્રેમાનંદ મહાકવિએ આ મજબૂત પાયા ઉપર સુંદર દીવાલો બનાવી હતી. ગુજરાતી ભાષાના મૂળરૂપ અપભ્રંશ ભાષાની અક્ષર સેવાની શરુઆત કરનાર જૈન મુનિઓ હતા. જ્યોતિર્ધર હેમાચાર્યજી અપભ્રંશની ઉચ્ચતાના સર્જક શ્રેષ્ઠ ઉન્નતિકાર હતા; પરંતુ એમના પહેલાં પણ અપભ્રંશ ભાષાનું સાહિત્ય બીજા જૈન મુનિઓનું બનાવેલું હતું. ઇ. સ દસમા–અગિયારમાં શતકથી તે ચૌદમા શતક સુધીના ગુજરાતી ભાષાના ૩૦૦–૪૦૦ વરસોના પ્રથમ યુગના ચિત્રમાં માત્ર જૈન સાધુઓની જ કૃતિઓના દર્શન થાય છે. જ્યોતિર્ધર હેમાચાર્ય સમર્થ વિદ્વાન અને પ્રથમ કોટીના વ્યાકરણશાસ્ત્રી છે. એમણે સાહિત્યના દરેક અંગો ખેડ્યા છે. આ પ્રાચીન ગુજરાતી વ્યાકરણના આદ્ય પ્રવર્તકનો અને પ્રાકૃત ભાષાઓના વિકાસનો સમય ઇ. સ. ૧૦૮૮થી ૧૧૭૨નો હતો. ગુજરાત એ સમયે ઉન્નતિના શિખરે હતું. સમ્રાટો સિદ્ધરાજ જયસિંહ અને કુમારપાળનો એ ઝળહળતો સમય હતો. એમના અપભ્રંશ ખંડમાં જે નમૂનાઓ આપવામાં આવ્યા છે તે સર્વે અગિયારમી અને બારમી સદીના લોકોની સાધારણ બોલવાની ભાષાના છે. એ નમૂનાઓની અથવા દૃષ્ટાંતોની મોટી હારમાળા શ્રી હેમચંદ્રાચાર્યે આપી છે. એ ઉપરથી અપભ્રંશ સાહિત્ય એમના સમયમાં અસ્તિત્વમાં હતું અને તેને એમણે ઓપ આપ્યો હોય તેમ જણાય છે

શ્રી હેમચંદ્રાચાર્યના દૃષ્ટાંતોથી જણાય છે કે ગુજરાતી સાહિત્યનો પ્રારંભકાળ એમના સમયની પહેલાં એટલે દશમા–અગિયારમા શતકથી પણ પહેલાંનો છે. પાટણના જૈન સાહિત્યભંડારમાં શ્રી હેમાચાર્યના પહેલાંનું ઘણું સાહિત્ય મળી આવ્યું છે; પરંતુ હજુ સુધી એ સાહિત્ય ગુજરાતી પ્રજા પાસે સુવ્યવસ્થાપૂર્વક મુકાયું નથી એ મોટી દિલગીરીની વાત છે. સમર્થ વિદ્વાનોએ આ સાહિત્ય સંપૂર્ણ વિવેચન સાથે પ્રસિદ્ધ કરવું જોઇએ. જો કે ડો. જેકોબી અને ગાયકવાડ ઓરિએન્ટલ સિરિઝમાં કેટલીક સારી કૃતિઓ પ્રસિદ્ધ થઈ છે. પરંતુ ખાસ કરીને જૈન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

વિદ્વાનોએ હવે આ કામમાં લાગી જવું જોઇએ.

ગુજરાતમાં તે સમયે દિગંબર જૈન સંપ્રદાય સારી પેઠે પ્રવર્તેલો હશે એમ લાગે છે. કારણ કે અપભ્રંશ ભાષાની પ્રારંભકાળની કૃતિઓ દિગંબર સાધુવરોની મળે છે. ડો. જેકોબીએ જર્મનીમાં ઇ. સ. ૧૯૧૮માં દિગંબરી કવિ સ્વયંભૂદેવ અને તેના પુત્ર ત્રિભુવન સ્વયંભૂદેવના રચેલા હરિવંશ પુરાણ અને પઉમ ચરિત્ર પ્રસિદ્ધ કર્યાં છે. તે સિવાય ધનપાળ કવિએ ( દસમી સદી ) ભવિસયત રચ્યું છે. એ પછી મહાકવિ ધવળે ૧૮૦૦૦ શ્લોકોનો મહાન ગ્રંથ હરિવંશ પુરાણ દસમી સદીમાં બનાવ્યો છે. તેમાં સમર્થ યુગપુરુષો શ્રી મહાવીરસ્વામી અને શ્રી નેમિનાથ સ્વામીની કથાઓ મહાભારતની કથા સાથે મિશ્ર કરી વણાટ કર્યું છે.

શ્રી ચીમનલાલ દલાલે સુરતની સાહિત્ય પરિષદમાં જે લેખ મૂકયો હતો તે પ્રમાણે પાટણના જૈનભંડારમાં અનેક રત્નો પડ્યાં છે. કેટલાંક શોધાયાં છે; બાકી સંશોધન માગી રહ્યાં છે. નીચેનાં અપભ્રંશનાં કાવ્યોના ઉલ્લેખ કરાયાં છે.

૧. મહેશ્વરસૂરિએ (શ્વેતામ્બર) ૧૧મી સદીમાં સંયમમંજરી રચી.

૨. પૃથ્વીવલ્લભ મુંજ અને મહાવિદ્વાન ભોજરાજાના કવિ ધનપાળે મહાવીરોત્સાહનું નાનું કાવ્ય રચ્યું.

૩. દિગંબર મહાકવિ પુષ્પદંતે તિસટ્ઠિ મહાપુરિસ ગુણાલંકાર અથવા મહાપુરાણ ( ૧૩૦૦૦ શ્લોકો ), યશોધર ચરિત્ર ચાર સંધિમાં અને નાગકુમાર ચરિત્ર નવ સંધિમાં રચ્યાં. અપભ્રંશ સાહિત્યમાં અધ્યાય એ સંધિ કહેવાય છે.

૪. શ્રી ચંદ્રમુનિએ રોચક ઉપદેશપૂર્ણ કથાઓના સંગ્રહરૂપ કથાકોશ ૫૩ સંધિઓમાં રચ્યો. આ ગ્રંથ સોલંકીવંશના આદ્યનૃપતિ મૂળરાજ દેવના સમયમાં એના મંત્રી સજ્જનના પુત્ર કૃષ્ણ માટે રચાયાની એમાં નોંધ છે.

૫. સાગરદત્તે જંબૂસ્વામીચરિત સં. ૧૦૭૬માં રચ્યું જણાય છે.

૬. એ જ સમય લગભગ પદ્મકીર્તિએ ૧૮ સંધિવાળું પાર્શ્વપુરાણ રચ્યું હતું.

૭. નયનન્દિએ બાર સંધિમાં સુદર્શન ચરિત્ર અને આરાધના ૧૧૪ સંધિમાં રચ્યા જણાય છે.

૮. કનકામરે કરકંડુ ચરિત દશ સંધિમાં રચ્યું.

આ સર્વે અપભ્રંશ ભાષામાં રચાયા છે. ટીપણ અને ટીકાની મદદ વગર આજની ગુજરાતી પ્રજા, અપભ્રંશ ભાષા સમજી શકે તેમ નથી. શબ્દો, ઉચ્ચાર, જોડણીમાં ઘણાં પરિવર્તનો થયાં છે. આ અગિઆરમી સદી સુધીમાં સર્વે સાહિત્ય જૈન મુનિઓનું રચેલું છે. જૈન વિદ્વાનો એનું પરિશીલન કરે એવી વિજ્ઞપ્તિ છે. એ અમૂલ્ય સાહિત્યમાં ધર્મકથા અને લોકકથાઓ છે. જૈન સાધુઓ વિદ્યાની સેવા પરંપરાથી ચાલુ કરતા આવ્યા છે. પોતાના ધર્મના નિયમો સખ્તાઇથી પાળતા આ સાધુઓએ લોકોની તે સમયે બોલાતી ભાષાનો ઉદ્ધાર કર્યો હતો. હવે કયારેક બારમા સૈકાના અને પછીના અપભ્રંશ કાવ્યો વિષે લખશું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


## સ્ટેટ બેન્ક ઓફ સૌરાષ્ટ્ર

પોતે સાધેલી પ્રગતિ માટે

**તેના માનવંતા ગ્રાહકોનો આભાર માને છે. ટકાવારી પ્રમાણે.**

| | | 1964 | 1965 | વધારો |
|---|---|---|---|---|
| ડીપોઝીટ | ૩૦ જુનના રોજ | રૂા. ૧૭.૯૩ કરોડ | રૂા. ૨૨.૭૧ કરોડ | ૨૬% |
| ધીરાણ | ૩૦ જુનના રોજ | રૂા. ૯.૮૫ કરોડ | રૂા. ૧૦.૬૩ કરોડ | ૮% |

**નાના ઉદ્યોગોને કરેલી મદદ**

| | ૩૦-૬-૧૯૬૪ના રોજ | ૩૦-૬-૧૯૬૫ના રોજ | ટકાવારી પ્રમાણે વધારો |
|---|---|---|---|
| કુલ ખાતાઓ | ૧૬૪ | ૨૪૪ | ૪૮% |
| મંજુર કરેલ રકમ | રૂા. ૯૦.૩૩ લાખ | રૂા. ૧૬૮.૧૫ લાખ | ૮૬% |

ગુજરાતના વેપાર ઉદ્યોગને વિકસાવવા એ અમારો ધ્યેય છે, અને અમે આપની ડીપોઝીટ ઉપર આકર્ષક દરે વ્યાજ પણ આપીએ છીએ. વધુ વિગતો માટે અમારી નજદીકની શાખાના મેનેજરને ફોન કરો અગર રૂબરૂ મળો.

**એસ. સી. નાગર : જનરલ મેનેજર.**

---

## શ્રી શત્રુંજય તીર્થાધિરાજની પવિત્ર ભૂમિમાં
## દાન તથા પૂન્ય કરવાનું અપૂર્વ ક્ષેત્ર

# શ્રી ગૌરક્ષા સંસ્થા-પાલીતાણા

**સ્થાપના : સં. ૧૯૫૫**

સંસ્થામાં અપંગ, અશક્ત, આંધળા જાનવરોને સુકાળ તેમજ દુષ્કાળ જેવા સમયમાં બચાવી પાલન કરી રક્ષણ કરવામાં આવે છે. હાલમાં દોઢસો ઉપરાંત જાનવરો છે. પાણીના બન્ને અવેડા ભરવામાં આવે છે, તથા પારેવાને નિયમિત ચણ નંખાય છે. સં. ૨૦૧૯માં દુષ્કાળ પડવાથી સંસ્થાનું ફંડ ખરચાઇ ગયું. આથી સંસ્થાની આર્થિક સ્થિતિ ખૂબ જ મુશ્કેલીભરી રહે છે, તો સર્વે મુનિ મહારાજ સાહેબોને, દરેક ગામના શ્રી સંઘને, દયાળુ દાનવીરોને તથા ગૌપ્રેમીઓને મહામંગલકારી શ્રી પર્યુષણપર્વમાં મૂંગા પ્રાણીઓના નિભાવ માટે મદદ મોકલવા વિનંતિ છે. સંસ્થા તરફથી પ્રતિવર્ષની માફક ચાલુ વર્ષમાં ઉપદેશકોને મોકલવામાં આવ્યા છે, તો તેમને સહાય કરવા વિનંતિ.

સંસ્થા તરફથી દુગ્ધાલય તથા ગોસંવર્ધનની યોજના ચાલુ છે. અને તે વૃદ્ધિ પામતી જાય છે.

જીવરાજ કરમસી શાહ<br>
રમણીકલાલ ગોપાળજી કપાસી<br>
માનદ મંત્રીઓ

શ્રી ગૌરક્ષા સંસ્થા<br>
પાલીતાણા-સૌરાષ્ટ્ર




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પર્વાધિરાજ પર્યુષણમાં— આત્મા અનુભવે આનંદ.... અને પામે પ્રકાશ!!!

**લે. ડા. ભાઇલાલ એમ બાવીશી. M. B. B. S.–પાલીતાણા.**

લાંબી મુસાફરી કરતાં, થાક્યો-પાક્યો મુસાફર, વિશાળ વડલાની છાંયડીમાં વિશ્રામસ્થાન મળતાં, છૂટકારાનો દમ ખેંચી હરખાય, અને આરામ કરી તાઝગી મેળવે. વર્ષભર સંસારની ગડમથલ અને ગુંગળામણથી કંટાળેલો જીવ પર્વાધિરાજ પર્યુષણ-પર્વના શુભ આગમને, વ્યવહાર અને વ્યવસાયની મુંઝવણમાંથી છૂટી, ધાર્મિક ક્રિયા અને આધ્યાત્મિક, ભાવનાની સુંદર તક સાંપડતાં, શાન્તિ અને સંતોષ અનુભવે.

પર્યુષણ એટલે દૈહિકદમન અને આત્મિક ઉત્કર્ષ માટેનું રૂડું પર્વ ! વર્ષ દરમ્યાન શારીરિક સુખ અને સૌંદર્ય માટે કંઇક કાળાં–ધોળાં કરીએ, કંઇક કર્મ-બંધન કરીએ, કંઈક પાપ-પ્રવૃત્તિ આચરીએ ...આ બધું પર્યુષણના પવિત્ર વાતાવરણમાં સુધારી આધ્યાત્મિક ઉન્નતિ સધાય. શરીરે સંચેલો મેલ ધોવાની અને આત્માને નિર્મળ કરવાની ઘડી પર્યુષણમાં સાંપડે છે. વર્ષભર ભૌતિક સુખોના ક્ષણિક આનંદ માટે દેહ આત્માને કર્મના બંધનમાં જકડે છે જ્યારે પર્વ દરમ્યાન આત્મા તપશ્ચર્યાદિ કરતાં, અજર-અમર સુખ અપાવવા મુક્તિને માર્ગે દોરે છે.

પર્યુષણાની પ્રતિજ્ઞા કરતો જીવ એના આગમને અનેરો આનંદ અનુભવતો નાચી ઉઠે છે, કોઈ ભાવિ માંગલ્ય અને મહાત્મ્ય એને એના પેટાળમાં દેખાય છે. એટલે અઠ્ઠાઈઘર બેસતાં, ધર્મકાર્ય અને આત્મ–ભાવના મંગળાચરણ કરે છે. શરીરને શુદ્ધ કરી, શોભા માટે નહિ પણ શિષ્ટાચાર માટે સુંદર છતાં સાદાં કપડાં પહેરી, દેવ-દર્શન, ગુરૂ-વંદન, ધર્મકરણી આદિ આચરતાં પર્વનું સ્વાગત કરે છે. ઉપવાસ-તપશ્ચર્યાદિ ક્રિયા–કાંડમાં રત રહી, પ્રસન્નતા અનુભવે છે.

પર્વના આઠે દિન, પ્રાતઃકાળે વહેલો ઉઠી નવ-કાર-મંત્રનું સ્મરણ કરી, જિન-દર્શન, ગુરૂ–વંદન પછી ન્હાઈ-ધોઈ પૂજા–પાઠ કરી વ્યાખ્યાનાદિ શ્રવણ કરે છે અને આગમના શાસ્ત્રોપદેશથી આત્માને રસ–તરબોળ કરે છે. સમય મળતાં શુદ્ધ-સાત્વિક સામાયિક કરી સમભાવ અને સમ્યક્ત્વ સાધે છે. દિવસ દરમ્યાન પરોપકાર અને પ્રેમની પ્રવૃત્તિઓ દ્વારા સાધર્મિક ભાઇઓ પ્રત્યે મૈત્રિ અને વાત્સલ્ય દાખવી જગતના જીવો સાથે તાદાત્મ્ય કેળવે છે.

દિવસની પૂર્ણાહુતિ પહેલાં, દેવ–ગુરૂ–ધર્મને હૃદયમાં સ્થાપી, સતત સ્મરણ કરતો, પાપનો ક્ષય અને પુણ્યનો સંચય કરવા પ્રતિક્રમણાદિ ક્રિયા કરે છે અને જગતના જીવોને ખમાવે છે, પાપાદિથી પાછો ફરે છે, અને શુદ્ધિના નિર્મળ જીવમાં સ્નાન કરે છે, પવિત્ર બને છે આમ પર્વના આઠે દિન, નિયમિત અને સ્વૈચ્છિક દિનચર્યા કરી, દેહને અને આત્માને શુદ્ધિ દ્વારા સંયમી બનાવતો અનેરો આનંદ અનુભવે છે.

વળી મહાવીર જન્મ દિને, પ્રભુ મહાવીરના મહાન જીવન અને ચરિત્રની ઝાંખી કરી, અહિંસા, સંયમ, તપ, સત્ય અને નિર્ગ્રંથતાના પાઠો જીવનમાં ઉતારતો ધન્ય બને છે. કલ્પસૂત્રાદિ શાસ્ત્ર–સૂત્રો સૂણી–સાંભળી, સંસારનું દુઃખ અને આત્માનું સ્વરૂપ અંતરથી પારખી, સાચા પંથે વળવાનો નિર્ધાર ધારે છે. સંવત્સરીના પવિત્ર દિને ક્ષમા અને મૈત્રિના મહાન સિદ્ધાન્તો અંતરમાં ઉતારી, રાગ–દ્વેષ રહિત અને કષાય વિહીન વૈરાગ્યમય જીવનના બોધપાઠ પામી આધ્યાત્મિક આનંદ અનુભવે છે.

આમ પર્વ–પ્રેરિત પ્રેરણા પૂર્ણ આત્મસુખ શરી-



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રને વિસરી અને આત્માને અનુલક્ષી, દેવ-ગુરૂ-ધર્મને અંતરમાં સ્થાપી, કાર્ય અને ક્રિયા દ્વારા જીવનને ધન્ય બનાવે છે અને અલૌકિત આનંદ મેળવે છે. પરિણામે જ્ઞાન-દર્શન-ચારિત્રના મહામૂલા રત્નત્રયી પ્રાપ્ત કરે છે. આ રત્નોના પારલૌકિક પ્રકાશે, આત્મા સંસારનો પોકળ અંધકાર પિછાણી, વૈરાગ્યના સાચા રસ્તે વળે છે. અને એ પ્રકાશે, પ્રકાશે, જીવ આત્માને ઓળખે છે, પ્રભુને પિછાણે છે, અને મુક્તિની આખરી મંઝીલે પહોંચી, આત્માને ઉદ્ધારે છે.

આવો છે પર્યુષણ પર્વનો પ્રભાવ! પર્વના પવિત્ર દિવસોમાં ધર્મ-ક્રિયા અને આત્મવિચારણા કરતા જીવ કેવો અનેરો આનંદ અનુભવે છે. અધ્યાત્મનો અને પામે છે પ્રકાશ પાવિત્ર્યનો, જે આખરે દોરે છે આત્માને મુક્તિને દ્વારે!

ધન્ય પર્વાધિરાજ પર્યુષણ!

ધન્ય **આત્મા-આનંદ-પ્રકાશ**!!!

( ચાલુ પૃ. ૨૧૭ ઉપરથી )

વળી દુન્યવી સુખોમાં પ્રતિપાદન કરેલું સુખ નશ્વર છે. હાસ્ય, શૃંગારાદિ રસ અખંડ નથી. જ્યાં સ્થિરતા નથી, જ્યાં નિશ્ચિતતા નથી, ત્યાં સ્થિર, નિશ્ચિત અને નિશ્ચિત સ્વભાવી આપણો આત્મા કેમ રહી શકે? જ્યારે વૈરાગ્યમાં શાંતિ છે, જે આપણા આત્માને અનુકૂળ છે.

એક માણસ બહુ ગરીબ હતો. ભાંગ્યાંતૂટ્યા ઝુંપડામાં પડી રહેતો. એક દિવસે એ ઝુંપડામાં અચાનક આગ સળગી. ઝુંપડું બળીને રાખ થઈ ગયું. આશ્રય વિના માણસ કેમ રહી શકે? તેણે એવું જ બીજું ઝુંપડું ઉભું કરવા પાછા પાયા ખોદવા માંડ્યા.

દરિદ્રીના બધા દિવસો કંઈ સરખા નથી હોતા. એને પાયામાંથી અણધાર્યા કેટલાક સોના-રૂપાના ચરૂ મળી આવ્યા. જોતજોતામાં એ પૈસાદાર બની ગયો. તરત જ તેણે કુશળ શિલ્પીઓને અને મજુરોને બોલાવી, ઝુંપડાના સ્થળે એક મોટો મહેલ ખડો કરી દીધો.

લોકોએ એ ઘટના જોઈ. એક ગરીબ માણસના ઝુંપડામાં આગ લાગે અને તે પછીના થોડા જ આંતરામાં એ માણસ ભવ્ય મહેલ ખડો કરી શકે તે જોઈને કોને આશ્ચર્ય ન થાય?

મૂરખ માણસોએ નિશ્ચય કર્યો કે આગ વગાડવાથી જ ઝુંપડા હોય ત્યાં મહેલ ઉભા કરી શકાય. કેટલાકોએ એવો ભયંકર પ્રયોગ કરી પણ જોયો, પરંતુ સૌના ભાગ્યમાં કંઈ સોના-રૂપાના ચરૂ થોડા જ હોય છે?

ઝુંપડું બળવું, ચરૂ હાથ આવવા એ એક અપવાદ છે. હંમેશાં કંઇ એવા પ્રસંગો નથી બનતા. એમ બનતું હોત તો દુનિયામાં ગરીબી કે ઝુંપડાનો કયારનોય નાશ થઈ ગયો હોત.

જેઓ વિધિમાર્ગને છાંડી-ઉત્સર્ગની ઉપેક્ષા કરી, કેવળ અપવાદ માર્ગનો આશ્રય લે છે તેઓ પોતાના ઝુંપડાં બાળી વધુ દીન બને છે. ચરૂ તો કોઈ ભાગ્યવાનને જ મળે.

જે મૂરખાઓ, ચરૂની આશાએ પોતાનાં ઝુંપડાં બાળી દે તે જેમ દયાને પાત્ર છે તેમ અપવાદ માર્ગનું અવલંબન લેવાથી પોતાનું કલ્યાણ થશે એમ માનનારાઓ અને એ રીતે પોતાની નબળાઇનો બચાવ કરનારાઓ પણ એટલા જ દયાપાત્ર છે.

'શ્રી વિજયાનંદસૂરિ'માંથી સાભાર



For Private And Personal Use Only

# વૈરાગ્ય

**લેખક: શ્રી પન્નાલાલ રસિકલાલ શાહ**

**વિગતો રાગો યસ્માત્ વિરાગ: તસ્ય ભાવ: વૈરાગ્ય:**" જેનામાંથી રાગ ગયો તે વિરાગ અને તેનો ભાવ તે વૈરાગ્ય."

રાગનું સામ્રાજ્ય જ્યાં પ્રવર્તતું હોય ત્યાં દ્વેષ દશ્યમાન થતો હોય. જ્યાં રાગ ત્યાં દ્વેષ હોય જ. બન્ને એક જ સિક્કાની બે બાજુ જેવા છે. જેનામાંથી રાગ અને દ્વેષ (રાગની પ્રતિકૃતિ) નષ્ટ થાય એ વૈરાગ્ય અનુભવે એમ કહી શકાય.

બાહ્યદૃષ્ટિએ જોઈએ તો ઉપરની વ્યાખ્યા પ્રમાણે જેણે રાગ-દ્વેષ, સુખ-દુ:ખ વગેરે દ્વંદ્વો તજ્યાં છે, જેને દુન્યવી બાબતો પર ઉદાસીનતા આવી છે તે વૈરાગી છે. અહીં એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે: "જેનામાં ઔદાસીન્યવૃત્તિ પ્રગટે એનામાં રસ શું હોય?" ઔદાસીન્યવૃત્તિ પ્રગટ કરવાનું મહત્ત્વ તો સૌ કોઈ સમજાવે છે. દા.ત. શ્રીમદ્ રાજચંદ્રની 'અપૂર્વ અવસર'ની પંક્તિઓ જુઓ —

સર્વભાવથી ઔદાસીન્યવૃત્તિ કરી
માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો...અપૂર્વ અવસર

આપણી ભૂલ થાય છે માત્ર શબ્દોનેજ પકડવામાં. અને એનો અર્થ-ભાવાર્થ ગ્રહણ કરતા નથી એ જ આપણી ન્યૂનતા છે. આજના યુગમાં સંસારમાં રચ્યા રહેતી કોઇ પણ વ્યક્તિને પૂછશો તો અવશ્ય કહેશે: "સંસારમાં સુખ કયાં છે?" જો આપણે માત્ર શબ્દોને જ ખ્યાલમાં રાખી વૈરાગ્યને નિ:રસ કહીએ તો મારે કહેવું જોઇએ કે જ્યાં રાગ-દ્વેષમાં ઔદાસીન્યવૃત્તિ નથી, ત્યાં અવશ્ય રસ નિર્ઝરવો જોઇએ અને રસ નિષ્પન્ન થતાં સુખપ્રાપ્તિ પણ થવી જોઇએ. એને બદલે ઉપર જણાવ્યા મુજબ સર્વે મનુષ્યના પ્રત્યાઘાતો આવે છે એનું કારણ શું?

આપણે રાહ ભૂલ્યા છીએ. આપણી માન્યતા ખોટી છે. રાગ-દ્વેષાદિ દ્વંદ્વોને આપણે સુખ માની બેઠા છીએ, જે ખરીરીતે દુ:ખપ્રદ છે. રાગ-દ્વેષમાં આપણા દુન્યવી ધ્યેયની સિધ્ધિ કરતાં નિષ્ફળતા જ હોય છે. કારણ, આપણામાં સર્વાંશે સ્નેહ ઝરતો નથી. બીજી બાજુએ વૈરાગ્યની વ્યાખ્યા તપાસીએ તો જણાશે કે ઔદાસીન્યવૃત્તિ એ માત્ર સંસારિક ભાવ પ્રત્યેની છે, આધ્યાત્મિક બાબતમાં નહીં. આત્મામાં તો લીન-રમમાણ થવાનું છે. આત્માભિમુખ વ્યક્તિને પોતાની આધ્યાત્મિક બાબતોમાં રસ નહીં હોય? એમ કોણ કહી શકે? હકીકતમાં તો અધ્યાત્મ-રસ ઝીલનારનો આનંદ અવર્ણનીય છે અને સાંસારિક સુખ તો એની તુલનામાં અલ્પાંશ પણ નથી.

**પ્રયોજનમનુદ્દિશ્ય ન મન્દોऽપિ પ્રવર્તતે।** સર્વ પ્રાણીઓની પ્રવૃત્તિ અમુક હેતુને લઇને થાય છે. કારણ વિના કાર્ય સંભવતું નથી એ તો સ્વત: સિધ્ધ નિયમ છે. અધ્યાત્મ માર્ગીનો હેતુ મોક્ષ છે એટલે એ સાધ્ય માટે સાધનો પણ છે, એ સાધ્ય ઉપાર્જન કરવા ન્યોછાવર થવાની ઉત્કટતા છે, જે સાંસારિક ધ્યેયોમાં આપણામાં એટલી માત્રામાં નથી હોતી. તદુપરાંત આપણું સાંસારિક ધ્યેય નિશ્ચિત નથી હોતું, જ્યારે અધ્યાત્મ પરિણામીને તો મોક્ષ નજર સમક્ષ હોઈ, સર્વ કોઈ પ્રવૃત્તિ એને અનુલક્ષીને થાય છે. આ પ્રવૃત્તિમાં રસ ન હોય એવું કયાંથી બને? સ્થૂળ દૃષ્ટિએ અવલોકન કરનાર એ પામી શકતો નથી; સૂક્ષ્મ દૃષ્ટિએ, સંકલ્પ કરી આચરણ માં મૂકી અનુભવી શકે છે. **વૈરાગ્યનો રસ શાંત હોઈ, ઘૂઘવતા સાગરની માફક અન્યને પોતાની જાણ કરતો નથી. પરંતુ સરિતાના વહેતા શાંત પ્રવાહ જેવો નિર્મળ હોઈ, એમાં સ્નાન કરનાર જ સ્વાનુભવ કરી શકે છે. કહ્યું છે ને કે શાંત વહેતું પાણી હંમેશાં ઊંડું હોય છે.** (silent water is always deep)

(અનુસંધાન પૃ. ૨૧૬ ઉપર)

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


: શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ સંચાલિત :

# શ્રી જૈન ઉદ્યોગ કેન્દ્ર–પાલીતાણા

શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સની પ્રેરણાથી અને શ્રી જૈન પ્રગતિ મંડળના પ્રયાસથી પાલીતાણામાં શ્રી જૈન ઉદ્યોગ કેન્દ્ર છેલ્લા તેર વર્ષથી મધ્યમવર્ગના સાધર્મિક જૈન બહેનોને આર્થિક રાહત અને ઔદ્યોગિક તાલીમ આપી સ્વાશ્રયી બનાવવા વ્યવસ્થિત ચાલી રહ્યું છે. શહેરના અગ્રગણ્ય જૈન સદ્ગૃહસ્થો સેવાભાવે કાર્ય કરી, આ કેન્દ્રનું સુંદર સંચાલન કરી રહ્યા છે.

ઉપરોકત કેન્દ્રમાં 'સમિતિ' દ્વારા શુદ્ધ અને સારૂં અનાજ ખરીદી, કેન્દ્રની બહેનો પાસે જ સાફ કરાવી, ઘઉંના સાદા અને મસાલેદાર ખાખરા, સ્વાદિષ્ટ માંગરોળી ખાખરા, મગ–અડદના પાપડ, ચોખાના સાળેવડા, વડી, ખેરા, અથાણાં, સુગંધી તેલો વગેરે કાળજી પૂર્વક બનાવી વેચવામાં આવે છે.

આપણી સિદાતી સાધર્મિક બહેનોને સ્વાશ્રયી બનાવવા અને સહાયભૂત થવા, જૈન સમાજ અને યાત્રાળુ ભાઇ–બહેનો આ સંસ્થાની મુલાકાત લઇ કાર્ય નિહાળે અને વસ્તુઓ ખરીદી ઉત્તેજન આપે.

**આ સાધર્મિક સંસ્થાને યાદ કરી, યોગ્ય સહાય કરવા નમ્ર વિનમ્ર વિનંતિ છે.**

**કમનસીબે હમણાં જ 'કેન્દ્ર'ને આગ લાગતાં માલસામાન બળી ગયો. મકાનને પણ નુકશાન થયું, અને બહેનો નિરાધાર બની ગઇ. પરન્તુ 'કેન્દ્ર'ને ચાલુ રાખવા નક્કી કર્યું છે. અને જૈન સમાજ મદદ મોકલે તેવી અપીલ બહાર પડી છે. મદદ મળી રહેલ છે અને પર્યુષણ પર્વ ઉપર વિશેષ મદદ મોકલવા વિજ્ઞપ્તિ છે.**

કેન્દ્ર સ્થળ : મોતીશા શેઠની ધર્મશાળામાં

વેચાણ કેન્દ્ર : મુખ્ય બજાર પાલીતાણા

ડૉ. ભાઇલાલ એમ. બાવીશી M. B. B. S. પ્રમુખ
જયંતિલાલ વીરચંદ સલોત
બગડીયા માણેકલાલ ખીમચંદ B. Sc. B. T.
માસ્તર શામજીભાઇ ભાઇચંદ શેઠ–ખજાનચી
માનદ્ મંત્રીઓ, [ વ્યવસ્થાપક સમિતિ વતી ]




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર

# નિવેદન

**સુજ્ઞ મહાશય,**

આજથી સિત્તોર વર્ષ પહેલાંની વાત છે, જ્યારે પ. પૂજ્ય આચાર્યશ્રી વિજયાનંદસૂરીશ્વરજીએ (આત્મારામજી મહારાજે) જૈન સમાજમાં અનોખી જાગૃતિનો રંગ રેલાવ્યો હતો. જૈન દર્શનસાહિત્યના પ્રચાર માટે ભેખધારી એ સૂરીશ્વરજીએ ભારતને નવા જ રંગે રંગ્યું હતું, અને વિદેશમાં પણ જૈન ધર્મના પ્રચાર માટે ખાસ પ્રતિનિધિ મોકલી જૈન ધર્મનો ડંકો બજાવ્યો હતો.

જૈન સમાજ એ સમયે જ્ઞાનોપાસનાના રંગે રંગાયા જતો હતો. જૈન સાહિત્ય, જૈન શિક્ષણ, જૈન ધર્મને માટે કંઇને કંઈ નવું નવું કરી છૂટવાની જૈન જગતમાં તમન્ના લાગી હતી. આ તકનો લાભ લઈ ભાવનગરના જ્ઞાનપિપાસુ યુવકોએ પૂ. આત્મારામજી મહારાજે આપેલો સંદેશો ઝીલી તેમના કાળધર્મ પામ્યા પછી પચ્ચીસમા દિવસે સં. ૧૯૫૨ના દ્વિતીય જેઠ શુદિ બીજના રોજ શ્રી આત્માનંદ સભા–ભાવનગરની સ્થાપના કરી. સભાનો ઉદ્દેશ જૈન સાહિત્યનો દેશપરદેશમાં વ્યાપક પ્રચાર કરવો તથા જૈન સમાજમાં ધાર્મિક અને વ્યાવહારિક શિક્ષણ ફેલાવવું એ રાખવામાં આવ્યો હતો.

પ. પૂજ્ય ગુરુદેવની કૃપાથી આજે આ સભાની સિત્તેર વર્ષની યશસ્વી મઝલ પૂરી થવા આવી છે. આ સમય દરમિયાન જૈન સાહિત્યનો પ્રચાર કે જે સભાનું મુખ્ય ધ્યેય છે તે ક્ષેત્રમાં તેણે સારી એવી ગણનાપાત્ર સેવા બજાવી છે. સ્વ. પૂ. આ. શ્રી વિજયવલ્લભસૂરિજી મ. ની પ્રેરણા અને સ્વ. પ્રવર્તક શ્રી કાંતિવિજયજી મ. તથા સ્વ. મુનિશ્રી ચતુરવિજયજી મ. તથા આગમ પ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી મહારાજ સાહેબની સક્રિય સહાયથી આજ સુધીમાં બૃહત્ કલ્પસૂત્ર, વસુદેવ હિંડી, ત્રિષષ્ઠીશલાકાપુરુષ-ચરિત, કર્મગ્રંથો, તીર્થંકર પરમાત્માનાં ચરિત્રો અને એવા અન્ય પ્રાચીન મહાન પ્રાકૃત-સંસ્કૃત ગ્રંથોનું સંશોધન કરીને ઉત્તમ કોટિનું સાહિત્ય પ્રગટ કર્યું છે, જે જૈન તથા જૈનેતર વિદ્વાનોમાં પ્રશંસા પામેલું છે. તેવી જ રીતે કેટલાએ કિંમતી સંસ્કૃત–પ્રાકૃત ગ્રંથોના ગુજરાતી અનુવાદો કરાવીને તેમને પણ પ્રગટ કર્યા છે. શ્રી આત્માનંદ સંસ્કૃત ગ્રંથમાળા, શ્રી આત્માનંદ જૈન ગ્રંથમાળા અને શ્રી આત્માનંદ જૈન શતાબ્દિ સિરીઝ એમ ત્રણ વિભાગમાં મળીને સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી લગભગ બસો જેટલા સાહિત્યગ્રંથોનું પ્રકાશન કર્યું છે. આમાંના કેટલાક ગ્રંથો તો દેશ–પરદેશમાં જૈન–જૈનેતરોમાં પ્રશંસા પામેલા છે. વધુમાં જૈન અને જૈનેતર વિદ્વાનોને લગભગ ચાલીશ હજાર રૂપિયાની કિંમતનું સાહિત્ય વિનામૂલ્યે ભેટ આપેલ છે. ઉપરાંત, જૈનોમાં ધાર્મિક અને વ્યાવહારિક જ્ઞાનની વૃદ્ધિ થાય તે માટે રસ-સામગ્રી પીરસતું 'શ્રી આત્માનંદ પ્રકાશ' નામનું એક માસિક આજે બાસઠ વર્ષથી નિયમિતપણે આ સભા તરફથી પ્રગટ થતું આવ્યું છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આમ સાહિત્ય પ્રકાશનના ક્ષેત્રે આ સંસ્થા સારી રીતે પ્રગતિ કરી રહેલ છે; તેમ સદ્‌ભાગ્યે એક સમૃદ્ધ લગભગ ૧૬૦૦ હસ્તલિખિત પ્રતોનો ભંડાર તથા સારૂં એવું પુસ્તકાલય પણ તે ધરાવે છે, જેનો પુષ્કળ વાચકો અને અભ્યાસકો લાભ લઈ રહ્યા છે.

જૈન સાહિત્યના પ્રચાર ઉપરાંત શિક્ષણપ્રચાર, ગુરુભક્તિ અને સ્વામીભાઈઓની ભક્તિ અને વિદ્યાર્થીઓને સહાય કરવામાં આ સભાએ પણ ઠીક ઠીક સેવા બજાવી છે.

સિત્તેર વર્ષની આ યશસ્વી જ્ઞાનોપાસના પછી સભાના કાર્યવાહકો અને શુભેચ્છકોને આ સંસ્થાનો ‘મણિમહોત્સવ’ ઉજવવાની અને આ તક થોડી વધુ સાહિત્યસેવા કરવાની ભાવના જાગી, અને તે અંગે વિચારવિનિમય કરી આગામી વર્ષના મહામાસ લગભગમાં ભાવનગરના આંગણે સંસ્થાનો **મણિ-મહોત્સવ** ઉજવવાનું નક્કી કર્યું છે.

સાહિત્યની સંસ્થા પોતાનો મહોત્સવ સાહિત્યોપાસનાની દૃષ્ટિ પોતાની સામે રાખીને ઉજવે એ જ ઇષ્ટ ગણાય. તેથી સભાએ નીચે પ્રમાણેનો કાર્યક્રમ વિચાર્યો છે.

(૧) જૈન સાહિત્યમાં રસ લઇ રહેલ જૈન તથા જૈનેતર વિદ્વાનો, તત્ત્વચિંતકો અને લેખકોનું એક સંમેલન મેળવવું, તેમનાં જાહેર પ્રવચનો યોજવાં તથા જૈન સંસ્કૃતિના પ્રચાર માટે વિચારવિનિમય કરી યોગ્ય પ્રબંધ કરવો.

(૨) છેલ્લા વીસેક વર્ષથી સુવિખ્યાત વિદ્વાન સંશોધક પૂ. મુનિશ્રી **જંબૂવિજયજી** મહારાજ દર્શનશાસ્ત્રના મહાન પ્રાચીન ગ્રંથ **‘દ્વાદશારનયચક્ર’**નું અવિરત શ્રમ લઇને સંશોધન કરી રહેલ છે. આ ગ્રંથ હવે લગભગ તૈયાર થવા આવ્યો છે. આ ગ્રંથનું બહુમાન કરવા માટે કોઇ સુયોગ્ય વિદ્વાન પુરુષના શુભહસ્તે તેના પ્રકાશનનો એક સમારંભ યોજવો.

(૩) સભાની સિત્તેર વર્ષની જ્ઞાન–યાત્રાનો ક્રમિક ઇતિહાસ અને સાહિત્યસેવાનો પરિચય આપતો એક ખાસ અંક–સુવેનીર–તૈયાર કરી પ્રગટ કરવો.

(૪) આજે દેશવિદેશમાં તત્ત્વચિંતન અને અભ્યાસની વૃત્તિ દિનપ્રતિદિન વધતી જાય છે. જૈનધર્મ વિશ્વધર્મ થવા માટે લાયક છે. અનેકાંતવાદ, જીવવિચાર, કર્મવિચાર, નવતત્ત્વ વગેરે જૈનદર્શનના વિધ-વિધ અંગોનો અભ્યાસ કરવાની અને તે દિશામાં યોગ્ય જાણવાની જૈન–જૈનેતરોમાં વૃત્તિ વધતી જાય છે. તો આ હકીકત લક્ષમાં લઇને જૈનધર્મ દર્શન અને સમાજના દરેક અંગને સ્પર્શતો તજ્જ્ઞ વિદ્વાનોના અભ્યાસપૂર્ણ લેખોનો એક સુંદર સંગ્રહ–મણિમહોત્સવ સ્મારક ગ્રંથ–તૈયાર કરી તે પ્રગટ કરવો અને બને તેટલો તેનો પ્રચાર કરવો.

(૫) ભારતીય સંસ્કૃતિના ગૌરવનું એક વિશિષ્ટ અંગ પ્રાચીન સાહિત્ય ગણાય છે. જૈન સાહિત્યે પણ ભારતીય સંસ્કૃતિના સર્જનમાં ઘણો મહત્ત્વનો ફાળો નોંધાવ્યો છે. આપણી પાસે તળ ભાવનગરમાં અને અન્ય સ્થળોએ પણ એવું મહામૂલું પ્રાચીન જૈન સાહિત્ય પડયું છે કે જેની આપણામાંના ઘણાખરાને ખબર પણ નથી. આપણી પ્રાચીન કળાત્મક ચિત્રકળા, તાડપત્ર ઉપરનું સુંદર હસ્તલેખન અને એવાં બીજાં ચિત્તપ્રસન્ન હસ્તકળાના સુંદર નમૂનાઓ આપણી પાસે છે. તેનો પરિચય આપવા એક પ્રદર્શન યોજવું.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ રીતે સભાના ઉદ્દેશને નવો વેગ આપતી વિધવિધ પ્રવૃત્તિઓની પ્રેરણા આપતો આ કાર્યક્રમ ' મણિમહોત્સવ ' પ્રસંગે અમોએ વિચાર્યો છે. તે પાર પાડવામાં આપ સૌનો સહકાર મહત્ત્વની વસ્તુ હોઈ અમે તે માટે વિનતિ કરીએ છીએ.

આ સભાના વિકાસમાં આમ તો ભારતભરના ઘણા ગૃહસ્થોનો સાથ છે. એમ છતાં મુંબઈ આ બાબતમાં મોખરે રહ્યું છે અને આજે પણ આ સભાના ' મણિમહોત્સવ 'માં મુંબઈના શુભેચ્છકો સારો રસ ધરાવે છે. આ સભાના પેટ્રનો, આજીવન સભ્યો, કાર્યકરો અને શુભેચ્છકોનું એક મોટું જૂથ મુંબઈમાં વસે છે. એ સૌને આ મહોત્સવનો રસ માણવાની તક મળે તે માટે ભાવનગરના આંગણે ' મણિમહોત્સવ ' ઉજવાયા બાદ યોગ્ય સમયે તેના અનુસંધાનમાં એક બીજો સમારંભ મુંબઈ ખાતે યોજવાનું પણ વિચાર્યું છે.

આ સભાના ' મણિમહોત્સવ' અંગે જે મનઃ કામના અમારા દિલમાં ભરેલી પડી છે તેની ટૂંકી રૂપરેખા ઉપર પ્રમાણે રજૂ કરવામાં આવેલ છે અને તેનો ખર્ચ રૂ. પચીસ હજારનો અંદાજવામાં આવેલ છે. છેવટે વિદ્વાનો પોતાની વિદ્વતા તથા અનુભવનો લાભ આપીને આ મહોત્સવને શોભાવે અને શ્રીમતો અમારા અત્યાર સુધીના કાર્યને પોતાનું માનીને અપનાવતા આવ્યા છે તેમ આ મહોત્સવને પણ પોતાનો માનીને અપનાવી લેવા, તથા ખર્ચને પહોંચી વળવા સારો એવો ફાળો આપવા અમે આ તકે આગ્રહ પૂર્વક વિનતિ કરીએ છીએ.

ઉત્સવો, પર્વો કે મહોત્સવો સમાજ જીવનમાં એક નવું બળ, એક નવી પ્રેરણા પ્રેરતા જાય છે અને તેમાંથી જાગતું ચેતન ઘણાં શુભ પરિણામો નીપજાવે છે. આ મહોત્સવ પણ જૈન સાહિત્ય અને શિક્ષણના ક્ષેત્રે આગેકદમ ઉઠાવવાનું નવું બળ આપે એ જ શુભેચ્છા.

## द्वादशारनयचक्रम्

મુનિ જંબૂવિજયજીએ મૂળ ગ્રંથનું પુનર્નિર્માણ એવી સરસ રીતે કર્યું છે કે મલ્લવાદિની વિચાર–સરણી પૂર્ણ નિશ્ચયાત્મક દેખાતી ન હોય તેવા સ્થળોએ પણ તેનો મુખ્ય આશય સંપૂર્ણપણે સમજી શકાય છે. આ ગ્રંથ બહુજ કાળજીપૂર્વક તૈયાર થયો હોવાને લીધે આપણે સહુએ ધ્યાનમાં લેવા જેવો છે. ટીકાનો પાઠ વિશ્વસનીય છે અને અનેક શુદ્ધિઓ દ્વારા બુદ્ધિગ્રાહ્ય બનાવાયો છે. સૌથી વધારે તો, અનેક ટિપ્પણો અને સંબંધ ધરાવતા ગ્રંથોના પૂર્વાપર ઉલ્લેખોથી આ પાઠની ઉપયોગિતા વધી છે, કારણ કે તેમનાથી મૂળ પાઠ વધારે સારી રીતે સમજી શકાય છે. આ સ્થળે ભોટ પરિશિષ્ટનો ખાસ ઉલ્લેખ કરવો યોગ્ય લાગે છે, કારણ કે તેમાં દિઙ્નાગના પ્રમાણસમુચ્ચયમાંથી લીધેલા સંબંધ ધરાવતા અવતરણોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આમ લેખકના ખૂબ કાળજીપૂર્વક અને ચોકસાઈ ભરેલા પ્રયાસોના પરિણામે આ અતિશય કઠિન ગ્રંથનું પરિશીલન કરવાનો માર્ગ સરળ બન્યો છે. મુનિશ્રી જંબૂવિજયજીએ આ ગ્રંથ તૈયાર કરવામાં જે અગાધ જહેમત ઉઠાવી છે તે બદલ તેઓશ્રી ભારતીય દર્શનશાસ્ત્રોમાં રસ લેનારાઓના અને ખાસ કરીને જૈનદર્શનના અભ્યાસીઓના આભારને પાત્ર બન્યા છે. તેમજ આ ગ્રંથ પ્રકાશનમાં લાવવા બદલ શ્રી જૈન આત્માનંદ સભાના સંચાલકો પણ આભારપાત્ર બન્યા છે. હવે માત્ર એક જ અભિલાષા વ્યક્ત કરવાની રહે છે કે મલ્લવાદિનો આ ગ્રંથ, જે હમણાં જ પ્રકાશમાં આવ્યો છે, તેના પ્રત્યે સહુનું ધ્યાન ખેંચાય અને ભવિષ્યમાં આ પરત્વે અભ્યાસીઓને પરમ ઉપકારક બને તેવા વિશેષ સંશોધનો થાય.

—**પ્રો. એરિચ ફ્રાઉવલ્નેર.** (ગ્રંથની પ્રસ્તાવનામાંથી)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# ધી માસ્ટર સીલ્ક મીલ્સ

[ પ્રાઇવેટ લીમીટેડ. ભાવનગર ]

: પોસ્ટ બોક્સ નં. ૩ :

ફોન નં. : ૨૪૩

તાર : માસ્ટર મીલ

અમારી મીલનું આર્ટ
સીલ્ક કાપડ બજારોમાં
વિશિષ્ટ સ્થાન ધરાવે છે.

* સાટીન, * ગોલ્ડ સીલ્વર, * જેકાર્ડ, એસીટેડ ફ્લાવર. * પ્યાસ,
* બ્રોકેડઝ, * પરમેટા, * નાઇલોન, * બુશ શર્ટીંગ વગેરે છે.

માસ્ટર ફેબ્રીકસ સારું છે, માટે જ તે વાપરવાનો હંમેશા આગ્રહ રાખો.

: મેનેજીંગ ડીરેકટર :

**રમણીકલાલ ભોગીલાલ શાહ**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન સમાચાર

**શ્રી મહાવીર જૈન વિદ્યાલય :—**

શિક્ષણના ક્ષેત્રે અવિરતપણે કાર્ય કરી રહેલા આ વિદ્યાલયે સફળતાપૂર્વક પોતાના પચાસ વરસ પૂર્ણ કરી એકાવનમા વરસમાં મંગળ પ્રવેશ કર્યો છે.

ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં આજે પ્રગતિ થઇ રહેલ છે. તેમ છતાં અન્ય સમાજની હરોળમાં આપણે જેટલી પ્રગતિ સાધવી જોઇએ, તેટલી સાધવામાં આજે પણ આપણે ઘણા પછાત છીએ.

આ સંયોગોમાં મહાવીર જૈન વિદ્યાલય એ આપણા સમાજમાં એકની એક સંસ્થા છે અને પચાસ વરસનો તેનો ઈતિહાસ જોઇશું તો નાની મોટી મુશ્કેલીઓ વચ્ચે પણ એક સાધકને છાજે તે રીતે આ સંસ્થાએ ઠીક ઠીક પ્રગતિ કરી છે, અને મુંબઈ ઉપરાંત પુના, વડોદરા, અમદાવાદ વલ્લભ-વિદ્યાનગર આદિ ક્ષેત્રોએ પોતાની શાખાઓ ખોલીને શિક્ષણક્ષેત્રે મહાન સેવા આપી છે, સમાજને માટે આ ગૌરવભરી ઘટના ગણાય.

આ સંસ્થાના એકાવનમા વરસના મંગળ પ્રવેશ પ્રસંગે વિદ્યાલયે પોતાનો સુવર્ણ–મહોત્સવ ઉજવવાનો નિર્ણય કર્યો છે.

સામાન્ય રીતે કોઈ સંસ્થા પોતાનો સુવર્ણ–મહોત્સવ ઉજવે, એ સ્વાભાવિક છે. પરંતુ વિદ્યાલયે પોતાનો ઉત્સવ વધુ પ્રગતિ કરવાની દ્રષ્ટિએ યોજ્યો છે શિક્ષણક્ષેત્રે આજે થતી પ્રગતિમાં આપણો સમાજ પણ સમાનકક્ષાએ ઉભો રહે તે માટે પ્રગતિશીલ યોજના યોજવી એવો ઉચ્ચ આશય આ મહોત્સવ પાછળ રહ્યો છે અને એ માટે એકવીસ લાખ રૂપિયા એકત્ર કરવાનો સંસ્થાએ નિર્ણય કર્યો છે. આજના યુગની માગણીને પહોંચી વળવા માટે વિદ્યાલયે પોતાના સુવર્ણ-મહોત્સવ પ્રસંગે સમાજ પાસે જે માગણી મુકી છે તેને અમો પણ આવકારીએ છીએ અને સંસ્થાને સમૃદ્ધ અને શક્તિશાળી બનાવવા માટે શુભેચ્છકોએ આજ સુધી જે સહકાર આપ્યો છે, તેવો જ સહકાર ભવિષ્યમાં આપતા રહે તેમ આ તકે ઇચ્છીએ છીએ.

卐

**સુયોગ્ય અનુમોદના :—**

સામાન્ય સંયોગોમાં પણ જીવન જ્યારે શુદ્ધ સંસ્કારથી રંગાયું હોય છે, ત્યારે તે જીવન કેવું ધન્ય બને છે તેનો બોધપાઠ આપતું સ્વ. માવજી દામજી શાહનું જીવન આપણને એક નવી પ્રેરણા આપી જાય છે.

ખાસ કરીને એક આદર્શ ધાર્મિક શિક્ષક તરીકેનું તેમનું જીવન આપણે સમજવા જેવું છે. આજે સામાન્ય રીતે એમ કહેવાય છે કે ધાર્મિક શિક્ષણનો પ્રચાર કરવાની અને જનતામાં તે માટે રસ વધારવાની જરૂર છે, પણ એ માટે જોઇએ તેવા ધાર્મિક શિક્ષકો આપણને મળતા નથી, ધાર્મિક શિક્ષક તરીકે સ્વ. માવજીભાઈએ ૪૩ વરસ સુધી જે રસમય પ્રવૃત્તિ કરી છે અને અનેક વિદ્યાર્થીઓનું જીવન ધાર્મિક રંગે રંગ્યું છે તેનું અવલોકન કરીએ તો માવજીભાઈ ધાર્મિક શિક્ષકો સમક્ષ એક સુંદર આદર્શ મુકતા ગયા છે, તેમ કહી શકાય. ધર્મને જીવન સાથે તેઓશ્રીએ વણ્યું, જીવનનો સાચો અર્થ બરાબર સમજ્યા અને એક ધ્યેયનિષ્ઠ સાધક તરીકે તેઓ પોતાના જીવનને સફળ બનાવી ગયા અને એમના જીવનમાંથી પ્રેરણા લઈ એમના ઘણા શિષ્યો પણ પોતાના જીવનને સફળ બનાવવાના પંથે પ્રેરાયા, અને ધાર્મિક શિક્ષણના ક્ષેત્રે તે એક દીવાદાંડી રૂપ તેઓ બની ગયા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આમ એક સરળ શિક્ષકની સાથે સાથે તે ઊંડા ચિંતક પણ હતા, અને નાના મોટા ૭૬ ગ્રંથોની તેમણે રચના કરી પોતાનો સાહિત્યપ્રેમ વ્યક્ત કર્યો હતો, તેમાંની કેટલીક કૃતિઓ ખરેખર મનન કરવા જેવી છે.

એક શિક્ષણ અને સંસ્કાર પ્રેમી શ્રી માવજી દામજી શાહના ધાર્મિક જીવનની અનુમોદના નિમિત્તે લગભગ ૪૫ આગેવાન સંસ્થાઓ તરફથી એક જાહેર સભા મુંબઈમાં મેળવી, તેમને અંજલિ તા. ૧૮-૭-૬૫ના રોજ આપવામાં આવી હતી. આ સભામાં આગેવાન આચાર્યવર્યો અને શુભેચ્છકોએ સ્વ માવજીભાઈના શિક્ષણપ્રેમ અને સંસ્કારી જીવન માટે યોગ્ય શબ્દોમાં પ્રશંસા કરી હતી.

શિક્ષણ અને સંસ્કારનું અનુમોદન કરવાની ભાવનાથી આવી સભાઓ યોજવામાં આવે અને યોગ્ય વ્યક્તિને યોગ્ય અંજલિ આપવાની પોતાની ફરજ બજાવે એ આપણા સમાજ માટે અનુમોદનીય પગલું ગણાય.

સદ્‌ભાગ્યે માવજીભાઈના પુત્રરત્નો પણ ધાર્મિક સંસ્કારથી રંગાયા છે અને આપબળે પ્રગતિ સાધી આજે સારું ધન પણ કમાયા છે. એટલે સદ્‌ગતના જીવનને અનુરૂપ એવા ક્ષેત્રોમાં તેમનો પુત્ર-પરિવાર પણ સદ્‌ગતના પગલે પોતાનું કર્તવ્ય બજાવવામાં પાછી પાની નહીં કરે એમ ઈચ્છીએ છીએ, અને વધુમાં અમે ઈચ્છીએ છીએ કે સ્વ. માવજીભાઈના સાહિત્યનો એક ગુચ્છ તૈયાર કરી, તેનો પ્રચાર કરવામાં અને એવાં કાર્યોમાં યોગ્ય દ્રવ્ય વ્યય કરી પોતાની ફરજ અદા કરે.

卐

## વિદ્યાપીઠભવન-મુલુન્ડનો ઉદ્‌ઘાટન સમારંભ :—

સંસ્કૃતિની રક્ષા માટે તથા શ્રી જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ પુના (સંસ્થા)ના કાયમી નિભાવ અને સદ્ધરતા માટે રૂા. બે લાખના ખર્ચે તૈયાર થયેલ 'વિદ્યાપીઠ ભવન''નો ઉદ્‌ઘાટન સમારંભ પૂ. મુનિશ્રી જિતેન્દ્રવિજયજી મહારાજની શુભનિશ્રામાં ઉદાર શેઠશ્રી માણેકલાલ ચુનીલાલના શુભહસ્તે તા. ૬-૬-૧૯૬૫ રવિવારે થયો હતો.

આ પ્રસંગે ઉદ્‌ઘાટન કરતા શેઠશ્રીએ જણાવ્યું હતું, કે " 'વિદ્યાપીઠભવન' એ પોતાના કાર્યનો શુભારંભ શીઘ્ર શરૂ કરે તથા સંસ્કૃતિની રક્ષા માટે તેમજ સમાજની ઉન્નતિ માટે એ પોતાનો મહત્ત્વનો ફાળો નોંધાવે તેમ ઇચ્છું છું, તેમજ સંસ્થાના સંસ્થાપક પૂજ્ય મહારાજશ્રીને ખૂબ ભાવપૂર્વક વંદન કરી સંસ્થાના મુખ્યદાતા શ્રી હીમચંદભાઈને અભિનંદન પાઠવું છું."

---

## ભાડે આપવાનું છે

ભાવનગરમાં ખારગેટ-દાઉદજીની હવેલી પાસે સભાનું એક ચાર માળનું પૂરતાં હવા ઉજાસવાળું મકાન આવેલું છે આ મકાનનો ત્રીજો અને ચોથો માળ ભાડે આપવાનો છે. ભાડે રાખવા ઈચ્છનાર ભાઈઓએ નીચેના સ્થળે મળવું :—

**શ્રી જૈન આત્માનંદ સભા**
નાની બડુચરાજીવાળી શેરી, **ભાવનગર.**



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | જિનવાણી | | ૧૭૫ |
| ૨ | ક્ષમા | કાકા કાલેલકર | ૧૭૬ |
| ૩ | સાચી ક્ષમા | સ્વ. આ. વિજયકસ્તૂરસૂરિજી | ૧૭૭ |
| ૪ | પર્વાધિરાજ ! પધારો પધારો | રેવાશંકર વાલજી બધેકા | ૧૭૯ |
| ૫ | સંવત્સરી | ઉપેન્દ્રરાય જ. સાંડેસરા | ૧૮૦ |
| ૬ | સાંવત્સરિક મહાપર્વ | જિતેન્દ્ર જેટલી | ૧૮૫ |
| ૭ | સાથે બેસવું | મુનિકુમાર મ. ભટ્ટ | ૧૮૯ |
| ૮ | ક્ષમા-એ દિવ્યજ્ઞાનનો પ્રકાશ છે | ભાનુમતીબેન દલાલ | ૧૯૧ |
| ૯ | મૂર્છા પરિગ્રહ | મનસુખલાલ તા. મહેતા | ૧૯૩ |
| ૧૦ | ક્ષમાપના-પર્વ | ઝવેરભાઇ બી. શેઠ બી.એ. | ૧૯૬ |
| ૧૧ | અભયદાન | ડો. વલભદાસ નેણસીભાઈ | ૧૯૯ |
| ૧૨ | સંસ્કૃતિને જીવંત રાખવા સમન્વય જરૂરી છે. | ડૉ. જ્યોતિપ્રસાદ જૈન | ૨૦૧ |
| ૧૩ | બ્રહ્મવિહાર-જૈન અને જૈનેતર દૃષ્ટિએ. | પ્રો. જયંતિલાલ ભાઈશંકર દવે | ૨૦૫ |
| ૧૪ | પ્રસન્નતા | અભ્યાસી | ૨૦૯ |
| ૧૫ | જૈનમુનિઓ ગુજરાતીસાહિત્યના આદ્યસ્રષ્ટાઓ છે. | ડુંગરશી ધરમશી સંપટ | ૨૧૨ |
| ૧૬ | પર્વાધિરાજ પર્યુષણમાં | ડો. ભાઇલાલ એમ બાવીશી | ૨૧૫ |
| ૧૭ | વૈરાગ્ય | પન્નાલાલ રસિકલાલ શાહ | ૨૧૭ |


# વિજ્ઞપ્તિ

આ સભાના જ્ઞાનખાતામાં સારી એવી તૂટ છે. આ માટે દાન આપવા ઉદાર દાતાઓને વિનંતી કરવામાં આવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ATMANAND PRAKASH Regd. No. G. 49


# ક્રાઉન છાપ

## એલ્યુમિનિયમનાં વાસણો

**સામાન્યત :—**

ભારતમાં બનતાં એલ્યુમિનિયમનાં વાસણોમાં તે સર્વશ્રેષ્ઠ છે. દેખાવમાં મનોહર, સફાઈની દૃષ્ટિએ સરળ અને વપરાશમાં ઓછા ખરચાળ છે. એ ઘણાં જ મજબૂત અને ટકાઉ છે. છેલ્લી અડધી સદીથી લાખો લોકો વાપરીરહ્યા છે.

**વિશેષતા ;—**

તે ઉમદા બનાવટના વિશુદ્ધ એલ્યુમિનિયમમાંથી બને છે. અને આરોગ્ય માટે બિનજોખમી છે.

**તદુપરાંત :—**

તે સસ્તાં છે. સુપ્રાપ્ય છે.

★ નિશાળે જતા વિદ્યાર્થી માટે દફતર–પેટી અને હવાઈ મુસાફરી માટે એલ્યુમિનિયમની સુટકેસો વ્યાજબી ભાવે મળી શકે છે.

★ ઝાંખી ન પડે તેવી સુંદર અને વિવિધ રંગી–એનોડાઈઝડ એલ્યુમિનિયમની અનેક પ્રકારની વસ્તુઓ સર્વત્ર મળી શકે છે.

# જીવણલાલ (૧૯૨૯) લિમિટેડ

(ક્રાઉન છાપનાં એલ્યુમિનિયમનાં વાસણો બનાવનાર)

ક્રાઉન એલ્યુમિનિયમ હાઉસ, ૩૨ બ્રેબોર્ન રોડ, કલકત્તા–૧

મુંબઈ * મદ્રાસ * રાજમહેન્દ્રી * દિલ્હી * એડન


પ્રકાશક : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી જૈન આત્માનંદ સભાવતી

મુદ્રણ સ્થાન: આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, સ્ટેશન રોડ,–ભાવનગર.

For Private And Personal Use Only